RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 26-06-2026 I VOL : 12 I Issue : 101 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


સુવિચાર

ઈર્ષ્યા સુખનો સૌથી મોટો શત્રુ છે. આજનો દિવસ શ્રેષ્ઠ બનાવો.


3 
'જ્યાં બુલડોઝર ચાલ્યા તે મનપાની નહીં, પારસી સમાજની પ્રોપર્ટી' : કોંગ્રેસ નેતાની મ્યુ. કમિશનરને...


4 
અમેરિકા-ઈરાન શાંતિ કરારથી ભારતને સૌથી મોટો હાશકારો

6 
મોટા કલાકારો પાસેથી ઘણું શીખવા મળ્યું: દિશા

7 
વુમન્સ T20 વર્લ્ડકપ- ઇંગ્લેન્ડ સેમિફાઇનલમાં પહોંચનારી પહેલી ટીમ


## એક નજર...

### અવનીત કૌરે અમેરિકામાં બતાવ્યો કિલર લુક, વધી ગયા ફેન્સના ધબકારા



અભિનેત્રી તેની અદભૂત પોસ્ટ્સ દ્વારા તેના ચાહકોનું મનોરંજન કરતી રહે છે. હાલમાં જ અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર હોટ તસવીરો શેર કરી છે,જેને જોઈને ફેન્સના હોશ ઉડી રહ્યા છે. અવનીત કૌરે તેની અમેરિકા ટ્રીપની તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં તે પિંક આઉટફીટ પહેરેલી જોવા મળી રહી છે.

## NEWS TRACK

### અમેરિકાની સંસદમાં ગૂંજ્યું UPI: પેમેન્ટ સિસ્ટમમાં સુધારો કરવા સાંસદોએ આપ્યું ભારતનું ઉદાહરણ

અમેરિકાના વોશિંગ્ટનમાં દેશની ભાવિ પેમેન્ટ સિસ્ટમના આધુનિકીકરણને લઈને ચાલી રહેલી એક ઉચ્ચ સ્તરીય ચર્ચામાં ભારતની ડિજિટલ ક્રાંતિના વખાણ કરવામાં આવ્યા છે. અમેરિકી કાયદાનિષ્ણાંતો અને સાંસદોએ ભારતના યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)નું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, કઈ રીતે એક આધુનિક પબ્લિક પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખાનગી ક્ષેત્રમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપી શકે છે. આ દરમિયાન ફિનટેક કંપનીઓએ અમેરિકી કોંગ્રેસને પેમેન્ટ નેટવર્ક પરના નિયમોમાં તાત્કાલિક સુધારો કરવા વિનંતી કરી છે. અમેરિકાના પરંપરાગત બેન્કિંગ મોડલ સામે ભારતનું ઉદાહર હાઉસ ફાઈનાન્સિયલ સર્વિસીસ કમિટીની સબકમિટી ઓન ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન્સની બેઠકમાં આ મહત્વપૂર્ણ ચર્ચા થઈ હતી. આ સુનાવણી દરમિયાન સાંસદોએ તપાસ કરી હતી કે શું અમેરિકાએ તેના નિયમનકારી માળખાને આધુનિક બનાવવું જોઈએ.

### POKમાં હજારોની ભીડ રસ્તા પર: બળવામાં મહિલાઓએ મોરચો સંભાળતા પાકિસ્તાનની આર્મી સ્તબ્ધ

પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર (POJK)માં પાક. સરકારની નીતિઓના વિરોધમાં સતત 17માં દિવસે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. હજારો લોકો રસ્તા પર આવીને દેખાવો કરી રહ્યા છે. હવે સ્થિતિ એવી છે કે, દેખાવકારોમાં મહિલાઓ સૌથી અગ્રેસરની ભૂમિકા નિભાવી રહી છે. રાવલકોટના ઈદગાહ મેદાનમાં હજારોની સંખ્યામાં દેખાવકારો એકઠા થયા છે. રિપોર્ટ મુજબ, અહીં લગભગ 50,000થી વધુ લોકો સરકારનો વિરોધ કરી રહ્યા છે. પાકિસ્તાન સરકાર દ્વારા પ્રતિબંધો અને કડક સુરક્ષા વ્યવસ્થા છતાં અવામી એક્શન કમિટીના નેતૃત્વમાં ભારે વિરોધનું વંટોળ ઉભું થયું છે. દેખાવકારો આર્થિક તંગી, સત્તા સંબંધી પડકારો, મોંઘવારી અને ઘણા સમયથી રાજકીય ઉપેક્ષા જેવા મુદ્દાઓને લઈને સરકારને ઘેરી રહ્યા છે. આંદોલનમાં મહિલાઓ અને સોશિયલ મીડિયા પર અવાજ ઉઠાવનારાઓ પણ સામેલ થયા છે. પ્રદર્શનમાં મહિલા એક્ટિવિસ્ટ અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મુખ્ય અવાજ બનીને ઉભરી આવ્યા છે.

### 1700 કિ.મી. દૂર બ્રાઝિલ સુધી ધરતી ધ્રુજી

# વેનેઝુએલામાં ભૂકંપના 2 મોટા આંચકા, 150થી વધુના મોત...

કારાકાસ

વેનેઝુએલામાં 39 સેકન્ડમાં બે શક્તિશાળી ભૂકંપથી તબાહી મચી ગઈ છે. દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલામાં બુધવારે સાંજે 6.04 વાગ્યે 7.2 અને 6.05 વાગ્યે 7.5 તીવ્રતાના બે આંચકા આવ્યા. તે સમયે ભારતમાં ગુરુવારે વહેલી સવારે 3.34 અને 3.35 વાગ્યા હતા. લોકોએ જણાવ્યું કે ભૂકંપ પછી 60 સેકન્ડ સુધી શહેર ધ્રૂજતું રહ્યું. 20 આફ્ટરશોક પણ નોંધાયા છે. ન્યૂઝ એજન્સી AP અનુસાર, અત્યાર સુધીમાં 164 મૃત્યુની પુષ્ટિ થઈ છે, જ્યારે 971 ઘાયલ છે. આ ભૂકંપ એવા દિવસે આવ્યા, જ્યારે આખા દેશમાં રાષ્ટ્રીય રજા હતી. 1821માં સ્પેન વિરુદ્ધ આઝાદીની લડાઈની ઐતિહાસિક જીતની વર્ષગાંઠ પર શાળાઓ અને ઓફિસો બંધ હતી. આ જ કારણે મોટાભાગના લોકો પોતાના ઘરોમાં હાજર હતા.અમેરિકી જિયોલોજિકલ સર્વે અનુસાર,



ભૂકંપથી 10 હજારથી વધુ લોકોના મોત થવાની 44% શક્યતા છે. જ્યારે, એક લાખ લોકોના જીવ ગુમાવવાની 30% શક્યતા પણ છે. બંને ભૂકંપ રાજધાની કરાકસથી લગભગ 290 કિલોમીટર પશ્ચિમમાં આવ્યા. કરાકસ સહિત ઘણા શહેરોમાં ઈમારતોને નુકસાન થયું છે. કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી. જોકે, હજુ સુધી સરકારે કોઈ મૃત્યુના સત્તાવાર આંકડા જાહેર કર્યા નથી. સ્થાનિક મીડિયા અનુસાર કારાકાસ એરપોર્ટની છતનો અમુક ભાગ તૂટી પડ્યો.

## મા વિંધ્યવાસિની ધામના ચઢાવા પર વિવાદ; દાગીનાના હિસાબ અંગે ઉઠ્યા સવાલો

અયોધ્યા

અયોધ્યાના રામ મંદિરમાં ચઢાવાની ચોરીથી જોડાયેલા મામલાની તપાસ હજુ પૂરી પણ નથી થઈ, ત્યાં ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં સ્થિત દેશના પ્રમુખ શક્તિપીઠોમાં સામેલ વિશ્વ પ્રસિદ્ધ મા વિંધ્યવાસિની ધામમાં દાનમાં મળતા સોના-ચાંદીના આભૂષણોના રેકોર્ડને લઈને ગંભીર સવાલો ઉભા થવા લાગ્યા છે. આ આક્ષેપો કોઈ બાહ્ય વ્યક્તિએ નહીં, પરંતુ વર્ષો સુધી મંદિરની વ્યવસ્થા સાથે જોડાયેલા રહેલા 'શ્રી વિંધ્ય પંડા સમાજ'ના પૂર્વ પદાધિકારીએ કર્યા છે. તેમનો દાવો છે કે દાન પાત્રોમાંથી નીકળતા કિંમતી દાગીનાની ન તો કોઈ નિયમિત તપાસ થાય છે અને ન તો તેનું વિગતવાર વિવરણ સાર્વજનિક કરવામાં આવે છે. શ્રી વિંધ્ય પંડા સમાજના પૂર્વ પ્રમુખ રાજન પાઠકના જણાવ્યા અનુસાર, મા વિંધ્યવાસિની મંદિર પરિસર, કાલીખોહ અને અષ્ટભુજા મંદિરમાં મળીને કુલ 22 દાન પાત્રો રાખવામાં આવ્યા છે, જેને દર 3 થી 4 મહિનાના અંતરે વહીવટી દેખરેખ હેઠળ ખોલવામાં આવે છે. રાજન પાઠકનો ગંભીર આરોપ છે કે આ દાન પાત્રોમાંથી નીકળતા સોના-ચાંદીના દાગીનાનો કોઈ ચોક્કસ રેકોર્ડ તૈયાર થતો નથી.

### વિદેશ મંત્રાલયે મોટો ખુલાસો કર્યો

# પાસપોર્ટ પ્રવાસ દસ્તાવેજ, નાગરિકતાનો પુરાવો નથી

નવી દિલ્હી

વિદેશ મંત્રાલયે બુધવારે જણાવ્યું કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી, તે માત્ર એક યાત્રા દસ્તાવેજ છે. 14મા પાસપોર્ટ સેવા દિવસ નિમિત્તે સરકારે કહ્યું કે પાસપોર્ટ ફક્ત આંતરરાષ્ટ્રીય યાત્રાની સુવિધા માટે જાહેર કરવામાં આવે છે. આ પહેલા SIR સંબંધિત સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે કે આધાર કાર્ડ ઓળખનો દસ્તાવેજ છે, નાગરિકતાનો નહીં. સોશિયલ મીડિયા પર કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેત અને વરિષ્ઠ વકીલ તથા રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે કહ્યું કે પાસપોર્ટ એક યાત્રા દસ્તાવેજ છે, નાગરિકતાનો દસ્તાવેજ નથી.' તો પછી કયો દસ્તાવેજ નાગરિકતાનો પુરાવો છે. તો બીજી તરફ, ગીતકાર અને સ્ક્રિપ્ટ રાઈટર જાવેદ અખ્તરે પૂછ્યું કે જ્યારે પાસપોર્ટને નાગરિકતાનો 100% એકમાત્ર અને અંતિમ પુરાવો માનવામાં આવતો નથી, તો આવો કાયદો શા માટે લાવવામાં આવી રહ્યો છે. પાસપોર્ટ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલું એક



આંતરરાષ્ટ્રીય ઓળખપત્ર છે, જેનો મુખ્ય ઉપયોગ ભારતની બહાર કોઈપણ દેશમાં મુસાફરી કરવા માટે થાય છે. વિદેશ જવા માટે જરૂરી 'વિઝા' તેના પર લાગે છે અને બીજા દેશમાં રહેવા દરમિયાન આ જ તમારી ઓળખ, નામ અને સરનામાનો સૌથી મોટો સરકારી પુરાવો બને છે. સરળ શબ્દોમાં કહીએ તો, વિદેશમાં કાયદેસર રીતે પ્રવેશ કરવા અને ત્યાં કોઈપણ મુશ્કેલીમાં ફસાવા પર ભારત સરકાર પાસેથી મદદ મેળવવા માટે પાસપોર્ટ જ સૌથી જરૂરી દસ્તાવેજ છે.

# કરજણ બન્યું 'બિહાર': ધારાસભ્ય અક્ષય પટેલ અને ચાંડાલ ચોકડીની અબજોની સમાંતર સરકાર!


## નર્મદાની છાતી ચીરીને રેતી-માટીનું મહાકૌભાંડ, 'પાક્કો ગુજરાત'ના એડિટર પવન માકનનો ગાંધીનગર સુધી ધડાકો!









કરજણ નગરપાલિકાનો સભ્ય ઘુઘો ભરવાડ



કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ

ગાંધીનગર / બરોડા / કરજણ

ગુજરાત મોડેલના કાયદા અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતો એક એવો ગંભીર મામલો સામે આવ્યો છે, જેને સાંભળીને સત્તાના ગલિયારાઓ ધ્રૂજી ઉઠશે. બરોડા જિલ્લાના કરજણ તાલુકાનું પિંગરવાડા ગામ આજે ગેરકાયદેસર ખનન માફિયાઓનો અડ્ડો બની ગયું છે. ચોંકાવનારી અને શરમજનક બાબત એ છે કે, જનતાના રક્ષક ગણાતા કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ અને કરજણ નગરપાલિકાના સભ્ય ઘુઘા ભરવાડ ઉર્ફે ગોકુલ ભરવાડના મેળાપીપણામાં નર્મદા નદીના પટમાં અબજો રૂપિયાનું ગેરકાયદેસર રેતી અને માટી ખનનનું કૌભાંડ ચાલી રહ્યું છે.

મુખ્યમંત્રીના સીધા તાબા હેઠળ આવતા ખાણ-ખનિજ વિભાગના નાકની નીચે ચાલતા આ કરોડોના ભ્રષ્ટાચાર વિરુદ્ધ 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના ગ્રુપ એડિટર પવન માકને પોતે કમર કસી છે. એડિટર પવન માકને આજે ગાંધીનગર ખાતે ખાણ-ખનિજ વિભાગના કમિશનર ધવલ પટેલ અને ફ્લાઈંગ સ્ક્વોડ સમક્ષ રૂબરૂ હાજર થઈને પુરાવા સાથે આખી લેખિત ફરિયાદ સોંપી દીધી છે. જોકે, આ ભ્રષ્ટાચારના છેડા કેટલા ઊંડા છે તેનો અંદાજો એ વાત પરથી લગાવી શકાય કે, ગાંધીનગરમાં આ કૌભાંડની ભનક લાગતા જ ગાંધીનગર ખાણ-ખનિજ વિભાગના અધિકારી ચાવડા સાહેબ કોઈને કહ્યા વગર 'બરોડાના કામથી' કહીને ઓફિસ છોડીને રવાના થઈ ગયા હતા! અધિકારીઓની આ ભાગદોડ જ સાબિત કરે છે કે દાળમાં કંઈક કાળું નથી, આખી દાળ જ કાળી છે!

### ED, ACB અને PMO સુધી પહોંચી ફરિયાદ: બરોડા કલેક્ટર પણ રડારમાં!

આ માત્ર સામાન્ય રેતી ચોરી નથી, પણ રાજ્યની તિજોરીને કરોડો રૂપિયાનો ચૂનો લગાવતું સંગઠિત આર્થિક કૌભાંડ છે. 'પાક્કો ગુજરાત'ની ધારદાર રજૂઆત બાદ હવે આ મામલો માત્ર ખાણ-ખનિજ વિભાગ પૂરતો સીમિત નથી રહ્યો. આ મહાકૌભાંડ અંગે:

1. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) માં સત્તાવાર લેખિત ફરિયાદ દાખલ કરાઈ છે.

2. દેશના વડાપ્રધાનની કચેરી (PMO Office) ખાતે પણ તપાસ કરવા માટેની સત્તાવાર રજૂઆત મોકલી દેવાઈ છે.

3. બરોડા કલેક્ટર સમક્ષ પણ રૂબરૂ રજૂઆત કરીને પિંગરવાડામાં તાત્કાલિક માપણી કરવા અને કરોડોની રોયલ્ટી ચોરી પકડવા માંગ કરાઈ છે.

આ કૌભાંડમાં 'ભાપજી ટ્રાન્સપોર્ટ' અને 'રાધે ક્રિષ્ના ટ્રાન્સપોર્ટ' નામના વાહનોનો ઉપયોગ કરીને રોયલ્ટી ચોરીનું આખું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે, જેની ઊંડી તપાસની માંગણી આવેદન પત્રમાં કરવામાં આવી છે.

### કરજણના ધારાસભ્યની અબજોની મિલકતો અને ઘુઘો ભરવાડ બન્યો 'ડોન'!

કરજણની જનતા આજે ત્રાસી ગઈ છે. આક્ષેપ છે કે, ગેરકાયદેસર ખનનના કરોડો રૂપિયા ખાઈ-ખાઈને કરજણના ધારાસભ્ય અક્ષય પટેલે અબજો રૂપિયાની બેનામી મિલકતો ખડકી દીધી છે. બીજી તરફ, તેમનો ખાસ સાગરીત ઘુઘો ભરવાડ કરજણનો કથિત 'ડોન' બનીને ફરી રહ્યો છે. પિંગરવાડા કે કરજણમાં જો કોઈ આ ગેરકાયદેસર ખનન સામે અવાજ ઉઠાવે, તો આ ગુંડા તત્વો દ્વારા તેને બેરહેમીથી માર મારવામાં આવે છે. આશ્ચર્યની વાત એ છે કે, આ ગુંડાઓના ડર અને રાજકીય દબાણના કારણે લોકલ પોલીસ પણ ભોગ બનનારની ફરિયાદ નોંધતી નથી!

### અધિકારીઓ એસી કેબિનમાં બંધ, ફોન ઉપાડવાના પણ ફાંફા!

સરકારી તંત્ર કઈ હદે આ ભ્રષ્ટાચારના આંધળા પૈસાના જોરે આંધળું બન્યું છે તેનું જીવતું જાગતું ઉદાહરણ એ છે કે, કરજણના મામલતદાર અને કરજણ તાલુકાના એસડીએમ (SDM) શિવમ બારીયાના કાન સુધી જૂ પણ સરકતી નથી. સામાન્ય જનતા કે મીડિયા જ્યારે આ કૌભાંડ અંગે સવાલ પૂછવા ફોન કરે છે, ત્યારે એસડીએમ શિવમ બારીયા ફોન ઉપાડવાની પણ તસ્દી લેતા નથી. પૈસાના જોરે આ આખી સરકારી મશીનરીને બ્લાઈન્ડ સ્પોટ આવી ગયો છે.

### આ 'ચાંડાલ ચોકડી'ની ગુંડાગીરી: દારૂ, જુગાર અને પંચાયતમાં 1% કમિશન!

અક્ષય પટેલ, ઘુઘો ભરવાડ ઉર્ફે ગોકુલ ભરવાડ, ઋષિ પટેલ અને પાર્થ શાહ... આ ચાર નામોની 'ચાંડાલ ચોકડી' એ આખા કરજણ તાલુકાને બાનમાં લીધું છે. કરજણમાં માત્ર રેતી-માટીની ચોરી જ નથી થતી, પણ દારૂના અડ્ડા, જુગારધામો બેરોકટોક ચાલે છે. પીડબલ્યુડી (PWD) અને તાલુકા પંચાયતના નાનામાં નાના કામોમાં પણ આ ચોકડી દ્વારા '૧% ફિક્સ કમિશન' ઉઘરાવવામાં આવે છે. હદ તો ત્યાં થઈ ગઈ છે કે ગામના અબોલા પશુઓના ચરિયાણ માટેની સરકારી 'ગોચરની જમીનો' ને પણ આ માફિયાઓએ છોડી નથી, ત્યાં પણ આખી રાત જેસીબી ફેરવીને માટી ખોદી નાખવામાં આવી છે. સરકારી નિયમ મુજબ સાંજે ૬ વાગ્યા પછી કોઈ પણ પ્રકારના ખોદકામની મંજૂરી હોતી નથી, છતાં આ માફિયાઓ આખી રાત હિટાચી અને બાજ મશીનો લાવીને નર્મદાના પટને ખોદી રહ્યા છે. હાલમાં રેતીનો અંદાજે ૫૦ લાખ ટન ગેરકાયદેસર સ્ટોક ખડકી દેવાયો છે.

### નર્મદાનદીમરણપથારીએ: હાઇકોર્ટમાં જશે 'પાક્કો ગુજરાત'

બાજ મશીન (મોટા સક્શન મશીનો) વડે નદીના પેટાળમાંથી રેતી ખેંચવાની પરમિશન આ બરોડા ખાણ-ખનિજ વિભાગે કયા નિયમ હેઠળ આપી? તેના કારણે આજે જીવાદોરી સમાન મા નર્મદા નદીનું જળસ્તર ચિંતાજનક રીતે નીચું જઈ રહ્યું છે. પર્યાવરણનું નિકંદન નીકળી ગયું છે. જિલ્લાની પોલીસ અને સ્થાનિક ટ્રાફિક પોલીસ પણ હપ્તાખોરીના ખેલમાં સામેલ હોવાના સીધા આક્ષેપો છે.

### 'પાક્કો ગુજરાત'નું સરકારને ખુલ્લું અલ્ટીમેટમ:

જો આ અબજો રૂપિયાના ખેલ પર ગાંધીનગરમાં બેઠેલી સરકાર ત્વરિત અને કડક પગલાં નહીં ભરે, ધારાસભ્ય અને અધિકારીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી નહીં કરે, તો 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ સમગ્ર મામલાને ગુજરાત હાઈકોર્ટમાં લઈ જશે. હાઈકોર્ટમાં જનહિતની અરજી (PIL) કરીને આ આખા કૌભાંડની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરવાની માંગ કરવામાં આવશે. રાજ્યની તિજોરીને લૂંટનારા ગમે તેટલા શક્તિશાળી કેમ ન હોય, તેમને ખુલ્લા પાડીને જ જંપશે 'પાક્કો ગુજરાત'!


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## ક્રૂડ તેલના ભાવ તળિયે, તોય જનતા કેમ પીસાય છે? આંતરરાષ્ટ્રીય બજારમાં કડાકો, પણ ભારતમાં પેટ્રોલ-ડીઝલના નામે લૂંટ કેમ ચાલુ?

અમદાવાદ

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ (કાચું તેલ) ના ભાવ સાતમા આસમાનેથી ગબડીને તળિયે આવી ગયા છે. વૈશ્વિક સ્તરે બેરલ દીઠ કિંમતોમાં મોટો ઘટાડો નોંધાયો છે. આખી દુનિયામાં તેલ સસ્તું થઈ રહ્યું છે, પણ હિન્દુસ્તાનની આમ જનતા આજે પણ એ જ સવાલ પૂછી રહી છે કે, 'ભલા માણસ, જો દુનિયામાં તેલ સસ્તું થાય છે, તો અમારા ખિસ્સા કેમ હજી પણ કંગાલ થઈ રહ્યા છે?' ગ્રાહકોને આ આંતરરાષ્ટ્રીય મંદીનો ફાયદો કેમ નથી મળી રહ્યો? સામાન્ય માણસના ખિસ્સા પર આ આર્થિક બોજ કોણ અને શા માટે થોપી રહ્યું છે? જુઓ આ અહેવાલમાં સરકારી તંત્ર અને તેલ કંપનીઓની અસલી રમત.

જ્યારે પણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં એક પણ ડોલરનો વધારો થાય, ત્યારે ભારતમાં તેલ કંપનીઓ રાતોરાત પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારીને જનતાની કમર તોડી નાખે છે. પરંતુ, જ્યારે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ધડામ દઈને નીચે ખાબકે છે, ત્યારે આ જ તેલ કંપનીઓ અને સરકાર મૌન ધારણ કરી લે છે. વૈશ્વિક બજારમાં ફાયદો થવા છતાં ગ્રાહકો સુધી એ રાહત કેમ નથી પહોંચતી? તેની પાછળ ત્રણ મુખ્ય કડવા સત્યો છુપાયેલા છે. ક્રૂડ ઓઈલ ગમે તેટલું સસ્તું થાય, પણ કેન્દ્ર સરકારની એક્સાઈઝ ડ્યુટી અને રાજ્ય સરકારોનો વેટ (VAT) પેટ્રોલ-ડીઝલના મૂળ ભાવને ક્યારેય નીચે આવવા દેતા નથી. કાચા તેલની કિંમત કરતા તેના પર લાગતો ટેક્સ બમણો હોય છે.

## પાસપોર્ટ છે, પણ નાગરિકતા નથી? કાયદાની એવી માયાજાળ જે ભલભલાનું મગજ ચકરાવે ચડાવશે!

અમદાવાદ

તમારા ખિસ્સામાં રહેલો ચમકતો વાદળી પાસપોર્ટ તમને એમ સમજાવે છે કે તમે ભારતના પાકા નાગરિક છો? તો થોભી જાવ... કેન્દ્ર સરકારના નિયમો મુજબ પાસપોર્ટ એ માત્ર વિદેશ ફરવા માટેનું ટ્રાવેલ ડોક્યુમેન્ટ છે, નાગરિકતાનો સિક્કો નથી! આ વાત સાંભળીને ભલભલાના હોશ ઊડી ગયા છે. તો ચાલો આજે પાક્કો ગુજરાતના માધ્યમથી કાયદાના એવા રહસ્યો ખોલીએ જે સામાન્ય માણસને ક્યારેય ખબર હોતી નથી.

ભારત સિવાય ક્યા દેશના નાગરિકને ભારત સરકાર પાસપોર્ટ આપે?

તમને જાણીને આંચકો લાગશે, પણ ભારત સરકાર માત્ર ભારતીયોને જ નહીં, પણ અમુક ખાસ સંજોગોમાં વિદેશી નાગરિકોને પણ પાસપોર્ટ કે ટ્રાવેલ ડોક્યુમેન્ટ ઈસ્યુ કરે છે!

તિબેટના શરણાર્થીઓ: ભારતમાં રહેતા હજારો તિબેટીયન શરણાર્થીઓ જેઓ ટેકનિકલી ભારતના નાગરિક નથી, તેમને ભારત સરકાર વિદેશ પ્રવાસ માટે આઈસી (Identity Certificate) એટલે કે એક પ્રકારનો સ્પેશિયલ પાસપોર્ટ આપે છે.

એવા લોકો જેમની પાસે કોઈ દેશની નાગરિકતા નથી, તેમને પણ માનવતાના ધોરણે ભારત સરકાર પ્રવાસ માટે દસ્તાવેજ આપી શકે છે.

ભારતીય વ્યક્તિ અસલી પાસપોર્ટ સાથે અમેરિકામાં પકડાય, તો શું તે ભારતીય નાગરિક ન ગણાય?

કાનૂની ટ્વિસ્ટ સમજો! જો કોઈ વ્યક્તિ અસલી ભારતીય પાસપોર્ટ સાથે અમેરિકામાં પકડાય, તો અમેરિકા પ્રથમ દ્રષ્ટિએ તેને ભારતીય જ માનશે. પરંતુ, જો ભારત સરકાર તપાસ કરે અને ખબર પડે કે આ વ્યક્તિએ ખોટા દસ્તાવેજો આપીને પાસપોર્ટ કઢાવ્યો હતો, અથવા કેનેડા કે બીજા કોઈ દેશની નાગરિકતા છૂપી રીતે લઈ લીધી છે (કારણ કે ભારતમાં બેવડી નાગરિકતા માન્ય નથી), તો ભારત સરકાર કહી શકે કે પાસપોર્ટ ભલે અસલી રહ્યો, પણ આ માણસ ભારતનો નાગરિક નથી! પાસપોર્ટ માત્ર એક સરકારી દસ્તાવેજ છે, જે સરકાર ધારે ત્યારે રદ કરી શકે છે.

## સુરત જિલ્લાના ખેડૂતોની જમીન માંથી પસાર થતી હાઈટેન્શન વીજ લાઈનો સામે ખેડૂતો ના વિરોધ સાથે ઓલપાડમાં રેલી

ઓલપાડ

ગુજરાતના વિવિધ જિલ્લાના ખેડૂતોની ફળદ્રુપ જમીનોમાંથી પસાર થતી હાઈટેન્શન વીજ ટ્રાન્સમિશન ટાવર લાઈ નના વિરોધમાં ખેડૂતોએ સરકાર સામે બાંય ચઢાવી લડતનું રણશિંગુ ફૂંક્યું છે.જેના ભાગરૂપે ગુરૂવારે ગુજરાત ખેડૂત સમાજના નેજા હેઠળ ઓલપાડ ટાઉનમાં એકત્ર થયેલા ખેડૂતોએ વિશાળ સંખ્યામાં ઉગ્ર વિરોધ અને સરકાર વિરોધી બેનર,સુત્રોચ્ચાર સાથે રેલી કાઢી દેશના પ્રધાનમંત્રીને સંબોધી ઓલપાડ મામલતદારને વિવિધ રજુઆત અને માંગણીઓ સાથે આવેદનપત્ર આપ્યું હતું. ગુરૂવાર,તા.૨૫ ના રોજ ઓલપાડ, કામરેજ,માંગરોળ, માંડવી,બારડોલી, પલસાણા,મહુવા તાલુકાના અસર ગ્રસ્ત ખેડૂતોએ આવેદનપત્ર આપી સરકારની ખેડૂત વિરોધી નિતી સામે બળાપો કાઢ્યો છે. આ રેલી દરમ્યાન ગુજરાત ખેડૂત સમાજ સંઘર્ષ સમિતિ અને ગુ.પ્ર.કોંગ્રેસ ખેડૂત મોરચાનાં પ્રમુખ જયેશ પટેલ (પાલ) તથા ગુ.પ્ર. કોંગ્રેસ મહામંત્રી અને ખેડૂત અગ્રણી દર્શન નાયક તેમજ દ.ગુ.ખેડૂત સમાજ નાં પ્રમુખ રમેશ પટેલ(ઓરમા) એ કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂત વિરોધી અનેક નિતી ઓ સામે બળાપો કાઢ્યો હતો. તેઓએ ખેડૂતો વતી આવેદનપત્ર થકી જણાવ્યું હતું કે,હાલમાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની કિંમતી અને ફળદ્રુપ જમીનમાંથી ૪૪૦, ૫૦૦,૭૬૫ તેમજ ૮૦૦ કે.વી.ના મહાકાય વીજ ટાવરો સાથેની વીજ લાઈન ખેડૂતોના ખેતર માંથી પસાર કરી રહી છે.ખેડૂતોના ખેતરમાં તેઓની

પરમિશન વિના આ વીજ ટાવરો ઉભા કરવા સરકારી વહીવટીતંત્ર અને પોલીસ તંત્રની મિલીભગતથી પ્રભાવિત ખેડૂતો ઉપર દબાણ કરી ખેડૂતોના અવાજને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.આ પરિસ્થિતિને કારણે સમગ્ર દક્ષિણ ગુજરાતના ખેડૂતોમાં ભારે અસંતોષ અને આક્રોશ વ્યાપ્યો છે.

## જામજોધપુરમાં યુવાનનું અપહરણ કરી મારામારી, જાનથી મારી નાખવાની ધમકી અપાઇ

જામનગર

જામજોધપુર પોલીસ મથકે અપહરણ, મારામારી, ધમકી અને હથિયારબંધી જાહેરનામાના ભંગ અંગે ત્રણ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ વાલોત્રા ગામના રહેવાસી અને ફર્નિચર કામ કરતા કિરીટભાઈ પ્રવીણભાઈ કોરીયા (ઉ.વ. 29) તા. 18 જૂનના રોજ સવારે આશરે 9.30 વાગ્યે જામજોધપુર માર્કેટિંગ યાર્ડ ખાતે હિતેશભાઈ લાડાણીની દુકાને કામ કરતા હતા ત્યારે આરોપીઓ સફેદ રંગની જીજે-05-જેએન-2750 નંબરની અર્ટિગા કારમાં આવી પહોંચ્યા હતા. આ આરોપીઓ ગોપાલભાઈ ઉર્ફે જતીન શુભારામભાઈ નીમાવત, અજયભાઈ સરજુદાસ નીમાવત અને જનકભાઈ સરજુદાસ નીમાવત (ત્રણે રહે. વાલોત્રા ગામ, તા. રાણાવાવ, જી. પોરબંદર)એ કિરીટભાઈને જબરદસ્તી કારમાં બેસાડી અપહરણ કરી બાલવા ગામ તરફ જતા રોડ પર લઈ ગયા હતા. ત્યાં ત્રણેય આરોપીઓએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી ગાળો આપી હતી, તેમજ ફરિયાદી અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં આરોપી ગોપાલભાઈ ઉર્ફે જતીન નીમાવતે કારમાંથી લાકડી કાઢી ફરિયાદીના બંને પગના ભાગે મુઢ માર માર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# જેતપુરમાં 'ગેરકાયદે બાંધકામ કૌભાંડ': નગરપાલિકા તંત્ર અને સત્તાધીશોની છત્રછાયામાં ભ્રષ્ટાચારની ગંગા વહી..!

- હેણાંક વિસ્તારોમાં રાતોરાત ખડકાતા કોમર્શિયલ કોમ્પ્લેક્ષ: બિનખેતી (NA), માર્જિન અને સત્તાપ્રકારના કાયદાઓ માત્ર કાગળ પર!
- લાખો રૂપિયાના 'અંડર ટેબલ વહીવટ' તળે પાલિકાના બાબુઓ અને નેતાઓએ આંખે પાટા બાંધ્યા, જેતપુર શહેર સિમેન્ટ-કોંક્રિટના ગોરખધંધાનું એપીસેન્ટર બન્યું

જેતપુર

ડાઈંગ અને પ્રિન્ટિંગ ઉદ્યોગ માટે જાણીતા જેતપુર શહેરમાં હવે ગેરકાયદેસર બાંધકામનો 'ઉદ્યોગ' બેફામ બન્યો છે. જેતપુર નગરપાલિકા વિસ્તારમાં નિયમો અને કાયદાઓને ખુલ્લેઆમ કચડીને, કોઈપણ જાતની મંજૂરી વિના જ મોટાપાયે બાંધકામોનો રાફડો ફાટ્યો છે.

સામાન્ય નાગરિકોમાં ઉગ્ર રોષ છે કે, તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને ચૂંટાયેલા સત્તાધીશોની સીધી મિલીભગત અને આશીર્વાદ વિના આટલા મોટા પાયે ગોબાચારી શક્ય જ નથી. આ ભ્રષ્ટાચારની દુર્ગંધ છેક ગાંધીનગર સુધી પહોંચી રહી છે.

શહેરના અનેક પોશ અને શાંત રહેણાંક વિસ્તારોમાં બિલ્ડરો અને માથાભારે ભૂમાફિયાઓ દ્વારા કોઈપણ જાતની બિનખેતી મંજૂરી મેળવ્યા વિના જ બહુમાળી ઈમારતો અને કોમર્શિયલ દુકાનો તાણી દેવામાં આવી રહી છે. જમીનના સત્તાપ્રકાર ની શરતોનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. નગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગમાં ન તો કોઈ નકશા પાસ કરાવવાની તસ્દી લેવામાં આવે છે, ન તો માર્જિન કે પાર્કિંગની કોઈ જગ્યા છોડવામાં આવે છે. બસ,





રાતોરાત પાયા ખોદાય છે અને તંત્રના 'આશીર્વાદ'થી ગેરકાયદેસર ઈમારતો આસમાને પહોંચી જાય છે.

જ્યારે શહેરની વચ્ચોવચ આટલા મોટા માળખા ઉભા થાય છે ત્યારે શું પાલિકાના ચીફ ઓફિસર, ટાઉન પ્લાનિંગ ઓફિસર કે સત્તાના નશામાં ચૂર સ્થાનિક નેતાઓને કશું દેખાતું નથી? લોકોમાં ખુલ્લેઆમ ચર્ચા છે કે દરેક ગેરકાયદે બાંધકામ દીઠ લાખો રૂપિયાનો 'આર્થિક વહીવટ' થઈ રહ્યો છે. સામાન્ય અને ગરીબ માણસ પોતાના જૂના મકાનનો એક નાનો ઓટલો કે છાપરું પણ બનાવે તો પાલિકાની ગાડી દબાણ હટાવવાની નોટિસ લઈને પહોંચી જાય છે અને દાદાગીરી કરે છે. પરંતુ જ્યારે મોટા માથાઓ કરોડોના પ્રોજેક્ટ મંજૂરી વિના ખડકી દે છે, ત્યારે તંત્રના બાબુઓ આંખે પાટા અને મોંઢે ડૂચા બાંધીને એસી ચેમ્બરોમાં બેસી રહે છે. આ સીધો અને સરેઆમ સત્તાનો દુરુપયોગ છે.

જો આ ગેરકાયદે બાંધકામોને અત્યારે જ કડક હાથે ડામવામાં નહીં આવે, તો આવનારા સમયમાં જેતપુર શહેરની હાલત અત્યંત કફોડી બની જશે. રહેણાંક વિસ્તારોમાં કોમર્શિયલ ગતિવિધિઓ શરૂ થવાથી ટ્રાફિકની ભયંકર સમસ્યાઓ સર્જાશે. પાર્કિંગ વ્યવસ્થા ન હોવાથી રસ્તાઓ બ્લોક થશે, અને પાલિકાની પહેલેથી જ જર્જરિત ડ્રેનેજ (ગટર) અને પાણી પુરવઠાની લાઈનો પર ક્ષમતા કરતા વધુ ભારણ આવવાથી આખી સિસ્ટમ કોલેપ્સ થઈ જશે. આ ભ્રષ્ટ નેતાઓના પાપે ભવિષ્યમાં સામાન્ય જનતાએ ભોગવવાનો વારો આવશે.

જેતપુરની જાગૃત જનતા હવે આકરા મિજાજમાં સવાલ પૂછી રહી છે કે શું આ ભ્રષ્ટ બાબુઓ અને નેતાઓની કોઈ જવાબદારી જ નથી? આ સમગ્ર બાંધકામ કૌભાંડની રાજકોટ જિલ્લા કલેક્ટર અને રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા ઉચ્ચસ્તરીય તટસ્થ તપાસ થવી જોઈએ.

### 'દર્દીઓના જીવ સાથે ચેડાં કરનારને નહીં છોડીએ'

## ચાંગોદર પ્લાઝમા કૌભાંડ મામલે આરોગ્ય મંત્રીનો કડક સંદેશ : દોષિતો સામે કડક કાર્યવાહી કરાશે..

વડોદરા

અમદાવાદ જિલ્લાના ચાંગોદર વિસ્તારમાં બહાર આવેલા પ્લાઝમા ભેળસેળ અને હેરાફેરીના કૌભાંડને લઈને રાજ્ય સરકાર એક્શનમાં આવી છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ વ્યક્તિ કે તત્વને બક્ષવામાં નહીં આવે અને દોષિતો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર મામલે આરોગ્ય વિભાગ અને તપાસ એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. કૌભાંડમાં સંડોવાયેલા તમામ લોકોની ભૂમિકા તપાસવામાં આવી રહી હોવાનું જણાવતા આરોગ્ય મંત્રીએ કહ્યું કે દર્દીઓની સુરક્ષા અને આરોગ્ય સેવાઓની ગુણવત્તા જાળવવા રાજ્ય સરકાર



સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે, બ્લડ પ્લાઝમા જેવી જીવનરક્ષક સામગ્રીમાં ભેળસેળ કરવી માત્ર ગેરકાયદેસર જ નહીં પરંતુ માનવતાવિરોધી કૃત્ય પણ છે. આવી પ્રવૃત્તિઓ આરોગ્ય વ્યવસ્થા પ્રત્યે લોકોના વિશ્વાસને નુકસાન પહોંચાડે છે, તેથી સરકાર આ મામલે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, રાજ્યભરની બ્લડ બેન્કો, પ્લાઝમા કલેક્શન સેન્ટરો અને સંબંધિત આરોગ્ય એકમોની કામગીરી પર વધુ કડક નજર રાખવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે મોનિટરિંગ અને નિયંત્રણ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવશે.

આ દરમિયાન આરોગ્ય મંત્રીએ ચાંગોદર પ્લાઝમા કૌભાંડનો પર્દાફાશ કરનાર અમદાવાદ SOG પોલીસ અને તપાસમાં જોડાયેલા અધિકારીઓની કામગીરીને બિરદાવી હતી અને તેમની પ્રશંસા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તપાસ પૂર્ણ થયા બાદ સમગ્ર કૌભાંડના તથ્યો બહાર આવશે અને જવાબદાર તમામ લોકો સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

### રિક્ષા અને 20 હજાર રોકડા સાથે આણંદનો રીઢો ચોર ઝબ્બે

## LCBનો સપાટો : ઊંઝામાં મુસાફરોની નજર ચૂકવી ખિસ્સા કાતરતી ગેંગનો પર્દાફાશ

મહેસાણા / ઊંઝા

મહેસાણા જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ નાબૂદ કરવા અને વણઉકેલાયેલી ચોરીઓના ભેદ ઉકેલવા માટે પોલીસ તંત્ર ફૂલ એક્શન મોડમાં આવી ગયું છે. ગાંધીનગર રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ તથા મહેસાણા જિલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકીની કડક સૂચના બાદ પોલીસ ટીમો સતત સક્રિય છે. આ દરમિયાન મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને એક મોટી સફળતા હાથ લાગી છે. LCBની ટીમે ઊંઝા બસ સ્ટેશન નજીકથી મુસાફરોને રિક્ષામાં બેસાડી નજર ચૂકવી ખિસ્સા ખાલી કરતી ગેંગના એક સાગરીતને ઝડપી પાડ્યો છે. મહેસાણા LCBના પી.આઈ. એ.એમ. કામળીયાના માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ-અલગ ટીમો ઊંઝા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન LCB ટીમના પીએસઆઈ બી.એ. પરમાર અને હેડ કોન્સ્ટેબલ સંજયભાઈને એક સંયુક્ત અને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે, ઊંઝા બસ સ્ટેશનની સામે આવેલા બ્રિજ નીચે એક લીલા કલરની ઓટો રિક્ષા (નંબર: G.J.07.TV.9685) લઈને એક શખ્સ ઊભો છે. આ શખ્સ રિક્ષામાં પેસેન્જરો બેસાડીને તેમની નજર ચૂકવી ચોરી કરવાની ફિરાકમાં છે. બાતમીના આધારે પોલીસે ત્વરિત દરોડો પાડીને શંકાસ્પદ રિક્ષા ચાલકને કોર્ડન કરી દબોચી લીધો હતો.

### જેલના અંધકારમાં 18 દિવસના માસૂમની જિંદગી

## ચૈત્ર વસાવા કેસના ચુકાદા બાદ વડોદરા જેલમાંથી હૃદય હચમચાવી દેતો કિસ્સો

વડોદરા/નર્મદા

કાયદો આંધળો હોય છે અને તે માત્ર પુરાવા અને કલમોના આધારે પોતાનું કામ કરે છે, પરંતુ ક્યારેક કાયદાના આ જ કરડા વલણ વચ્ચે કેટલીક એવી સંવેદનશીલ ઘટનાઓ સામે આવે છે જે પથ્થર દિલના માણસને પણ રડાવી દે છે. આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય ચૈત્ર વસાવાને કોર્ટે ૭ વર્ષની સજા ફટકાર્યા બાદ, આ જ કેસ સાથે જોડાયેલો એક અત્યંત કરુણ અને સંવેદનશીલ મામલો પ્રકાશમાં આવ્યો છે. કોર્ટના આદેશ બાદ જેલના સળિયા પાછળ ધકેલાયેલી એક દોષિત મહિલા કેદીની સાથે તેનું માત્ર ૧૮ જ દિવસનું નવજાત બાળક પણ જેલના અંધકારમાં રહેવા મજબૂર બન્યું છે. જે માસૂમે હજી દુનિયાની હવા પણ બરાબર નથી શ્વાસમાં લીધી, તે નિર્દોષ બાળકને જેલના સીક્રીયા જોવા પડી રહ્યા છે. આ ઘટનાએ સામાન્ય જનતાથી લઈને તંત્ર સુધીના તમામ લોકોના હૃદય હચમચાવી દીધા છે. બાળક અત્યંત નાનું અને માસૂમ હોવાથી,



વડોદરા સેન્ટ્રલ જેલ વહીવટીતંત્રે માનવતાના ધોરણે તેના સ્વાસ્થ્ય અને સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. સામાન્ય કેદીઓ કરતાં હટીને જેલ સત્તાવાળાઓ દ્વારા આ નવજાત શિશુની તબીબી દેખરેખ માટે કડક આદેશો આપવામાં આવ્યા છે. જેલ પ્રશાસનના જણાવ્યા અનુસાર, ડોક્ટરોની એક ખાસ ટીમ નિયમિતપણે બાળકના સ્વાસ્થ્યનું ચેકઅપ કરી રહી છે.

## અમરેલીના મતીરાળામાં કાળમુખો કરંટ: 11 KV લાઇનના જીવતા તારને અડકી જતાં શ્રમિકનું કમકમાટીભર્યું મોત

અમરેલી/લાઠી

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મતીરાળા ગામમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવી દુર્ઘટના સામે આવી છે. મતીરાળા ગામની સીમમાં મજૂરી કામ કરી રહેલા એક નિર્દોષ શ્રમિક પર કાળ ભમ્યો હોય તેમ ૧૧ KV (કિલોવોલ્ટ) ની હાઈટેન્શન વીજ લાઈનનો જોરદાર કરંટ લાગતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે શ્રમિકને બચાવવાની તક પણ ન મળી. આ ઘટનાને પગલે સ્થાનિક પંથકના શ્રમિકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને મૃતકના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. મળતી પ્રાથમિક માહિતી મુજબ, મૃતક શ્રમિક મતીરાળા ગામની સીમ વિસ્તારમાં રોજિંદા કામ અર્થે ગયો હતો. ખેતર કે અવાવરૂ જગ્યા પરથી પસાર થતી વીજ કંપનીની ૧૧ KV ની જોરદાર પાવરવાળી લાઈનના જીવતા તારના સંપર્કમાં આ શફીક અજાણતામાં આવી ગયો હતો.

### અમદાવાદના નિકોલમાં કાયદો-વ્યવસ્થાના ધજાગરા

## એમ્બ્રોડરીના કારીગરો બાબતે લુખ્ખાઓનો આતંક, યુવક પર હથિયાર વડે જીવલેણ હુમલો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં જાણે અસામાજિક તત્વો અને લુખ્ખાઓને પોલીસનો કોઈ ડર જ ન રહ્યો હોય તેમ દિવસ-દહાડે હિંસક ઘટનાઓ સામે આવી રહી છે. શહેરના નિકોલ વિસ્તારમાં લુખ્ખા તત્વોએ આતંક મચાવીને એક યુવક પર હથિયાર વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. નજીવી બાબતે થયેલી બબાલમાં લુખ્ખાઓએ કાયદો હાથમાં લઈને લોહીની હોળી રમી હતી, જેના કારણે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.



મળતી પ્રાથમિક માહિતી મુજબ, આ સમગ્ર વિવાદની પાછળ એમ્બ્રોડરી મશીનના કારીગરો હોવાનું સામે આવ્યું છે. કારીગરોની ખેંચતાણ અથવા તકરારને લઈને બે પક્ષો સામસામે આવી ગયા હતા. મામલો એટલો બિચક્યો હતો કે ઉશ્કેરાયેલા લુખ્ખાઓએ વાતચીત કરવાને બદલે સીધા હથિયારો કાઢી લીધા હતા અને એક યુવક પર તૂટી પડ્યા હતા. આ હિંસક હુમલામાં લુખ્ખાઓએ તીક્ષ્ણ હથિયારનો ઉપયોગ કર્યો હતો. હુમલાખોરોએ યુવકને નિશાન બનાવીને પેટની બાજુના ભાગે હથિયારના ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા. હુમલાના કારણે યુવક લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ જતાં હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

નિકોલની આ ધિંગાણાવાળી ઘટનાના લાઈવ દ્રશ્યો ત્યાં નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગયા છે.

### ત્રણ મહિલા આરોપી ઝડપાઇ

## કીર્તિમંદિર પોલીસે કલાકોમાં ઉકેલ્યો70 હજારની ચોરીનો ગુનો

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદરના કીર્તિમંદિર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દુકાનદારની નજર ચૂકવી રોકડ રકમ તથા મોબાઈલ ફોનની ચોરી કરનાર આરોપીઓને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી ગુનાનો સફળ ભેદ ઉકેલ્યો છે. પોલીસે ત્રણ મહિલા આરોપીઓની ધરપકડ કરી તેમની પાસેથી રોકડ રૂ.૨૮ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, છાયા ખાતે રહેતા દિનેશભાઈ વશરામભાઈ થાનકીએ તા.૨૪/૦૬/૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવી હતી કે અજાણ્યા શખ્સોએ તેમની દુકાનમાં રાખેલી થેલીમાંથી રોકડ રૂ.૬૫ હજાર તથા સેમસંગ કંપનીનો રૂ.૫ હજાર કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૭૦ હજારની ચોરી કરી હતી. આ અંગે કીર્તિમંદિર પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૩૦૫(એ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા, પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક ઋતુ રાબા તથા પોલીસ ઈન્સ્પેક્ટર કે.વી. પરમારના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ. પી. મોરી અને સર્વેલન્સ સ્ટાફે ઘટનાસ્થળ આસપાસના નેત્રમ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના સીસીટીવી ફૂટેજ તેમજ ટેક્નિકલ સોર્સના આધારે તપાસ કરતાં ત્રણ અજાણી મહિલાઓ અને એક પુરુષની સંડોવણી સામે આવી હતી.

## જેતપુરમાં 'નયન પ્રિન્ટ' કારખાનામાં ચાલતા જુગારધામ ઉપર પર દરોડો : ટોકન સિસ્ટમથી રમાતો જુગાર પકડાયો, 5 શખ્સો ઝડપાયા

### જુગારધામમાં રોકડના બદલે અલગ-અલગ કલરના પ્લાસ્ટિકના ટોકનથી હારજીતનો જુગાર રમાતો હતો

જેતપુર

જેતપુરના નવાગઢ વિસ્તારમાં બળદેવધાર પાછળ આવેલા એક કારખાનામાં આધુનિક રીતે ટોકન સિસ્ટમથી ચાલતા જુગારધામ પર જેતપુર ઉદ્યોગનગર પોલીસે દરોડો પાડીને પાંચ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસે રોકડ, મોબાઈલ અને વાહનો મળી કુલ રૂ. ૧.૯૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ રતાભાઈ સાંબળા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે તેમને ખાનગી બાતમી મળી હતી કે, નવાગઢમાં બળદેવધાર પાછળ, દાવલશા પીરની દરગાહ પાસે આવેલા 'નયન પ્રિન્ટ' નામના કારખાનામાં જુગાર રમાડાઈ રહ્યો છે. કારખાનાનો માલિક વિનોદભાઈ નારણભાઈ ચભાડીયા બહારથી માણસો બોલાવી, પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવીને જુગારનો અખાડો ચલાવતો હોવાની પાક્કી બાતમીના આધારે પોલીસે નાયબ પોલીસ અધિક્ષક પાસેથી સર્ચ વોરંટ મેળવીને દરોડો પાડ્યો હતો. પોલીસે કારખાનામાં ઓફિસની બાજુના રૂમમાં દરોડો પાડતા પાંચ શખ્સો ગોળ કુંડાળું વળીને તીન પત્તીનો જુગાર રમતા ઝડપાયા હતા. આ જુગારધામમાં રોકડના બદલે અલગ-અલગ કલરના પ્લાસ્ટિકના ટોકનથી હારજીતનો જુગાર રમાતો હતો. પોલીસ તપાસમાં ખૂલ્યું હતું કે, એક ટોકનની કિંમત રૂ. ૧૦૦ નક્કી કરવામાં આવી હતી અને રમવા આવનાર દરેક વ્યક્તિએ અગાઉથી રૂ. 3000 'બેંક' પેટે કારખાનાના માલિક વિનોદભાઈ પાસે જમા કરાવવા પડતા હતા. રમત પૂરી થયા બાદ જેની પાસે જેટલા ટોકન વધે તેને તે મુજબ રોકડ પરત આપવામાં આવતી હતી. પોલીસે સ્થળ પરથી નીચે મુજબના ૫ આરોપીઓને ઝડપી લીધા હતા વિનોદભાઈ નારણભાઈ ચભાડીયા (રહે. શાંતિનગર, કેનાલ પાસે - કારખાનાનો માલિક),દીનેશભાઈ નાનજીભાઈ પાનસુરીયા (રહે. ટાકુડીપરા, આલ્ફા સ્કૂલ પાસે),પ્રવીણભાઈ ઉર્ફે પરસોત્તમભાઈ બાવચંદભાઈ ભુવા (રહે. અમરનગર રોડ, શ્રીજી સ્કૂલ પાસે),હરસુખભાઈ હરીભાઈ ઢોલરીયા (રહે. એસ.કુમાર રેસીડેન્સી), કિશોરભાઈ મોહનભાઈ ચભાડીયા (રહે. દેસાઈવાડી, શામનાથ મંદિર પાસે)

પોલીસે આરોપીઓના કબજામાંથી રૂ. ૨૧,૦૯૦ ની રોકડ (જેમાં નાલના રૂ. ૩૦૦૦ અને બેંક પેટે જમા થયેલા રૂ. ૧૫,૦૦૦ સામેલ છે), ૫ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૨૫,૦૦૦), જુગાર રમવાના ૮૦ નંગ પ્લાસ્ટિકના ટોકન અને ૩ એક્ટિવા મોટરસાયકલ (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦) મળી કુલ રૂ. ૧,૯૬,૦૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

કોંગ્રેસ નેતાની મ્યુ. કમિશનરને ચેલેન્જ : હિંમત હોય તો 40 ફૂટનો રોડ બનાવો

# 'જ્યાં બુલડોઝર ચાલ્યા તે મનપાની નહીં, પારસી સમાજની પ્રોપર્ટી'

સુરત

નાસીરનગરમાં થયેલા ડિમોલિશનનો વિવાદ હવે એક મોટા કૌભાંડ તરફ ઈશારો કરી રહ્યો છે. આ ભુતિયા ડિમોલિશન મામલે એક પછી એક ચોંકાવનારા ખુલાસાઓ સામે આવી રહ્યા છે. આ વખતે કોંગ્રેસ નેતા અને પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ આ સમગ્ર પ્રકરણમાં સુરત મનપાના અધિકારીઓની મિલીભગત અને આયોજનબદ્ધ ખેલનો પર્દાફાશ કરીને સીધો પડકાર ફેંક્યો છે.

અસલમ સાયકલવાલાએ સુરત મ્યુનિસિપલ કમિશનરને ખુલ્લી ચેલેન્જ આપતા જણાવ્યું છે કે, જે જમીન પર મનપાએ બુલડોઝર ફેરવી દીધું તે જગ્યા વાસ્તવમાં મનપાની માલિકીની છે જ નહીં, પરંતુ પારસી સમાજની પ્રોપર્ટી છે. તેમણે તંત્રને લલકારતા કહ્યું કે, જો મનપા સત્તાધીશોમાં હિંમત હોય તો આ જગ્યા પર 40 ફૂટનો આખો રોડ બનાવીને બતાવે.

આ સમગ્ર વિવાદ વચ્ચે તપાસ માટે નીમવામાં આવેલા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ના વડાની ભૂમિકા સામે પણ સવાલો ઊભા થયા છે. મીડિયા દ્વારા જ્યારે આ હિંસક અને ગેરકાયદેસર ગણાતા ડિમોલિશન અંગે તીખા સવાલો પૂછવામાં આવ્યા, ત્યારે SIT ના વડા કોઈ પણ સ્પષ્ટ જવાબ આપવાનું ટાળી ગયા હતા અને મીડિયા સમક્ષ માત્ર 'થેન્ક્યુ' કહીને ચાલતી પકડી હતી. તપાસ અધિકારીઓનું આ મૌન અધિકારીઓની સંડોવણી તરફ મોટો ઈશારો કરી રહ્યું છે.

પારસી સમાજની માલિકી: જે ટીપી સ્કીમ કે રોડ લાઈનનો હવાલો આપીને ગરીબોના આશિયાના ઉજાડવામાં આવ્યા, તે જમીન સરકારી કે મનપાની નથી પણ પારસી એસ્ટેટની હોવાનો દાવો.

ભુતિયા ડિમોલિશન: કોઈ પણ કાયદેસરની નોટિસ વગર કે પૂર્વ આયોજન વગર રાતોરાત બુલડોઝર ફેરવી દેવા પાછળ મોટો ભ્રષ્ટાચાર હોવાની આશંકા.

મનપા કમિશનરને પડકાર: જો કાગળ પર આ રોડ મનપાનો જ હોય તો અધૂરી કામગીરી મૂકીને ભાગવાને બદલે ત્યાં જાહેર રોડનું નિર્માણ કેમ કરવામાં આવતું નથી?

નાસીરનગરના આ હાઈપ્રોફાઈલ ડિમોલિશન કાંડે હવે સુરત મનપાના રાજકારણ અને વહીવટી તંત્રમાં મોટો ભૂકંપ લાવી દીધો છે. ગરીબોના ઘર તોડીને કોઈ બિલ્ડર કે ભૂમાફિયાને ફાયદો કરાવવા માટે આ આખી રમત રચાઈ હોવાના આક્ષેપો સાથે હવે વિપક્ષ આ મામલે આરપારની લડાઈના મૂડમાં છે.



કલેક્ટર કચેરીએ ધરણા, ન્યાય માટે કરી માંગ

# છોટાઉદેપુર નર્સિંગ કોલેજમાં વિદ્યાર્થીઓનો આક્રોશ

સુવિધાના અભાવ એ છેલ્લા 4 દિવસ થી રજૂઆતો કરી રહ્યા હતા

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

કંટાળેલા વિધાર્થીઓ છોટાઉદેપુર જિલ્લા સેવા સદન પોહચીને જિલ્લા કલેક્ટર ના દરવાજે પોહચી કલાકો સુધી ઘરણા કર્યા જિલ્લા સેવા સદન માં પોલીસ પહોચતા પોલીસ સામે રડતા સ્વરે ઉગ્ર બનીને વિધાર્થીઓ મદદ ની માંગણી કરી.

છોટાઉદેપુર ખાતે ગાયત્રી કોલેજ ઓફ નર્સિંગ એન્જલ એજ્યુકેશન ઈન્સિટિટ્યૂડ દ્વારા જનરલ નર્સિંગ , હોમમાં બીએસસી નર્સિંગ તેમજ અલગ અલગ જાતના કોર્સ કરાવે છે જેમાં આદિવાસી વિધાર્થી હજારો રૂપિયા ફી ભરીને શિક્ષણ મેળવે છે પરતું આ સંસ્થા સંચાલકો વિધાર્થીઓ ને જમવાનું તેમજ શિક્ષણ ની પૂર્તિ સુવિધા તેમજ કૉર્સ પૂરો કર્યા બાદ તેઓના પ્રમાણ પત્ર ન આપતા છેલ્લા 4 દિવસ થી વિધાર્થીઓ એ સંસ્થા સામે મોરચો માંડ્યો ત્યારે સંસ્થા ના સંચાલકો વિધાર્થીઓ ને દબાવાનો પ્રયાસ કરતા વિધાર્થીઓ રોષે ભરાયેલા જિલ્લા



કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને સેવા સદન માં ધમ ધૂપતા તાપ માં બેસીને વારણા કરતા તેઓની રજુઆત સાંભળવા કોઈ અધિકારી ન આવતા આખરે કંટાળી જિલ્લા કલેક્ટર ના ચેમ્બર પાસે બેસી જઈને વિધાર્થીઓ આક્રોશ ઠાલવ્યો હતો જ્યારે વિધાર્થી ને ખસેડવા માટે પોલીસ આવતા વિદ્યાથીની ઓ એ હાથ જોડીને પોલીસ ને અમારી મદદ કરો અમારો અવાજ પહોંચાડો ની માંગ કરી હતી જ્યારે આદિવાસી વિસ્તાર માં વિધાર્થી સામે શિક્ષણ મેળવવા માટે ફી ભર્યા બાદ આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ચૂંટાયેલા નેતા ઓ મદદ માં આવું જોઈએ પરંતુ વિધાર્થીઓ હાલ પોતાની જાતને સંઘર્ષ કરી રહ્યાં છે.

# મહેસાણા મનપાની પ્રથમ સભામાં જ લોકશાહીની ગરિમાના ધજાગરા ઉડ્યા: ભાજપના મહામંત્રીએ ચાલુ સભાએ કમિશનરને હાંકી કાઢ્યા..

મહેસાણા મનપાની આ પ્રથમ સભા જોવા અને વહીવટી પ્રક્રિયા સમજવા માટે નાગરિકો આતુર હતા, પરંતુ ભાજપના નેતાઓએ સરકારી બોર્ડને જ પક્ષની આંતરિક મીટિંગનું કેન્દ્ર બનાવી દીધું

મહેસાણા

મહેસાણા મહાનગરપાલિકાની સૌથી પહેલી અને ઐતિહાસિક સામાન્ય સભામાં જ નિયમો અને લોકશાહી મર્યાદાના એવા લીરેલીરા ઉડ્યા છે કે જે જોઈને આખું ગુજરાત આશ્ચર્યચકિત થઈ ગયું છે. મનપાની પ્રથમ સામાન્ય સભા હજુ શરૂ જ થઈ હતી ત્યાં શાસક પક્ષ ભાજપના સંગઠનના પદાધિકારીઓએ સરકારી નિયમોને નેવે મૂકીને એવો હુકમ ચલાવ્યો કે સભાખંડમાં હાજર અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. બોર્ડની સત્તાવાર કાર્યવાહી ચાલુ હતી તે દરમિયાન જ ભાજપના મહામંત્રીએ મનપાના કમિશનરને જાહેરમાં કહી દીધું કે, 'સાહેબ, તમે ૫-૧૦ મિનિટ માટે બહાર જાવ, અમારે અમારા પક્ષનું કામ કરી લેવું છે.' સરકારી પ્રોટોકોલ અને કાયદા મુજબ મનપાની સામાન્ય સભા એ કોઈ પક્ષની



ખાનગી ઓફિસ નથી, પરંતુ સમગ્ર શહેરના વિકાસ કાર્યોની ચર્ચા માટેનું જાહેર અને કાનૂની પ્લેટફોર્મ છે. આવી સત્તાવાર સભામાંથી મનપાના સર્વોચ્ચ વહીવટી વડા એટલે કે કમિશનરને જ બહાર મોકલી દેવાની આ ઘટનાએ વહીવટી આલમમાં મોટો ખળભળાટ મચાવ્યો છે. મહેસાણા મનપાની આ પ્રથમ સભા જોવા અને વહીવટી પ્રક્રિયા સમજવા માટે નાગરિકો આતુર હતા, પરંતુ ભાજપના નેતાઓએ સરકારી બોર્ડને જ પક્ષની આંતરિક મીટિંગનું કેન્દ્ર બનાવી દીધું. કાયદાના જાણકારો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો ભાજપે પોતાના પક્ષનું જ કોઈ કામ કરવું હતું અથવા આંતરિક વિવાદો ઉકેલવા હતા, તો તે પોતાના પક્ષના કાર્યાલય પર કેમ ન રાખ્યા? ચાલુ સામાન્ય સભાએ સરકારી અધિકારીઓને બહાર કાઢીને લોકશાહીની કઈ પરંપરા જાળવવામાં આવી રહી છે? સત્તાના નશામાં ચૂર નેતાઓ હવે સરકારી અધિકારીઓને પોતાના પટાવાળા સમજવા લાગ્યા હોય તેવું આ ચિત્ર છે. પ્રથમ સામાન્ય સભામાં જ જો નિયમોના આવા ધજાગરા ઉડતા હોય, તો આગામી પાંચ વર્ષમાં મહેસાણા શહેરના વિકાસના નામે કેવો વહીવટ થશે તે ભગવાન ભરોસે છે. સત્તાધારી પક્ષના આવા જ વિવાદાસ્પદ અને લોકશાહીને શરમાવતા અહેવાલો માટે વાંચતા રહો પાક્કો ગુજરાત.

## નડિયાદ SOGનો મોટો દરોડો : વસોમાં ધમધમતી ગેરકાયદે ફટાકડા ફેક્ટરી ઝડપાઇ, મુખ્ય આરોપી પકડાયો

નડિયાદ

ખેડા જિલ્લાની નડિયાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) પોલીસને એક મોટી સફળતા હાથ લાગી છે. વસો ગામની સીમમાં કોઈપણ પ્રકારની મંજૂરી વિના ગેરકાયદેસર રીતે ધમધમતી ફટાકડા બનાવવાની ફેક્ટરી પર પોલીસે ઓચિંતો દરોડો પાડ્યો છે. આ દરોડા દરમિયાન પોલીસે ફેક્ટરીના મુખ્ય સૂત્રધાર અને આરોપી જાવેદ શેખની અટકાયત કરી છે. મળતી માહિતી મુજબ, નડિયાદ SOG ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે વસો વિસ્તારમાં રહેણાંક અને ખેતીવાડી વિસ્તારની નજીક સુરક્ષાના કોઈ પણ સાધનો વિના મોટા પાયે ગેરકાયદેસર ફટાકડા બનાવવાનું નેટવર્ક ચાલી રહ્યું છે. બાતમીના આધારે પોલીસે વહેલી સવારે દરોડો પાડતા ફેક્ટરીમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસે ઘટનાસ્થળેથી ફટાકડા બનાવવા માટે વપરાતો વિસ્ફોટક દારૂગોળો, કેમિકલ્સ, કાચો માલ તેમજ તૈયાર કરવામાં આવેલા ફટાકડાનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. આ ગેરકાયદેસર ફેક્ટરી કોઈ પણ જાતની ફાયર સેફ્ટી કે વહીવટી તંત્રની પરવાનગી વગર ચલાવવામાં આવી રહી હતી, જે સ્થાનિક લોકોના જીવ માટે પણ મોટું જોખમ સમાન હતી.

મીઠાઈનું 27.20 લાખનું બિલ જોઈને જનતા ચોંકી ગઈ!

# રાજકોટ મનપામાં કાજુ કતરીનો કડાકો : જનરલ બોર્ડ પહેલા જ ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે હોબાળો

રાજકોટ

રંગીલું રાજકોટ હવે મીઠાઈના કરોડોના બિલને કારણે આખા રાજ્યમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. રાજકોટ મહાનગરપાલિકા (મનપા) ના જનરલ બોર્ડની બેઠક શરૂ થાય તે પહેલા જ વિપક્ષ અને સત્તાધારી પક્ષ સામસામે આવી ગયા છે અને રાજકારણ ગરમ થઈ ગયું છે. આ વખતે હોબાળો કોઈ વિકાસના કામો કે રોડ-રસ્તાને લઈને નહીં, પરંતુ મનપાના શાસકોએ આરોગેલી મોંઘીદાટ મીઠાઈઓના બિલને લઈને થયો છે. સામે આવેલા અહેવાલો મુજબ, રાજકોટ મનપામાં વિવિધ કાર્યક્રમો અને મીટિંગો દરમિયાન મહેમાનો અને પદાધિકારીઓ માટે મંગાવવામાં આવેલી કાજુ



કતરી અને ખજૂર રોલનું અધધધ રૂપિયા ૨૭.૨૦ લાખનું બિલ રજૂ કરવામાં આવ્યું છે. આટલી મોટી રકમ માત્ર મીઠાઈ અને નાસ્તા પાછળ ઉડાવી દેવામાં આવતા જ વિપક્ષી નેતાઓ અને જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જનરલ બોર્ડની શરૂઆત પહેલા જ આ મુદ્દે મનપા કચેરીમાં જોરદાર સૂત્રોચ્ચાર અને હોબાળો શરૂ થઈ ગયો હતો.

વિપક્ષે આ બિલને લઈને શાસક પક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે રાજકોટની જનતા જ્યારે પીવાના શુદ્ધ પાણી, બિસ્માર રસ્તાઓ અને પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારી રહી છે, ત્યારે જનતાના ટેક્સના પૈસાથી નેતાઓ અને અધિકારીઓ કાજુ કતરી અને ખજૂર રોલના જલસા કરી રહ્યા છે.

૨૭ લાખ રૂપિયાની મીઠાઈમાં કેટલો મોટો ભ્રષ્ટાચાર થયો છે તેની તટસ્થ તપાસ કરવાની માંગ પણ ઉઠી છે. બીજી તરફ સત્તાધારી પક્ષ આ બિલને નિયમ મુજબનું અને પ્રોટોકોલના ભાગરૂપે ગણાવીને બચાવ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ સરકારી બાબુઓ અને નેતાઓની ભૂખ એટલી હદે વધી ગઈ છે કે હવે ગરીબ જનતાના પરસેવાના પૈસા કાજુ કતરીના નામે ઓહિયા થઈ રહ્યા છે.

કચ્છમાં બુટલેગરોની લુખ્ખી હિંમત

# બ્રાન્ડેડ બોટલોમાં કેમિકલવાળું ઝેર ભરતી નકલી વિદેશી દારૂની ફેક્ટરી ઝડપાઇ

ભુજ

ડ્રાય સ્ટેટ ગુજરાતમાં કાયદાના લીરેલીરા ઉડાવતો વધુ એક ચોંકાવનારો કિસ્સો સરહદી જિલ્લા કચ્છમાંથી સામે આવ્યો છે. કચ્છની શાંત ધરા પર બુટલેગરોએ વિદેશી દારૂ સપ્લાય કરવાનો નવો અને અત્યંત ખતરનાક કીમિયો અપનાવ્યો હતો. અહીં બીજા રાજ્યોમાંથી દારૂ ઘુસાડવાને બદલે કચ્છના જ એક વિસ્તારમાં ધમધમતી આખેઆખી નકલી વિદેશી દારૂ બનાવવાની મિની ફેક્ટરી પર પોલીસે ત્રાટકીને તેનો ભંડાફોડ કરી નાખ્યો છે. આ દરોડા દરમિયાન લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને બે રીઢા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. પોલીસને મળેલી પાક્કી બાતમીના આધારે જ્યારે આ અડ્ડા પર દરોડો પાડવામાં આવ્યો, ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને ખુદ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. બુટલેગરો મોટી બ્રાન્ડના નામે નકલી દારૂ ઉતારવાનું આખું નેટવર્ક ચલાવતા હતા. ફેક્ટરીમાંથી સસ્તી ક્વોલિટીના આલ્કોહોલ અને કેમિકલના મિશ્રણથી વિદેશી દારૂ બનાવવાની સામગ્રી, ખાલી બોટલો, આબેહૂબ દેખાતા નકલી સ્ટીકરો, બુચ મારવાનું મશીન અને ફ્લેવર એસેન્સનો મોટો જથ્થો મળી આવ્યો છે. ગ્રાહકોને અસલીના નામે મોંઘા ભાવે આ નકલી અને જીવલેણ દારૂ પધરાવી દેવાનું મોટું કૌભાંડ અહીં ચાલતું હતું. આ સફળ ઓપરેશન દરમિયાન પોલીસે સ્થળ પરથી નકલી વિદેશી દારૂની તૈયાર બોટલો, કેમિકલના કેરબા અને વાહનો સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ગોરખધંધામાં સંડોવાયેલા બે મુખ્ય આરોપીઓને પોલીસે ઓન ધ સ્પોટ ઝડપી પાડીને લોકઅપ ભેગા કરી દીધા છે. પોલીસ હવે એ દિશામાં કડક પૂછપરછ કરી રહી છે કે આ નકલી દારૂ બનાવવા માટેનું રો-મટીરીયલ ક્યાંથી આવતું હતું અને કચ્છ સહિત ગુજરાતના કયા કયા જિલ્લાના બુટલેગરોને આ માલ સપ્લાય કરવામાં આવતો હતો.

વાગરા તાલુકા ના દહેજ GIDCમા આવેલ Continental Carbon કંપનીના

# સ્થાનિક કર્મચારીઓને ન્યાય અપાવવા 100થી વધુ સ્થાનિકો અને સરપંચો કલેક્ટર કચેરીએ પહોંચ્યા

વાગરા, સૈફ અલી ભટ્ટી

વાગરાના દહેજ GIDC વિસ્તારમાં આવેલ Continental Carbon Eco Technology Pvt. Ltd., ગલેન્ડા ખાતે કાર્યરત સ્થાનિક કર્મચારીઓની લાંબા સમયથી પડતર ફરિયાદો, કાર્યસ્થળ પર થતા માનસિક ત્રાસ, ભેદભાવપૂર્ણ વર્તન અને ફરિયાદોના નિકાલમાં થયેલા વિલંબના મુદ્દે આજે અંદાજે 100 થી 150 સ્થાનિક લોકો, સ્થાનિક કર્મચારીઓ, તેમના પરિવારજનો તથા આજુબાજુના ગામોના સરપંચશ્રીઓ દ્વારા એકત્રિત થઈ જિલ્લા કલેક્ટરશ્રી, ભરૂચને સંયુક્ત આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં રજૂ કરવામાં આવ્યું છે કે સ્થાનિક કર્મચારીઓ દ્વારા કંપનીના HR Department સમક્ષ અગાઉથી લેખિત ફરિયાદો, વ્યક્તિગત જવાબો તથા જરૂરી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હોવા છતાં આજદિન સુધી ફરિયાદોનો કોઈ કારણસભર અને અંતિમ લેખિત નિકાલ કરવામાં આવ્યો નથી. સ્થાનિક લોકોએ એ



આક્ષેપ કર્યો છે કે Instrument Department ના મેનેજર શ્રી વિનોદ ઉપાધ્યાય દ્વારા લાંબા સમયથી કર્મચારીઓ સાથે માનસિક ત્રાસ, અપમાનજનક વર્તન, શિફ્ટ ચેન્જ બાબતે ભેદભાવ અને અનાવશ્યક દબાણનું વાતાવરણ ઉભું કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, Instrument & Electrical HOD શ્રી દીપકભાઈ પટેલ દ્વારા પણ કેટલાક પ્રસંગોએ કર્મચારીઓ સાથે કડક અને દબાણપૂર્ણ વલણ અપનાવવામાં આવ્યું હોવાના તથા મંજૂર રજા અને ઈન્ક્રીમેન્ટ બાબતે ધમકીજનક ટિપ્પણીઓ કરવામાં આવી હોવાના મુદ્દાઓ પણ રજૂ કરવામાં આવ્યા છે. વધુમાં, કર્મચારીઓએ રજૂઆતમાં જણાવ્યું છે કે HR Department ના જવાબદાર અધિકારી શ્રી લલિતભાઈ પરમાર સમક્ષ વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં ફરિયાદોના નિકાલ માટે કોઈ અસરકારક, નિષ્પક્ષ અને સમયબદ્ધ કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે સ્થાનિક કર્મચારીઓ અને તેમના પરિવારજનોમાં ભારે અસંતોષ, અસુરક્ષાની લાગણી અને માનસિક તણાવનું વાતાવરણ સર્જાયું છે. સ્થાનિક લોકો અને સરપંચશ્રીઓએ સ્પષ્ટ જણાવ્યું હતું કે તેમનો કંપની કે તેના વિકાસ સામે કોઈ વિરોધ નથી, પરંતુ સ્થાનિક યુવાનો અને કર્મચારીઓને કાયદેસર ન્યાય મળવો, તેમની ફરિયાદોનો નિષ્પક્ષ અને સમયબદ્ધ નિકાલ થવો તથા માનવ ગૌરવ સાથે કાર્ય કરવાનો અધિકાર સુરક્ષિત રહે તે અત્યંત જરૂરી છે.

# રામ મંદિર બાદ હવે MPના CM મોહન યાદવનો મોટો જમીન કાંડ?

ખુરશી મળતા જ આખા પરિવારે ઉજ્જૈનની આસપાસ 168 એકર જમીન દબાવી દીધી હોવાનો ધડાકો!

અમદાવાદ

રામ મંદિરના કથિત કૌભાંડની ચર્ચાઓ હજુ શાંત થઈ નથી ત્યાં દેશના રાજકારણમાં વધુ એક મોટો બોમ્બ ફૂટ્યો છે. આ વખતે નિશાના પર છે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ અને તેમનો પરિવાર. ધ ઈન્ડિયન એક્સપ્રેસના એક ચોંકાવનારા અને વિસ્ફોટક અહેવાલે દેશભરમાં ખળભળાટ મચાવી દીધો છે. અહેવાલ મુજબ મુખ્યમંત્રીની ખુરશી પર બેસતાની સાથે જ મોહન યાદવના પરિવારે ઉજ્જૈનની આસપાસ જમીનો ખરીદવાનો આંધળો ધંધો શરૂ કરી દીધો હતો. જે આંકડા સામે આવ્યા છે તે સામાન્ય માણસની આંખો પહોળી કરી દે તેવા છે. સીએમ બન્યા બાદ તેમના પરિવારે ઉજ્જૈન અને તેની આસપાસ અલગ-અલગ ૧૩૭ પ્લોટ એટલે કે કુલ ૧૬૮ એકર જેટલી વિશાળ જમીન પોતાના નામે કરી લીધી છે. આ જમીનો ખરીદવા માટે અંદાજે ૪૫ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હોવાનો દાવો કરાયો છે.

આ ખરીદીમાં સીએમના પત્ની, પુત્રવધૂ, ભાઈઓ અને પિતરાઈ ભાઈઓ સહિત આખો પરિવાર અને તેમની રિયલ એસ્ટેટ કંપનીઓ સામેલ હોવાનું બહાર આવ્યું છે. આ આખી રમત પાછળનો અસલી ખેલ હવે સમજવા જેવો છે. આ ૧૬૮ એકર જમીનમાંથી લગભગ ૧૧૧ એકર જમીન બરાબર એ જ વિસ્તારોમાં આવેલી છે જ્યાંથી ટૂંક સમયમાં જ સરકારના મોટા હાઈવે, રોડ પ્રોજેક્ટ્સ પસાર થવાના છે અથવા જ્યાં ઉજ્જૈન માસ્ટર પ્લાન હેઠળ જમીનનો ઉપયોગ ખેતીમાંથી કોમર્શિયલ કે રેસિડેન્શિયલમાં બદલાયો છે.

વડોદરાની ફૂટપાથનો એક અનોખો ફિલસૂફ કાયમ માટે પોઢી ગયો

# શારીરિક ખોડખાંપણ, પૂરની થાપટો અને ગરીબી સામે લડીને પુસ્તકોનું અજવાળું પાથરનારા 'પ્રદીપભાઈ' હવે માત્ર યાદોમાં રહેશે!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના સેફ્રોન સર્કલ પાસેથી પસાર થતા દરેક સાચા વાચક અને પુસ્તકપ્રેમીની આંખો આજે નમ છે. વડોદરાની ફૂટપાથ પર બેસીને માત્ર પુસ્તકો જ નહીં, પણ સકારાત્મક વિચારો અને જ્ઞાન વહેંચનારા પ્રદીપભાઈ આજે આપણી વચ્ચે નથી રહ્યા. એક સામાન્ય ફૂટપાથ પર રહેનારો માણસ કેટલો અસામાન્ય અને સમૃદ્ધ વિચારોનો માલિક હોઈ શકે, તેનું જીવતું જાગતું ઉદાહરણ એટલે પ્રદીપભાઈ.




રાજસ્થાનના એક અતિ ગરીબ ગામડામાંથી વડોદરા આવીને ફૂટપાથને જ પોતાનું આશિયાના બનાવનાર પ્રદીપભાઈ નાનપણમાં કોઈ અજાણી બીમારી કે પોલિયોના કારણે શારીરિક ખોડખાંપણનો ભોગ બન્યા હતા. પરંતુ આ ખોડખાંપણ તેમના મનને ક્યારેય પરાજીત કરી શકી નહીં. સેફ્રોન સર્કલની ફૂટપાથ પર તેમની પાસે જે પુસ્તકોનો ખજાનો હતો, તે માત્ર વેચવા માટે નહોતો. તેમાંનું એક-એક પુસ્તક તેમણે પોતે વાંચેલું હતું. મુરાકામી, પાઉલો કોએલ્હો અને સીડની શેલ્ડન જેવા વિશ્વવિખ્યાત લેખકોની વાર્તાઓ અને ફિલોસોફી તેમની આંગળીના વેઢે રમતી હતી.

તેમના જીવનની સંઘર્ષ કથા કોઈ પથ્થર દિલના માણસને પણ રડાવી દે તેવી છે. વડોદરામાં જ્યારે વિશ્વામિત્રી નદીના પૂર આવ્યા ત્યારે પ્રદીપભાઈના હજારો પુસ્તકો પાણીમાં તણાઈ ગયા, છતાં તેઓ હસતા રહ્યા. કોરોના કાળના લોકડાઉનમાં જ્યારે ખાવાના ફાંફા હતા, ત્યારે ઘરમાં અનાજ ન હોવા છતાં કાચા બટાકા ખાઈને દિવસો કાઢ્યા, પણ પુસ્તકો વાંચવાનું અને જ્ઞાનની સાધના કરવાનું ક્યારેય ન છોડ્યું.

એક ગરીબ પુસ્તક વિક્રેતાની ઉદારતા અને ખુમારી તો જુઓ! પોતાની બહેનના લગ્ન કરાવ્યા બાદ તેમણે પોતાના અનાથ ભત્રીજાને દત્તક લીધો. તેને ભણાવવા માટે પોતે બેંકમાંથી મોટી લોન લીધી, તેને ફ્લાઈટમાં બેસાડીને દિલ્હી ભણવા મોકલ્યો અને પોતે ફૂટપાથ પર ભૂખ્યા રહીને લોનના હપ્તા ભર્યા. પ્રદીપભાઈની આ ખુમારી એટલી ઉંચી હતી કે તે છોકરો ભણી-ગણીને સરકારી અધિકારી બની ગયો ત્યાં સુધી તેને ક્યારેય ખબર પડવા ન દીધી કે તેનું આ ભણતર તેના કાકાએ લોન લઈને પૂરું કર્યું છે.

## વડોદરામાં ખાખીના ખોફ વગર તસ્કર ટોળકી બેફામ

એસઆરપી ગ્રુપ-૭ ની દીવાલ કૂદીને ચોરો મકરપુરાની સોસાયટીમાં ઘુસ્યા : એક જ રાતમાં પાંચ મકાનોના તાળા તોડી મચાવ્યો આતંક..!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં હવે રાત પડતા જ કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડી રહ્યા હોય તેવો ઘાતક કિસ્સો સામે આવ્યો છે. વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલી ગ્રીન પાર્ક સોસાયટીમાં ગત રાત્રે તસ્કર ટોળકીએ એવો આતંક મચાવ્યો કે વહેલી સવારે જ્યારે રહીશો જાગ્યા ત્યારે આખી સોસાયટીમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ચોરોએ પોલીસ પેટ્રોલિંગના દાવાઓની હવા કાઢતા એક સાથે પાંચ મકાનોને નિશાન બનાવ્યા છે.

આ ચોરીની ઘટનામાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે, તસ્કરો સુરક્ષાથી ઘેરાયેલા એસઆરપી (SRP) ગ્રુપ-૯ ની સરકારી દીવાલ કૂદીને ગ્રીન પાર્ક સોસાયટીની અંદર ઘુસ્યા હતા. એટલે કે જ્યાં હથિયારધારી જવાનો તૈનાત હોય છે, તેની બરાબર બાજુમાંથી જ ચોરોએ પોતાનો રસ્તો બનાવ્યો. સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં પાંચ જેટલા રીઢા તસ્કરોની આખી ટોળકી કેદ થઈ ગઈ છે, જેમાં તેઓ મોઢા પર રૂમાલ બાંધીને મકાનોના તાળા તોડતા સ્પષ્ટ જોઈ શકાય છે. એક જ રાતમાં પાંચ મકાનો સાફ, મકરપુરા પોલીસ દોડતી થઈ.

પિતા અને ભાઈને ભાવુક મેસેજ મોકલી વહાલસોયા સંતાનોએ દુનિયા છોડી!

# સુરતમાં કાળજું કંપાવનારો કિસ્સો : કોર્ટ મેરેજ કરી ચૂકેલા પ્રેમી યુગલે હોટલના રૂમમાં પીધી ઝેરી દવા..!

સુરત

પ્રેમ અને લગ્નના સપના જોતા સુરતના એક ખુશખુશાલ પ્રેમી યુગલનો એવો કરુણ અને હૃદયદ્રાવક અંત આવ્યો છે કે સાંભળીને આખું ગુજરાત ધ્રૂજી ઉઠ્યું છે. સુરતના સરથાણા વિસ્તારમાં આવેલી 'લા મરીના' હોટલના રૂમ નંબર ૧૦૩ માં ૨૩ વર્ષીય માનસી ઉમરેટીયા અને અભય ત્રાડાએ ઝેરી દવા પીને પોતાની જીવનલીલા સંકેલી લીધી છે. મૂળ અમરેલી અને જૂનાગઢના વતની અને હાલ સુરતમાં રહેતા આ બંને પરિવારો પર અચાનક આભ તૂટી પડ્યું છે.

આ ઘટનામાં સૌથી વધુ આંચકાજનક બાબત એ છે કે, દોઢ વર્ષ પહેલા જ માનસી અને અભયની સગાઈ થઈ ગઈ હતી. બંનેએ અગાઉ કોર્ટ મેરેજ પણ કરી લીધા હતા અને બંને પરિવારોની સંમતિથી ટૂંક સમયમાં સામાજિક વિધિ સાથે ધામધૂમથી લગ્ન થવાના હતા. અભય મકાન દલાલીનું કામ કરતો હતો, જ્યારે માનસી એક પ્રોપર્ટી ઓફિસમાં નોકરી કરતી હતી. બંને પોતપોતાના કામના બહાને ઘરેથી નીકળ્યા હતા અને આ હોટલમાં મળ્યા હતા.

હોટલના રૂમમાં પ્રવેશ્યા બાદ બંનેએ પહેલા પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં સફળ ન થતા બંનેએ 'સેલ્ફોસ' નામની અત્યંત ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જો કે, આ ભયાનક પગલું ભરતા પહેલા બંનેએ પોતાના પરિવારજનોને મોબાઈલ પર ભાવુક મેસેજ મોકલ્યા હતા. માનસીએ તેના પિતાને મેસેજ કરી માફી માંગી હતી, જ્યારે અભયે તેના ભાઈને વોટ્સએપ પર લખ્યું હતું કે, 'લગ્નની તારીખ નક્કી કરવામાં થતા વિલંબ અને લગ્ન વિના સાથે રહેવા ન મળતું હોવાથી અમે આ પગલું ભરી રહ્યા છીએ.'

સાંજે ૫ વાગ્યાના સુમારે જ્યારે પરિવારજનોએ આ મેસેજ જોયા ત્યારે તેમના હોશ ઊડી ગયા હતા. હોટલના સ્ટાફ અને પરિવારજનો તાત્કાલિક હોટલના રૂમ પર પહોંચ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ગયું હતું.


માનસીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયેલા અભયનું પણ બીજા દિવસે સારવાર દરમિયાન નિધન થયું હતું. અચાનક એવું તે શું બન્યું કે લગ્નના આંગણે પહોંચેલા આ યુગલે મોતનો રસ્તો પસંદ કર્યો, તે અંગે હવે સરથાણા પોલીસે બંનેના ફોન કબ્જે કરીને આત્મહત્યા પાછળનું અસલી કારણ જાણવા સઘન તપાસ શરૂ કરી છે.

## તંત્રી લેખ...

# સીજેપીના અભિજીત દીપકના નિવેદનથી રાજકારણમાં ભૂકંપ

રાજકારણમાં પ્રચાર એ એક એવું હથિયાર છે જે રાતોરાત કોઈને પણ નેતા બનાવી શકે છે. પરંતુ જ્યારે આ જ પ્રચાર અતિરેક સીમા વટાવી જાય ત્યારે લોકશાહીમાં ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. તાજેતરમાં સીજેપી (CJP) ના સ્થાપક અભિજીત દીપકે આપેલા એક નિવેદને દેશના રાજકીય અને સામાજિક આલમમાં એક નવી અને ભયાનક ચર્ચા જગાવી છે. તેમણે સણસણતો સવાલ પૂછ્યો છે કે: 'તમારો ફોટો બધે છે, પણ જવાબદારી ક્યાંય નથી?'

આ નાનકડું વાક્ય વર્તમાન શાસન વ્યવસ્થા અને નેતાઓની માનસિકતા પર સીધો પ્રહાર કરે છે. સરકારી યોજનાઓ, રેશનકાર્ડ, રસીના પ્રમાણપત્રોથી લઈને રસ્તા પરના મોટા હોર્ડિંગ્સ



સુધી જ્યાં જુઓ ત્યાં રાજકારણીઓના હસતા ચહેરા ચમકતા હોય છે. પરંતુ જ્યારે નીતિઓ નિષ્ફળ જાય, જ્યારે યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં થાય, ત્યારે આ હસતા ચહેરાઓ અચાનક કેમ ગાયબ થઈ જાય છે? આ પ્રશ્ન આજે દરેક જાગૃત નાગરિકના મનમાં ઘૂમરી ખાઈ રહ્યો છે.

શિક્ષણ પ્રણાલી અને વિદ્યાર્થીઓના રોષ વચ્ચે સળગતો સવાલ

અભિજીત દીપકનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે દેશમાં શિક્ષણ પ્રણાલી, સરકારી પરીક્ષાઓની વિશ્વસનીયતા અને વિદ્યાર્થીઓને લગતા ગંભીર મુદ્દાઓ ચર્ચામાં છે. જ્યારે કોઈ યોજના સફળ થાય ત્યારે તેનો શ્રેય લેવા માટે નેતાઓ અને પક્ષો વચ્ચે હોડ જામતી હોય છે, પણ જ્યારે શિક્ષણ વ્યવસ્થામાં ખામીઓ સર્જાય કે પેપર લીક જેવા કૌભાંડો થાય, ત્યારે જવાબદારી લેવા કોઈ આગળ આવતું નથી.

કાયદા અને નીતિઓ બનાવનાર સર્વોચ્ચ સત્તા પર બેઠેલા લોકો જ્યારે વિવાદોથી અંતર જાળવી લે છે, ત્યારે લોકશાહીની પાયાની વિભાવના નબળી પડે છે. પ્રચારના બજેટ કરોડોમાં હોય છે, પણ જ્યારે વ્યવસ્થા સુધારવાની વાત આવે ત્યારે ફંડ અને ઈચ્છાશક્તિ બંને ખૂટી પડે છે, તેવો આક્ષેપ આ નિવેદન દ્વારા કરવામાં આવ્યો છે.

### સોશિયલ મીડિયા બે ભાગમાં વહેંચાયું: વિરોધ અને સમર્થનની જંગ

આ ટિપ્પણી પ્રકાશમાં આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર તીવ્ર પ્રતિક્રિયાઓનો પૂર આવ્યો છે. વાદ-વિવાદની આ જંગમાં મુખ્યત્વે બે પ્રવાહો જોવા મળી રહ્યા છે:

જનતાનો અવાજ (સમર્થકો): નાગરિકોનો એક મોટો વર્ગ આ નિવેદનને આવકારી રહ્યો છે. તેમનું કહેવું છે કે ટેક્સપેયર્સના પૈસાથી થતા સરકારી પ્રચારમાં વ્યક્તિગત ચહેરાઓ ચમકાવવાની પ્રથા બંધ થવી જોઈએ અથવા તો જો ચહેરો તમારો હોય, તો પછી વ્યવસ્થાની નિષ્ફળતાનું કલંક પણ તમારે જ ભોગવવું પડે.

રાજકીય પક્ષો અને ટીકાકારો (વિરોધીઓ): બીજી તરફ, આ નિવેદનને કેટલાક લોકો માત્ર 'રાજકીય વાણી વિલાસ' અથવા લાઈમલાઈટમાં આવવાનો નુસખો ગણાવી રહ્યા છે. તેમનો તર્ક છે કે સરકારી યોજનાઓમાં વડાપ્રધાન કે મુખ્યમંત્રીના ફોટા એ કોઈ વ્યક્તિગત પ્રચાર નથી, પરંતુ સરકારની નીતિઓ ગરીબ અને વંચિતો સુધી પહોંચી રહી છે તેનો એક ભરોસો છે.

'પાક્કો ગુજરાત' વિશ્લેષણ: શું સત્તા જેટલી જ જવાબદારી મહત્વપૂર્ણ છે?

લોકશાહીનો સીધો અને સાદો નિયમ છે કે જ્યાં 'સત્તા' (Power) હોય ત્યાં 'જવાબદારી' (Accountability) હોવી જ જોઈએ. સત્તા એ કોઈ વિશેષાધિકાર નથી, પણ જનતા દ્વારા આપવામાં આવેલી એક મોટી જવાબદારી છે.

જ્યારે કોઈ નેતા લોકપ્રિયતાના શિખરે હોય અને જનતા તેમના એક અવાજે વોટ આપતી હોય, ત્યારે એ જ જનતા મુશ્કેલીના સમયે પોતાના નેતા પાસેથી આશ્વાસન અને નક્કર પગલાંની અપેક્ષા રાખે છે. માત્ર સારા કામોની વાહવાહી લૂંટવી અને મુશ્કેલીના સમયે મૌન ધારણ કરી લેવું અથવા તો અધિકારીઓ પર દોષનો ટોપલો ઢોળી દેવો એ તંદુરસ્ત લોકશાહીના લક્ષણો નથી.

### આખરી વાત

ચહેરા ચમકાવવાની આ હોડમાં નેતાઓએ એ ન ભૂલવું જોઈએ કે જનતા બધું જ જોઈ રહી છે. પ્રચારના હોર્ડિંગ્સ પરથી હસતો ચહેરો કદાચ વોટ અપાવી શકે, પણ કટોકટીના સમયે જનતાની વચ્ચે ઊભા રહીને જવાબદારી સ્વીકારનારો નેતા જ ઈતિહાસમાં અમર બને છે. સત્તા અને જવાબદારી એ સિક્કાની બે બાજુ છે, જો એક પણ બાજુ નબળી પડી તો આખી વ્યવસ્થા ખોરવાઈ જશે તે નક્કી છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# અમેરિકા-ઈરાન શાંતિ કરારથી ભારતને સૌથી મોટો હાશકારો

અંતે અમેરિકા અને ઈરાન યુદ્ધનો અંત લાવવા માટે શાંતિ કરાર કરવા સહમત થઈ ગયાં છે. અત્યાર લગી અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારની શરતો નક્કી થઈ ગઈ હોવાની વાતો બહુ બધી વાર મીડિયામાં આવી પણ અમેરિકા અને ઈરાન બંને એક સાથે ફોડ પાડીને વાત નહોતાં કરતાં. ડોનલ્ડ ટ્રમ્પ શાંતિ કરારની શરતો નક્કી થયાની વાત કરતા તો ઈરાન આડું ફાટતું ને ઈરાન કંઈ કહે તો અમેરિા રાવણ કાઢીને ઊભું રહી જતું. આ વખતે અમેરિકા અને ઈરાન બંનેએ જાહેરાત કરી છે કે, શાંતિ કરારની શરતો નક્કી થઈ ગઈ છે ને શુક્રવારે કરાર પર સહીસિક્કા પણ થઈ જશે. ઈઝરાયલ આ કરાર મામલે આડું ફાટ્યું છે ને અમને પૂછ્યા વિના કેમ કરારની શરતો નક્કી કરી નાંખી એવો વાંધો ઊભો કર્યો છે પણ ઈઝરાયલના વાંધાની બહુ કિંમત નથી. ઈઝરાયલ અમેરિકાનું બગલબચ્ચુ છે. ઈઝરાયલના વડા પ્રધાન નેતન્યાહુ અમેરિકાના ઈશારે ફૂંફાડા માર્યા કરે છે કે જેથી ઈરાન દાબમાં રહે અને ઈઝરાયલની મર્દ રાષ્ટ્ર તરીકેની ઈમેજ પણ જળવાયેલી રહે. બાકી એક વાર અમેરિકાએ કહી દીધું પછી નેતન્યાહુ કે બીજા કોઈની અમેરિકાનો બોલ ઉથાપવાની હિંમત નથી. ઈઝરાયલ પણ લેબેનોન પર હુમલા કરવાનું ચાલુ રહેશે એવું કહે છે તેથી ઈરાન સાથેનું યુદ્ધ સમાપ્ત કરવામાં તો તેમને પણ વાંધો નથી. આખી દુનિયા માટે આ બહુ મોટા સમાચાર છે કેમ કે ટ્રમ્પે એલાન કરી દીધું છે કે, આ કરાર હેઠળ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવામાં આવશે અને ઈરાને આ વાતનો વિરોધ કર્યો નથી.

ટ્રમ્પે ઈરાનનાં બંદરો ફરતે અમેરિકી નૌકાદળનાં જહાજોએ કરેલી નાકાબંધી હટાવવાની મંજૂરી પણ આપી દીધી છે. તેના કારણે હવે મિડલ ઈસ્ટમાંથી ક્રૂડ ઓઈલનો જથ્થો નિર્વિઘ્ને આખી દુનિયામાં પહોંચી શકશે. બીજા બધા માલ-




સામાનની હેરફેર પણ હવે નિરાંતે કરી શકાશે તેથી સોને હાશકારો થશે. આપણને વધારે હાશકારો થશે કેમ કે આપણો બે બાજુથી મરો થતો હતો. ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી ગયા તેના કારણે આપણે આર્થિક રીતે ખુવાર થતા હતા ને હોર્મૂઝ સ્ટ્રેટ બંધ હોવાથી આપણાં જહાજો અટવાયેલાં તેથી નિકાસને પણ અસર પડેલી. એર કાર્ગો મારફતે થતી ડાયમંડ સહિતની ચીજો સિવાયની ચીજોની નિકાસ લગભગ અટકી જ ગયેલી. છેલ્લે છેલ્લે તો આપણાં જહાજો પર હુમલાનો સિલસિલો પણ ચાલુ થઈ ગયેલો. એક હુમલામાં તો આપણા ત્રણ નાવિકો પણ મરાયેલા. આપણે અમેરિકા સામે રાવ નાંખી તો અમેરિકાએ આપણને હડધૂત કરીને કાઢી મૂક્યા તેથી ઈજ્જતનો ફાલુદો થયેલો એ તો અલગ. અમેરિકા-ઈરાન યુધ્ધ સમાપ્ત થશે એટલે આ બધું બંધ થઈ જશો ને ધંધા-ધાપા પાછા પહેલાંની જેમ ચાલુ થઈ જશે. આપણે ત્યાં તો યુદ્ધના કારણે પેટ્રોલ-ડીઝલ ને રાંધણ ગેસમાં ભાવવધારો આવ્યો તેમાં લોકો વગર લેવેદેવે લાંબા થઈ ગયેલા. વધેલા ભાવ પાછા ઘટે તો આપણાં નસીબ પણ ભાવ ના ઘટે તો પણ વધવાનો સિલસિલો અટકે તોય ઘણું છે. કમ સે કમ નવો બોજ તો આપણા પર નહીં આવે? ટૂંકમાં અમેરિકા-ઈરાન શાંતિ કરારથી ભારત બિલકુલ ફાયદામાં જ છે. દુ:ખ એક જ વાતનું છે કે, આ કરાર કરાવવાનો જશ પાકિસ્તાન ખાટી ગયું છે. આપણે ત્યાં ચાપલૂસ ટીવી ચેનલો લાંબા સમયથી એવું ધૂપ્પલ ચલાવ્યા કરે છે કે, અમેરિકા અને ઈરાન બંનેએ પાકિસ્તાનને ઝટકાવી નાંખ્યું તેથી શાહબાઝ શરીફ ઘરમાં ભરાઈને બેસી ગયા છે. આ જૂઠાણા વચ્ચે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે જ આ સમજૂતીની સૌથી પહેલા જાહેરાત કરીને લખેલું કે, લેબેનોન સહિત તમામ મોરચે લશ્કરી કાર્યવાહી તાત્કાલિક અને કાયમ માટે રોકવા અમેરિકા અને ઈરાન સહમત થઈ ગયાં છે. શાહબાઝ શરીફે એ પણ જાહેરાત કરી કે, અમેરિકા અને ઈરાન 19 જૂને સ્વિટ્ઝર્લેન્ડના જીનિવામાં શાંતિકરાર પર હસ્તાક્ષર કરશે. ભારત માટે આ મોટી રાજદ્વારી પીછેહઠ કહેવાય કેમ કે પાકિસ્તાન અને ઈરાનના સંબંધો સારા નથી. ઈરાન શિયાઓનો દેશ છે ને પાકિસ્તાનમાં સુન્નીઓની બહુમતી છે તેથી બંને વચ્ચે બાપે માર્યાં વેર છે. ઈરાન અલગ બલુચિસ્તાનની માગને ટેકો આપે છે એ મુદ્દે બંને વચ્ચે ચકમક ઝર્યા કરે છે. બંને વચ્ચે તો થોડા મહિના પહેલાં જંગ પણ થયેલો. બંનેએ એકબીજાના વિસ્તારોમાં બોમ્બમારો કરેલો. અમેરિકા સાથે પણ પાકિસ્તાનના સંબંધો બહુ ઉષ્માપૂર્ણ નથી જ. બીજી તરફ અમેરિકા આપણું દોસ્ત હોવાનો દાવો કરે છે. ડોનલ્ડ ટ્રમ્પ નરેન્દ્ર મોદીના દોસ્ત છે એ વાતે આપણે હરખાઈએ છીએ ને ટ્રમ્પ માય ડિયર ફ્રેન્ડ મોદી કહે તેમાં તો આપણે ગોળ ગોળ થઈ જઈએ છીએ. અમેરિકા પાસેથી શસ્ત્રોથી માંડીને ટેકનોલોજી સુધીનો કરોડોનો માલ આપણે લઈએ છીએ. ઈરાન સાથે પણ આપણા સારા સંબંધો જ છે ને યુદ્ધ શરૂ થયું પછી પણ ઈરાને આપણને મિત્ર ગણાવીને આપણાં જહાજોને પસાર થવા દેવાશે એવી ખાતરી આપી હોવાનો દાવો કરાયેલો. એ છતાં આપણાં જહાજો પર હુમલા થયા, આપણા નાવિકોની હત્યા કરાઈ ને શાંતિ મંત્રણામાં આપણો ભાવ પણ ના પૂછાયો. આપણા વડા પ્રધાન ઈટાલીનાં વડા પ્રધાન મેલોનીને મેલોડી ખવડાવવામાં વ્યસ્ત હતા ત્યારે શાહબાઝ શરીફે અમેરિકા ને ઈરાનને મનાવીને કરાર કરવાનો તખ્તો તૈયાર કરી દીધો. આપણાં જહાજો પર હુમલાની ફરિયાદ કરી તો અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રૂબિયોએ એમ કહીને આપણને ધૂત્કારી કાઢ્યા કે, મિડલ ઈસ્ટમાં અમેરિકા કહે એમ જ કરવાનું રહેશે ને અમેરિકાની વિરુધ્ધ ચાલ્યા તો હુમલા પણ થશે ને માણસો પણ મરશે.

ભારત જેવા વિશ્વમાં સૌથી વધારે વસતી અને સૌથી મોટું માર્કેટ ધરાવતા દેશ સાથે અમેરિકા આ ભાષામાં વાત કરવાની ગુસ્તાખી કરી જાય એ અમેરિકાની જોહુકમી તો બતાવે જ છે પણ આપણી નબળાઈ પણ બતાવે છે કેમ કે આપણે અમેરિકાને એ જ ભાષામાં જવાબ નથી આપી શકતા. ખેર, આ બધા બળાપાનો મતલબ નથી. મુખ્ય વાત તો મિડલ ઈસ્ટમાં ફરી સ્થપાનારી શાંતિ છે. અમેરિકા અને ઈરાનના બે મહિનાથી ચાલતા યુદ્ધના કારણે આખી દુનિયામાં બધું સખળડખળ થઈ ગયું છે. શાંતિ કરારના કારણે મિડલ ઈસ્ટમાં શાંતિ થશે તો જિંદગી પાછી પૂર્વવત થવાની શરૂઆત થશે. શાંતિ કરારના કારણે ઈરાનના ક્રૂડના વેચાણને મંજૂરી મળશે તો ભારત સહિતના દેશોને સાવ નજીકથી સસ્તામાં ક્રૂડ ઓઈલ મળતું પણ થશે. તેના કારણે પેટ્રોલ-ડીઝલ, રાંધણ ગેસના ભાવો કાબૂમાં રહેશે ને ઉદ્યોગોને અવિરત પુરવઠો મળતો રહેશે તેથી અર્થતંત્ર પણ તેજીમાં આવશે.

# અમેરિકાનું અભેદ્ય કવચ: 'સ્ટાર વોર્સ'ની કલ્પના બની હકીકત, $1.2 ટ્રિલિયનના પ્રોજેક્ટનું સફળ પરીક્ષણ!

વૈશ્વિક સંરક્ષણ અને સૈન્ય ટેક્નોલોજીના ઈતિહાસમાં એક નવો અધ્યાય શરૂ થઈ ચૂક્યો છે. અમેરિકાને કોઈપણ પ્રકારના હવાઈ આક્રમણથી સંપૂર્ણ સુરક્ષિત રાખવાના હેતુ સાથે શરૂ કરાયેલા ટ્રમ્પ વહીવટીતંત્રના સૌથી પ્રતિષ્ઠિત અને મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'ગોલ્ડન ડોમ ફોર અમેરિકા' (GDA) એ તેનું પ્રથમ લાઈવ ઈન્ટરસેપ્ટ પરીક્ષણ સફળતાપૂર્વક પાર પાડીને વિશ્વને ચોંકાવી દીધું છે. પેન્ટાગોને જાહેર કરેલી વિગતો અનુસાર, આ ટેક્નોલોજીએ અત્યંત આધુનિક અને ઘાતક એવા મલ્ટિપલ ડ્રોન સ્વોર્મ્સ અને ક્રુઝ મિસાઈલોને હવામાં જ સચોટ રીતે નષ્ટ કરીને અમેરિકાને એક અભેદ્ય સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે.

ઈઝરાયલના આયર્ન ડોમથી પ્રેરિત, પરંતુ વધુ શક્તિશાળી

ગોલ્ડન ડોમ પ્રોજેક્ટ મૂળભૂત રીતે ઈઝરાયલની વિશ્વવિખ્યાત 'આયર્ન ડોમ' સિસ્ટમથી પ્રેરિત છે, પરંતુ તે કદ, વ્યાપ અને ટેક્નોલોજીની દૃષ્ટિએ તેનાથી ઘણો મોટો, અત્યંત જટિલ અને અદ્યતન છે. આયર્ન ડોમ મુખ્યત્વે ટૂંકા અંતરના રોકેટ અને મોર્ટાર હુમલા રોકવા સક્ષમ છે, જ્યારે અમેરિકાનો આ ગોલ્ડન ડોમ અમેરિકાને બેલિસ્ટિક મિસાઈલો, અવાજ કરતાં વધુ ઝડપી હાઈપરસોનિક શસ્ત્રો, ક્રુઝ મિસાઈલો, આધુનિક ડ્રોન અને અન્ય તમામ પ્રકારના હવાઈ જોખમો સામે 100% સ્તરીય રક્ષણ આપવા માટે ડિઝાઈન કરાયો છે.

1.2 ટ્રિલિયન ડોલરનો ગંજાવર ખર્ચ!

આ પ્રોજેક્ટની વિશાળતાનો અંદાજ તેના નાણાકીય બજેટ પરથી લગાવી શકાય છે. શરૂઆતમાં આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ $175 બિલિયન એટલે કે રૂ. 16.62 લાખ કરોડ આંકવામાં આવ્યો હતો, પરંતુ વર્તમાન સંજોગો અને આધુનિક જરૂરિયાતોને જોતા આ ખર્ચ વધીને $1.2 ટ્રિલિયન એટલે કે રૂ. 114 લાખ કરોડ સુધી પહોંચી શકે છે. આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ અમેરિકાના ઈતિહાસના સૌથી મોટા સંરક્ષણ પ્રોજેક્ટ્સ પૈકીની એક છે.

### મિલિસેકન્ડ્સમાં નિર્ણય લેતી ઓટોનોમસ સિસ્ટમ્સ

આ સફળ પરીક્ષણ દરમિયાન યુએસ સેનાના ચુનંદા સૈનિકોએ આગામી પેઢીની (Next Gen) સંરક્ષણ ટેક્નોલોજી સાથે લાઈવ ઓપરેશન કર્યું હતું. આ સિસ્ટમની સૌથી મોટી વિશેષતા તેની ડાયનેમિક ડિફેન્સ ઓટોનોમસ ડિફિટ (DDAD) સિસ્ટમ છે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગની મદદથી કામ કરે છે, જે કોઈપણ માનવીય હસ્તક્ષેપ વિના આપમેળે જ દુશ્મનના જોખમોને ઓળખે છે, તેને ટ્રેક કરે છે અને સ્વાયત્ત નિર્ણયો લઈને તેનો નાશ કરે છે. 1980ના દાયકામાં અમેરિકાના તત્કાલીન પ્રમુખ રોનાલ્ડ રેગને સ્ટ્રેટેજિક ડિફેન્સ ઈનિશિયેટિવ પ્રોજેક્ટ વિચાર્યો હતો. એમાં 'સ્ટાર વોર્સ' ફિલ્મમાં દેખાડેલું એ રીતે અંતરિક્ષમાં લેસર હથિયારો સ્થાપિત કરવાની યોજના હોવાને કારણે મીડિયા અને લોકોમાં તે પ્રોજેક્ટ 'સ્ટાર વોર્સ' (Star Wars) ના નામે પ્રખ્યાત થયો હતો. એ જમાનામાં તે માત્ર કલ્પના જેવો લાગતો હતો, કારણ કે તે સમયે જરૂરી સાધનો નહોતા. પરંતુ, આજના યુગમાં સેન્સર્સ, કોમ્પ્યુટેશનલ પાવર, AI અને સસ્તા સ્પેસ લોન્ચિંગને કારણે 'ગોલ્ડન ડોમ' પ્રોજેક્ટ હકીકત બની રહ્યો છે. ટ્રમ્પે જાન્યુઆરી 2025માં એક એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા સત્તાવાર રીતે આ પ્રોજેક્ટ લોન્ચ કર્યો હતો અને મે 2025 માં તેનું નામ 'ગોલ્ડન ડોમ' રખાયું હતું. આ પ્રોજેક્ટનું લક્ષ્ય વર્ષ 2029 સુધી તેની પ્રારંભિક કાર્યકારી ક્ષમતા પ્રાપ્ત કરી લેવાનો છે.

### ગોલ્ડન ડોમ અમેરિકાને 100% સુરક્ષા આપશે?

આ પ્રોજેક્ટ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા જગાવી રહ્યો છે. સંરક્ષણ વિશ્લેષકોનું માનવું છે કે રશિયા અને ચીન જેવા પરમાણુ સત્તા ધરાવતા દેશો સામે 100% સુરક્ષા મેળવવી અત્યંત જટિલ છે. આ દેશો અમેરિકાના ગોલ્ડન ડોમને એક આક્રમક પગલાં તરીકે જોઈ શકે છે, જેના કારણે વૈશ્વિક સ્તરે એક નવી શસ્ત્ર સ્પર્ધા શરૂ થવાનું જોખમ પણ છે. આ ઉપરાંત, આટલી વિશાળ પ્રણાલીના મોટા પાયે ઉત્પાદન માટે અમેરિકાએ પોતાની આંતરિક ઔદ્યોગિક ક્ષમતામાં પણ ધરખમ વધારો કરવો પડશે. આમ છતાં, સમર્થકો દલીલ કરે છે કે આ 'Peace through Strength' (શક્તિ દ્વારા શાંતિ) ની નીતિ છે, જે દુશ્મનોને અમેરિકા પર હુમલો કરતાં પહેલાં સો વાર વિચારવા મજબૂર કરશે.

# લેબેનોનની 'પોલિટિકલ નો-મેન્સ લેન્ડ'માં ઇઝરાયલી સેના ફસાઇ રહેલી છે

તેલ-અવીવ

લેબેનોનમાં કાર્યરત ઈઝરાયલી ટ્રુપ્સ ખરેખરી 'પોલિટિકલ નો-મેન્સ લેન્ડ'માં ફસાઈ ગયા છે. ટ્રમ્પ નેતન્યાહુને કહે છે લેબેનોનમાં લશ્કરી કાર્યવાહી બંધ થવી જ જોઈએ જ્યારે ઈઝરાયલી નાગરિકો સામું તેટલું જ દબાણ કરી રહ્યા છે કે ઈરાનનું પીઠબળ ધરાવતા હીઝબુલ્લાહ ઉપર લશ્કરી કાર્યવાહી ચાલુ રાખવી જ જોઈએ. અમેરિકી પ્રમુખનું તો સ્પષ્ટ કહેવું છે કે, લેબેનોનમાં થઈ રહેલું યુદ્ધ શાંતિ-મંત્રણાને પાટા ઉપરથી ખેરવી નાખે છે. વૉશિંગ્ટન- તહેરાન શાંતિ મંત્રણા પર એનું જોખમ ઉપસ્થિત થશે. બીજી તરફ ઈઝરાયલી દળોએ દક્ષિણ લેબેનોન પર બે વખત હુમલા કર્યા હતા. ઈઝરાયલી સેનાનું કહેવું છે કે, દક્ષિણ લેબેનોનમાં આવેલા અલિ-અલ નાહેર પર્વતમાળામાં રહેલા હિઝબુલ્લાહ હુમલાઓ કરી રહ્યા છે. મહત્ત્વની વાત એ છે કે દક્ષિણ લેબેનોનનો આ પ્રદેશ ઈઝરાયેલના ઉત્તર ભાગને સ્પર્શે છે તેથી ત્યાં રહેલા આતંકીઓ ઈઝરાયલ માટે ભયરૂપ છે. આથી ઈઝરાયલના નાગરિકો જ નેતન્યાહુ ઉપર યુદ્ધ ચાલુ રાખવા દબાણ કરી રહ્યા છે. સાથે ઈઝરાયલના અગ્રણીઓ કહે છે કે, ઈઝરાયેલમાં તે અલિ-અલ-નાહેરના પ્રવતીય પ્રદેશ પર કબ્જો જમાવી જ દેવો જોઈએ જેથી ઈઝરાયેલી સેના પૂરી તાકાતથી કાર્ય કરી શકે. ઉલ્લેખનીય છે કે ઈઝરાયલે ગોલન-હાઈટ્સ પર તો કબ્જો જમાવી જ દીધો છે. આ ગોલન હાઈટલ ઈઝરાયલ સીરીયાની સરહદે આવેલી છે તેવી જ રીતે ઈઝરાયલ સંપૂર્ણ અલિ-અલ-નાહેર પર્વતમાળા ઉપર કબજો જમાવી પોતાની વ્યૂહાત્મક સ્થિતિ મજબૂત બનાવવા માંગે છે તેણે તે પર્વતમાળાનો દક્ષિણનો ભાગ તો કબ્જે કરી જ દીધો છે. ટૂંકમાં, ઈઝરાયેલ લેબેનોન યુદ્ધ પશ્ચિમ એશિયાની શાંતિ જોખમાવી રહ્યું છે. શાંતિ મંત્રણમાં અવરોધ કરી રહે તેમ છે. તેલ-અવીવ : લેબેનોનમાં કાર્યરત ઈઝરાયલી ટ્રુપ્સ ખરેખરી 'પોલિટિકલ નો-મેન્સ લેન્ડ'માં ફસાઈ ગયા છે. ટ્રમ્પ નેતન્યાહુને કહે છે લેબેનોનમાં લશ્કરી કાર્યવાહી બંધ થવી જ જોઈએ જ્યારે ઈઝરાયલી નાગરિકો સામું તેટલું જ દબાણ કરી રહ્યા છે કે ઈરાનનું પીઠબળ ધરાવતા હીઝબુલ્લાહ ઉપર લશ્કરી કાર્યવાહી ચાલુ રાખવી જ જોઈએ. અમેરિકી પ્રમુખનું તો સ્પષ્ટ કહેવું છે કે, લેબેનોનમાં થઈ રહેલું યુદ્ધ શાંતિ-મંત્રણાને પાટા ઉપરથી ખેરવી નાખે છે. વૉશિંગ્ટન- તહેરાન શાંતિ મંત્રણા પર એનું જોખમ ઉપસ્થિત થશે. બીજી તરફ ઈઝરાયલી દળોએ દક્ષિણ લેબેનોન પર બે વખત હુમલા કર્યા હતા. ઈઝરાયલી સેનાનું કહેવું છે કે, દક્ષિણ લેબેનોનમાં આવેલા અલિ-અલ નાહેર પર્વતમાળામાં રહેલા હિઝબુલ્લાહ હુમલાઓ કરી રહ્યા છે. મહત્ત્વની વાત એ છે કે દક્ષિણ લેબેનોનનો આ પ્રદેશ ઈઝરાયેલના ઉત્તર ભાગને સ્પર્શે છે તેથી ત્યાં રહેલા આતંકીઓ ઈઝરાયલ માટે ભયરૂપ છે. આથી ઈઝરાયલના નાગરિકો જ નેતન્યાહુ ઉપર યુદ્ધ ચાલુ રાખવા દબાણ કરી રહ્યા છે. સાથે ઈઝરાયલના અગ્રણીઓ કહે છે કે, ઈઝરાયેલમાં તે અલિ-અલ-નાહેરના પ્રવતીય પ્રદેશ પર કબ્જો જમાવી જ દેવો જોઈએ જેથી ઈઝરાયેલી સેના પૂરી તાકાતથી કાર્ય કરી શકે. આ ગોલન હાઈટલ ઈઝરાયલ સીરીયાની સરહદે આવેલી છે તેવી જ રીતે ઈઝરાયલ સંપૂર્ણ અલિ-અલ-નાહેર પર્વતમાળા ઉપર કબજો જમાવી પોતાની વ્યૂહાત્મક સ્થિતિ મજબૂત બનાવવા માંગે છે.

# રાહત માટે નહીં, આતંકવાદ માટે અમેરિકી પૈસા વપરાય છે : મસ્કના દાવાથી હડકંપ

વૉશિંગ્ટન

દુનિયાની સૌથી અમીર વ્યક્તિ અને ટેસ્લા-સ્પેસ એક્સના સ્થાપક એલન મસ્કે અમેરિકા દ્વારા ગરીબ દેશોને અપાતી મદદ અંગે ચોંકાવનારો દાવો કર્યો છે. તેઓએ સોશ્યલ મીડિયા 'એક્સ' ઉપર લખ્યું કે, અમેરિકી એજન્સી યુ.એસ. એઈડના પૈસા આતંકવાદને પોષવા માટે જ વપરાય છે. તેઓના આ વિધાનોથી અમેરિકા તથા અન્ય દેશોમાં હડકંપ મચી ગયો છે. મસ્કે એક્સ પર એક યૂઝરને જવાબ આપતા લખ્યું કે, સીરીયાના એક નાગરિકે અમેરિકા દ્વારા અપાતી લાખ્ખો ડૉલરની રકમ, અલ- કાયદા સાથે જોડાયેલા એક આતંકવાદી સંગઠનને મોકલી દીધી હતી. એલન મસ્કના અમેરિકી અધિકારીઓએ પણ પુષ્ટિ કરી હતી.

અમેરિકાની જાસૂસી સંસ્થા ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઇ)ના એક વિશેષ એજન્ટ સંજય વીરમાનીએ કહ્યું હતું કે, 'આતંકી સંગઠન અલ-હફયાને અમેરિકાએ રાહત કાર્યો માટે મોકલેલા પૈસાથી પોતાના જ ખિસ્સા ભર્યા હતા તે માટે દસ્તાવેજી પુરાવા પણ છે. અને તે માટે હાથ



ધરાયેલી તપાસમાં પણ તે જાણવા મળ્યું છે. ૨૦૨૪ના યુ.એસ. એઈડ ઓ.આઈ.જી.એ એક એડવાઈઝરીમાં જણાવ્યું હતું કે, ગાઝામાં પણ સહાય માટે મોકલેલી રકમમાં ચોરી થવાની પૂરી શક્યતા છે કારણ કે તે રકમ ખોટા હાથોમાં જઈ રહી છે.' નવી દિલ્હી : દુનિયાની સૌથી અમીર વ્યક્તિ અને ટેસ્લા- સ્પેસ એક્સના સ્થાપક એલન મસ્કે અમેરિકા દ્વારા ગરીબ દેશોને અપાતી મદદ અંગે ચોંકાવનારો દાવો કર્યો છે. તેઓએ સોશ્યલ મીડિયા 'એક્સ' ઉપર લખ્યું કે, અમેરિકી એજન્સી યુ.એસ. એઈડના પૈસા આતંકવાદને પોષવા માટે જ વપરાય છે. તેઓના આ વિધાનોથી અમેરિકા તથા અન્ય દેશોમાં હડકંપ મચી ગયો છે. મસ્કે એક્સ પર એક યૂઝરને જવાબ આપતા લખ્યું કે, સીરીયાના એક નાગરિકે અમેરિકા દ્વારા અપાતી લાખ્ખો ડૉલરની રકમ, અલ- કાયદા સાથે જોડાયેલા એક આતંકવાદી સંગઠનને મોકલી દીધી હતી. એલન મસ્કના અમેરિકી અધિકારીઓએ પણ પુષ્ટિ કરી હતી. અમેરિકાની જાસૂસી સંસ્થા ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઇ)ના એક વિશેષ એજન્ટ સંજય વીરમાનીએ કહ્યું હતું કે, 'આતંકી સંગઠન અલ-હફયાને અમેરિકાએ રાહત કાર્યો માટે મોકલેલા પૈસાથી પોતાના જ ખિસ્સા ભર્યા હતા તે માટે દસ્તાવેજી પુરાવા પણ છે. અને તે માટે હાથ ધરાયેલી તપાસમાં પણ તે જાણવા મળ્યું છે.




### ગૌચર જમીનથી લઈ પંચાયતના નવા મકાન સુધી ગેરરીતિઓની તપાસની માંગ ઉગ્ર બની!

# પારખેત ગ્રામ પંચાયત સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો

## પારખેત પંચાયત પર ભ્રષ્ટાચારના બોમ્બ, અનેક કામોમાં ગેરરીતિના ગંભીર આક્ષેપ, જાગૃત નાગરિકે ખખડાવ્યા તંત્રના દરવાજા!



**વાગરા, સૈફ અલી ભટ્ટી**

ભરૂચ તાલુકાના પારખેત ગામમાં ગ્રામ પંચાયતની વિવિધ કામગીરીઓમાં કથિત ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. ગામના જાગૃત નાગરિકે ભરૂચ જિલ્લા કલેક્ટર સહિત અનેક સરકારી વિભાગોમાં લેખિત રજૂઆતો કરી પંચાયતની કામગીરીની ઉચ્ચસ્તરીય તપાસ કરાવવા અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. રજૂઆતોમાં ગૌચર જમીન પર આરસીસી રોડ બનાવવાથી લઈને ગ્રામ પંચાયતના નવા મકાનના બાંધકામમાં નીચી ગુણવત્તાના મટીરિયલના ઉપયોગ સુધીના અનેક મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. અરજી મુજબ પારખેત ગામની ગૌચર જમીનમાં આવેલી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ હોવા છતાં ત્યાં આરસીસી રોડનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અરજદારે પંચાયત દ્વારા કરાયેલા ઠરાવો, એસ્ટિમેટ, વર્ક ઓર્ડર તથા સંબંધિત અધિકારીઓની મંજૂરી સહિતના દસ્તાવેજો જાહેર કરવાની માંગ કરી છે. ઉપરાંત એન.એ. થયેલા પ્લોટોમાં પણ પંચાયત દ્વારા રોડ, પાણીની લાઈન, સ્ટ્રીટલાઈટ જેવી સુવિધાઓ ઉભી કરાઈ હોવાના આક્ષેપ સાથે આ કામગીરી પાછળના ખર્ચ અને મંજૂરી પ્રક્રિયા અંગે પણ સવાલો ઉભા કરાયા છે. આ ઉપરાંત ગામ પંચાયતના નવા મકાનના બાંધકામમાં પણ ગંભીર ગેરરીતિઓ થઈ રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ બાંધકામમાં વપરાતું મટીરિયલ હલકી ગુણવત્તાનું હોવાનું તથા યોગ્ય ટેક્નિકલ ધોરણોનું પાલન ન થતું હોવાના આક્ષેપો કરાયા છે. કામ દરમિયાન જરૂરી પાણીનો છંટકાવ ન થતો હોવા, યોગ્ય પ્રમાણમાં મટીરિયલનો ઉપયોગ ન થતો હોવા તેમજ ઉતાવળમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી રહી હોવાની ફરિયાદ પણ કરવામાં આવી છે. જેના કારણે સરકારી નાણાંનો દુરુપયોગ થતો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. અત્રે મહત્વનું એ છે કે, અરજદાર દ્વારા અગાઉ પણ વિવિધ સ્તરે રજૂઆતો કરવામાં આવી હતી, જેના આધારે કલેક્ટર કચેરી દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને જરૂરી કાર્યવાહી કરી અહેવાલ રજૂ કરવા સૂચના આપવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. તેમ છતાં હજુ સુધી સંતોષકારક કાર્યવાહી ન થતા અરજદારે ફરીથી સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરાવી દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. પારખેત ગામમાં પંચાયતની કામગીરી સામે ઉઠેલા આ ગંભીર આક્ષેપોએ સ્થાનિક સ્તરે ચર્ચા જગાવી છે. હવે જિલ્લા વહીવટીતંત્ર અને વિકાસ વિભાગ આ મામલે કેટલી ઝડપથી અને કેટલી પારદર્શક રીતે તપાસ કરે છે. તેના પર સૌની નજર મંડાઈ છે. જો રજૂઆતોમાં કરાયેલા આક્ષેપો સાચા સાબિત થાય તો ગ્રામ વિકાસના નામે સરકારી નાણાંના દુરુપયોગ અને સત્તાના દુરુપયોગનો મોટો ભંડાફોડ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. અત્રે નોંધનીય છે, કે અરજદાર દ્વારા કરવામાં આવેલા આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ હાલ સુધી કોઈ સરકારી વિભાગ દ્વારા કરવામાં આવી નથી. અને આ સમગ્ર મામલો તંત્રની તપાસનો વિષય છે. તેમ છતાં અરજદારે વિવિધ ફોટોગ્રાફ્સ, દસ્તાવેજો અને લેખિત રજૂઆતો સાથે કલેક્ટર કચેરી સહિત અનેક સરકારી વિભાગોનું ધ્યાન આ મુદ્દા તરફ દોરતા સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા અને ચકચાર મચી છે. ગૌચર જમીન પર થયેલી કામગીરી, આર.સી.સી. રોડના નિર્માણ અને ગ્રામ પંચાયતના નવા મકાનના બાંધકામમાં ગેરરીતિઓ થઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે અરજદારે નિષ્પક્ષ, તટસ્થ અને ઉચ્ચસ્તરીય તપાસની માંગ ઉઠાવી છે.

# ખંભાતના પીપળોઈના પેઢીનામાંની આકરી મહેનત કરતા બે કર્મચારીએ પોતાની પેઢીનું કલંક લખ્યું

**આણંદ**

ખંભાતના દરિયાકાંઠે એક સમયે ચાંચિયાઓનો ત્રાસ હતો, પણ આજે કાયદાના ઓઠા હેઠળ સરકારી કચેરીઓમાં બેઠેલા લાંચિયાઓએ માઝા મૂકી છે. અંગ્રેજો ભલે દેશ છોડીને ચાલ્યા ગયા, પરંતુ પ્રજાને લૂંટવાની તેમની માનસિકતા આજે પણ કર્મચારીઓના સ્વાંગમાં કેટલાક લૂંટારાઓએ જીવતી રાખી છે.

સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારે એવી તોબા પોકારાવી છે કે સામાન્ય માણસ માટે વહીવટી કામ કરાવવું દોહ્યલું બન્યું છે. આવો જ એક શરમજનક કિસ્સો ખંભાતના પીપળોઈ ગામમાંથી સામે આવ્યો છે, જ્યાં પેઢીનામું કરી આપવા જેવી આકરી મહેનતના નામે બે ભ્રષ્ટ કર્મચારીઓએ પોતાની આખી પેઢીનું કલંક લખી નાખ્યું છે.

મળતી વિગતો મુજબ, પીપળોઈ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કૈવન શાહ અને વીસીઈ (VCE) શૈલેષભાઈ મકવાણાએ એક અરજદાર પાસે પેઢીનામું બનાવી આપવાના અવેજ પેટે રૂપિયા 6,000ની લાંચની માંગણી કરી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)નો સંપર્ક કર્યો હતો.

બાતમી અને ફરિયાદના આધારે એસીબીની ટીમે પીપળોઈ ગ્રામ પંચાયત કચેરીમાં જ છટકું ગોઠવ્યું હતું. આ રંગેહાથ પકડવાના પ્લાનિંગ દરમિયાન તલાટી કૈવન શાહ અને વચેટીયા બનેલા વીસીઈ શૈલેષભાઈ મકવાણા અરજદાર પાસેથી રૂપિયા 6,000ની લાંચ સ્વીકારતા જ એસીબીના સકંજામાં સપડાઈ ગયા હતા. એસીબીની ટીમે બંને લાંચિયા કર્મચારીઓને પંચોની હાજરીમાં રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની અટકાયત કરી છે.

# ઈડરમાં ખનન માફિયાઓ બેફામ : પીટીસી કોલેજ રોડ પર રાત્રિના અંધારામાં કરોડોની માટી ચોરીનો ખેલ!

## મોટો સવાલ: આટલું મોટું કૌભાંડ સ્થાનિક ખાણ ખનીજ વિભાગની જાણ બહાર થઈ શકે ખરું?

**ઈડર, જાકીર મેમણ**

સત્તાવાળાઓની મીઠી નજર હેઠળ સાબરકાંઠાના ઈડરમાં ખનન માફિયાઓ રાતોરાત કુદરતી સંપત્તિ લૂંટી રહ્યા છે. ઈડર શહેરના પી.ટી.સી. કોલેજ રોડ પર, લાલોડા નજીક આવેલા કુમાર છાત્રાલય પાસેના વિસ્તારમાંથી છેલ્લા કેટલાક સમયથી રાત્રિના અંધારામાં ગેરકાયદેસર માટી ખનનનો મોટો ખેલ ચાલી રહ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, જે ખાણ ખનીજ વિભાગ પર આ ચોરી રોકવાની જવાબદારી છે, તે વિભાગ હાલ ઘોર નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે.

અમારી તપાસમાં સામે આવ્યું છે કે મોડી રાત થતાં જ આ વિસ્તારમાં જેસીબી મશીનો ગર્જવા લાગે છે. કોઈ પણ પ્રકારની



રોયલ્ટી, પાસ કે સત્તાવાર પરમિટ વગર હજારો ટન માટી ખોદી કાઢવામાં આવી રહી છે. માત્ર એટલું જ નહીં, આ ગેરકાયદેસર માટીને ઓવરલોડ ડમ્પરોમાં ભરીને ઈડર-હિંમતનગર રોડ પર આવેલા શીત કેન્દ્ર પાસેની એક સોસાયટીમાં ખુલ્લેઆમ ખાલી કરવામાં આવી રહી છે.

પરમિટ વગર દોડતા આ ઓવરલોડ ડમ્પરો માત્ર સરકારી તિજોરીને જ ચૂનો નથી લગાવી રહ્યા, પરંતુ રાત્રિના સમયે રોડ પરથી પસાર થતા નિર્દોષ વાહનચાલકોના જીવ માટે પણ મોટું જોખમ ઊભું કરી રહ્યા છે.

મોટો સવાલ: એક તરફ સરકાર ખનીજ ચોરી રોકવાના દાવા કરે છે, તો બીજી તરફ ઈડરની છાતી ચીરીને માફિયાઓ લાખો-કરોડો રૂપિયાની ખનિજચોરી કરી રહ્યા છે. આટલું મોટું કૌભાંડ સ્થાનિક ખાણ ખનીજ વિભાગની જાણ બહાર થઈ શકે ખરું? કે પછી આ મૌન પાછળ કોઈ મોટો 'વહીવટ' જવાબદાર છે?

તંત્રની આવી આખ આડા કાન કરવાની નીતિને કારણે જ ખનન માફિયાઓના હોસલા બુલંદ બન્યા છે. હવે જોવાનું એ રહે છે કે 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના આ અહેવાલ બાદ ઊંઘતું ઝડપાયેલું ખાણ ખનીજ વિભાગ જાગશે ખરું? આ બેફામ બનેલા માફિયાઓ સામે ક્યારે કડક કાનૂની પગલાં લેવાશે, તે હવે લોકમુખે ચર્ચાતો મોટો સવાલ છે.

# ઈડરની શ્રી કે.એમ.પટેલ વિદ્યામંદિરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો

**ઈડર, જાકીર મેમણ**


ઈડરની શ્રી કે.એમ.પટેલ વિદ્યામંદિરમાં તારીખ 23 ના રોજ ધોરણ 9 અને ધોરણ 11 નો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો જેમાં ધોરણ નવ માં પ્રવેશ લીધેલ 193 વિદ્યાર્થીઓ તેમજ ધોરણ 11 માં પ્રવેશ મેળવેલ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના કુલ 343 વિદ્યાર્થીઓ મળીને કુલ 536 વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવાયો હતો આ કાર્યક્રમ દરમિયાન મુખ્ય મહેમાન તરીકે અંડર સેક્રેટરી ટ્રાઈબલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ' સચિવાલય ગાંધીનગરથી દિગ્વિજયસિંહ કુંપાવત સાહેબની વિશેષ ઉપસ્થિતિ રહી. આ ઉપરાંત દિનેશભાઈ સુતરીયા લાઈસનિંગ ઓફિસર પ્રવેશોત્સવ જયેશભાઈ પ્રજાપતિ (ટી.પી.ઓ) રાકેશભાઈ પટેલ (સી.આર.સી) આરીફભાઈ (બી.આર.સી) ઈડર તેમજ મંડળના મંત્રીશ્રી અનિલભાઈ પટેલ તેમજ પ્રકાશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે જ્ઞાન સાધના તેમજ એનએમએમએસ પરીક્ષા તથા અન્ય જાહેર પરીક્ષામાં મેરીટમાં સ્થાન ધરાવનાર તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટથી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પણ શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકશ્રી હેમેન્દ્રભાઈ પટેલ, કલ્પેશભાઈ પટેલ તથા સી.એમ સોલંકી અને સમગ્ર શાળા પરિવાર આચાર્ય પી.કે પટેલ અને સુપરવાઈઝર એ.જી મોમીને તમામને બિરદાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની ધોરણ 11 ના વિદ્યાર્થીઓ પટેલ હેતા અને થુરી ક્રિશ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આધુનિક ટેક્નોલોજીથી દર્દીઓને મળશે વધુ સુરક્ષિત અને ઝડપી સારવારની સુવિધા

# પ્રકૃતિ ફાઉન્ડેશન દ્વારા ઝાલોદ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલને ડેન્ટલ એક્સ-રે મશીનનું દાન

**ઝાલોદ, પંકજ પંડિત**

ઝાલોદની Sub District Hospital Zalod, જે ઝાલોદ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તાર માટે આરોગ્યસેવાનો મુખ્ય આધાર કેન્દ્ર માનવામાં આવે છે, ત્યાં આજ રોજ ડેન્ટલ વિભાગમાં Prakruti Foundation દ્વારા આધુનિક ડેન્ટલ એક્સ-રે મશીનનું દાન આપવામાં આવ્યું હતું.



સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં સામાન્ય સારવાર, ઈમરજન્સી સેવા, પ્રસૂતિ, સર્જરી, ડેન્ટલ સારવાર તેમજ વિવિધ આરોગ્ય ચકાસણીઓ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે અને રોજબરોજ મોટી સંખ્યામાં દર્દીઓ અહીં સારવાર માટે આવે છે. આવી સ્થિતિમાં ડેન્ટલ વિભાગ માટે મળેલું આ નવું મશીન દર્દીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે.

નવા મશીનથી હવે દાંત સંબંધિત રોગોના નિદાનમાં વધુ ઝડપ અને ચોકસાઈ આવશે. ખાસ કરીને દર્દીઓને ડેન્ટલ એક્સ-રે માટે હવે વધુ સારી અને આધુનિક સુવિધા મળશે. હોસ્પિટલના તબીબી સ્ટાફે જણાવ્યું હતું કે આ મશીનની વિશેષતા એ છે કે જૂના મશીનની સરખામણીએ ચારમા ભાગ કરતાં પણ ઓછું રેડિયેશન ઉત્પન્ન થાય છે, જેના કારણે દર્દીઓ માટે આ વધુ સુરક્ષિત છે.

હોસ્પિટલમાં સતત આધુનિક સુવિધાઓ ઉમેરાતી હોવાથી ઝાલોદ અને આસપાસના ગામડાઓના દર્દીઓને શહેર બહાર ગયા વિના ગુણવત્તાસભર સારવાર મળી રહી છે. પ્રકૃતિ ફાઉન્ડેશનના આ દાનને કારણે આરોગ્યસેવામાં વધુ એક મહત્વપૂર્ણ સુવિધાનો ઉમેરો થયો છે, જેને લઈ નગરજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# કળિયુગની પરાકાષ્ઠા: માતાજીને પગે લાગી, અગરબત્તી કરી અને પછી ચાંદીના 7 છતર ચોરી તસ્કર ફરાર, સમગ્ર ઘટના CCTVમાં કેદ

**ભાવનગર (બગદાણા)**

ભાવનગર જિલ્લાના પ્રખ્યાત યાત્રાધામ બગદાણામાંથી એક ચોંકાવનારી અને આસ્થાને ઠેસ પહોંચાડતી ઘટના સામે આવી છે. અહીં આવેલા મેલડી માતાના મંદિરમાં એક વિચિત્ર અને શાતિર ચોરીની ઘટના બની છે. મંદિરમાં દર્શન કરવાના બહાને આવેલા એક તસ્કરે પહેલાં તો માતાજીની મૂર્તિ સામે લળી-લળીને પગે લાગ્યો, ત્યાં રાખેલી અગરબત્તી સળગાવી અને ત્યારબાદ મોકો જોઈને માતાજીના ગર્ભગૃહમાં રાખેલા ચાંદીના 7 છતરની ચોરી કરીને રફુચક્કર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના મંદિરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. આ ચોરીની ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે મંદિરના પૂજારી રાબેતા મુજબ સાંજે માતાજીની આરતી કરવા માટે આવ્યા હતા. તેમણે માતાજીના સિંહાસન પર જોયું તો છતર





ગાયબ હતા, જેથી તેમણે તાત્કાલિક અન્ય લોકોને જાણ કરી હતી. મંદિરના સીસીટીવી ફૂટેજ તપાસતા ચોરીની આખી મોડસ ઓપરેન્ડી સામે આવી છે, જે જોઈને પોલીસ અને સ્થાનિક લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. સીસીટીવીમાં દેખાય છે કે: તસ્કર સામાન્ય ભક્તની જેમ જ મંદિરમાં પ્રવેશે છે જેથી કોઈને શંકા ન જાય. તે માતાજીની મૂર્તિ સામે ઊભો રહીને ખુબ જ આસ્થાપૂર્વક પગે લાગે છે અને ત્યાં અગરબત્તી કરે છે. આસપાસ કોઈ ન હોવાની ખાતરી કરીને તે ગણતરીની સેકન્ડોમાં માતાજીના આશરે 50 ગ્રામ વજનના ચાંદીના 7 છતર સિફતપૂર્વક ચોરી લે છે અને ત્યાંથી ભાગી છૂટે છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, બગદાણાના આ મેલડી માતાજીના મંદિરમાં રોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. ઘટનાના દિવસે બપોરના સમયે જ્યારે મંદિરમાં અવરજવર ઓછી હતી ત્યારે આ ચોરીને અંજામ અપાયો હતો. પૂજારી જ્યારે સાંજે નિયમ મુજબ આરતી અને પૂજા અર્ચના કરવા પહોંચ્યા ત્યારે છતર ગાયબ જોઈ તેમના હોશ ઊડી ગયા હતા. આ મામલે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે કળિયુગી તસ્કરની ઓળખ મેળવવા અને તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# અંકલેશ્વર રાજપીપળા ચોકડી નજીક ફાઈનાન્સ કંપનીના કથિત સીઝરોની દાદાગીરી

## RBIની ગાઈડલાઈનનો છેદ ઉડાડતા અજ્ઞાત સીઝરો સામે કાયદાકીય ગાળિયો મજબૂત કરવા પોલીસ સમક્ષ ઉઠતી માંગ

**ભરૂચ, જાકીર રંગુની,**

ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક હબ એવા અંકલેશ્વરમાં ફાઈનાન્સ કંપનીઓના કથિત સીઝરો દ્વારા કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતી વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં અંકલેશ્વર-રાજપીપળા ચોકડી પાસેથી પસાર થઈ રહેલા એક નિર્દોષ વાહન ચાલકને ટાર્ગેટ બનાવવામાં આવ્યો હતો. ગત તારીખ ૧૫ જૂન ૨૦૨૬ના રોજ ભોગ બનનાર વાહન ચાલક પોતાની ગાડી લઈને રાજપીપળા ચોકડી નજીકથી પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન અજાણ્યા શખ્સોએ રીતસર ફિલ્મી ઢબે તેમની ગાડીનો પીછો કર્યો હતો અને અધવચ્ચે ગાડી રોકાવી દાદાગીરી શરૂ કરી દીધી હતી. આ અજાણ્યા તત્વો વાહન ચાલકને પરાણે



અમરતપરા પાટીયા (ખેતલા આપા) સુધી ખેંચી ગયા હતા, જ્યાં કાયદાની ઐસીતૈસી કરીને સીઝરોના સ્વાંગમાં આવેલા આ શખ્સોએ લૂંટારુ જેવું વર્તન આચર્યું હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. નિયમ અનુસાર જો આ શખ્સો ખરેખર અધિકૃત સીઝરો હોય, તો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની કડક ગાઈડલાઈન મુજબ તેઓએ વાહન ચાલકને સ્થળ પર જ લેખિત નોટિસ આપવી અનિવાર્ય છે, તેમજ તેઓની પાસે કાયદેસરનું આઈડી કાર્ડ (ઓળખપત્ર) અને ડીએનઆર (DNR) સર્ટિફિકેટ હોવું અત્યંત જરૂરી છે. આ ઉપરાંત વાહનની અંદર રહેલી તમામ અંગત અને કિંમતી ચીજવસ્તુઓ નિયમાનુસાર વાહન ચાલકને સુરક્ષિત રીતે પરત સોંપવાની હોય છે, પરંતુ આ પ્રકરણમાં તે તમામ નિયમોનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો છે.

### જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભી ગૌતમના અધ્યક્ષ સ્થાને

# પી.એમ.શ્રી દોલતગંજ કન્યા પ્રાથમિક શાળામાં 'શાળા પ્રવેશોત્સવ' ધામધૂમથી ઉજવવામાં આવ્યો

**દેવગઢ બારીયા, જાબીર શુક્લા**

ગુજરાત રાજ્યભરમાં શિક્ષણનો વ્યાપ વધારવાના ઉમદા હેતુ સાથે યોજાઈ રહેલા 'શાળા પ્રવેશોત્સવ' અંતર્ગત દાહોદ જિલ્લાની પી.એમ.શ્રી દોલતગંજ કન્યા પ્રાથમિક શાળા ખાતે એક જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભી ગૌતમના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે કલેક્ટરશ્રીએ શાળામાં પગ મૂકતા નાના ભૂલકાઓને આવકારી તેમની જીવનની પ્રથમ શિક્ષણયાત્રાનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો.



શાળા પ્રવેશોત્સવ દરમિયાન જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભી ગૌતમે શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે જ શાળાએ આવેલા નવોદિત બાળકોને કુમકુમ તિલક અને મોં મીઠું કરાવીને આવકાર્યા હતા. આ વર્ષે શાળામાં:બાલવાટિકામાં: ૪૦ વિદ્યાર્થી, ધોરણ-૧ માં: ૩૯ વિદ્યાર્થીઓ મળીને કુલ ૭૯ જેટલા બાળકોને ઉત્સાહભેર પ્રવેશ અપાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત બાળકો અને વાલીઓને સંબોધિત કરતા જિલ્લા કલેક્ટરશ્રીએ શિક્ષણનું વાસ્તવિક મહત્ત્વ સમજાવ્યું હતું.

તેમણે વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ કરવા, શિસ્તનું પાલન કરવા અને ઉચ્ચ સંસ્કારોના સિંચન સાથે ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સાથે જ તેમણે વાલીઓને પણ અનુરોધ કર્યો હતો કે, બાળકોના સર્વાંગી વિકાસ માટે માત્ર શાળા પૂરતું મર્યાદિત ન રહેતા, વાલીઓએ પણ તેમના શિક્ષણ કાર્યમાં સક્રિય અને સકારાત્મક સહભાગી બનવું અનિવાર્ય છે.

આ મંગલમય પ્રસંગને યાદગાર બનાવવા માટે કલેક્ટરશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, જે દ્વારા બાળકોમાં નાનપણથી જ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

# નવયુગ વિદ્યાલય જંબુસરમાં પ્રાંત અધિકારીની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ યોજયો

**જંબુસર**

નવયુગ વિદ્યાલયમાં જંબુસરના પ્રાંત અધિકારી મતિ સુપ્રિયા બેન ગાંગુલી મેડમના અધ્યક્ષ સ્થાને પ્રવેશોત્સવ યોજયો.

આ પ્રસંગે લાયઝન અધિકારી ડૉ. જયેશભાઈ પઢિયાર,શાળાના ટ્રસ્ટી રણછોડભાઈ પઢીયાર, વાલી મંડળના પ્રમુખ રાહુલભાઈ મોરી વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. જંબુસર તાલુકા પ્રમુખ કિરણબા સંજયસિંહજી યાદવ , ડૉ તુષાર પટેલ સાહેબ,ડોક્ટર દિપક રાઠોડ સાહેબ ,ડોક્ટર સુખ સ્વરૂપ કનોજીયા સાહેબ , ઉમેશભાઈ બ્રહ્મભટ્ટ , હેતલભાઈ પટેલ , વિનોદસિંહ સિંધા ,ધ્વનિ બ્લડ બેન્ક , શાળા મંડળના પ્રમુખ મહેશભાઈ સોલંકી સાહેબ ના સૌજન્યથી જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને યુનિફોર્મ તથા શૈક્ષણિક કીટ તથા મનોજભાઈ પુષ્પકલાલ રાણા તરફથી ધોરણ 10 અને 12 ના તેજસ્વી તારલાઓને ટ્રોફી ની સહાય તથા વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સાલ ઓઢાડી મહેમાન ઓએ સન્માનિત કર્યા.

નવયુગ વિદ્યાલયના ઉચ્ચતર માધ્યમિક શિક્ષક દાનાભાઈ મેરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# થરાદના રામપુરા ગ્રામ પંચાયતના સરપંચ પદભ્રષ્ટ, ડીડીઓનો સપાટો

## ન્યાયના સિદ્ધાંત મુજબ સંબંધિત પક્ષોને પોતાની રજૂઆત કરવાની અને ખુલાસો આપવાની પૂરતી તક પણ આપવામાં આવી હતી, પરંતુ પુરાવાઓ એટલા મજબૂત હતા કે સરપંચનો બચાવ ટકી શક્યો નહીં

**થરાદ, રાજેશભાઈ જોષી**

થરાદ પંથકમાંથી આ સમયના સૌથી મોટા અને સનસનાટીપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. રામપુરા ગ્રામ પંચાયતમાં સત્તાના દુરુપયોગ અને બેદરકારી દાખવનાર સરપંચ સામે આખરે કાયદાનો કોરડો વીંઝાયો છે. જિલ્લા વિકાસ અધિકારી (DDO) એ એક મોટો અને કડક આદેશ જાહેર કરીને રામપુરાના સરપંચને તેમના હોદ્દા પરથી તાત્કાલિક અસરથી દૂર કરી દીધા છે. આ સપાટાથી સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. મળતી વિગતો અનુસાર, રામપુરા ગ્રામ પંચાયતના સરપંચ સામે લાંબા સમયથી ફરજમાં ગંભીર બેદરકારી દાખવવાની અને સરકારી નિયમોના લીરેલીરા ઉડાડવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી હતી. આ મામલે વાવ-થરાદ જિલ્લા પંચાયત એક્શન મોડમાં આવી હતી અને ગુજરાત પંચાયત





ધારાની કલમ-૫૭(૧) હેઠળ કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ મામલો માત્ર કાગળ પર ન રહ્યો, પરંતુ ઉચ્ચ અધિકારીઓની ટીમ દ્વારા રામપુરા ખાતે રૂબરૂ સ્થળ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન સરપંચ દ્વારા કરવામાં આવેલી મનસ્વી કામગીરી અને નિયમોનું ઉલ્લંઘન સ્પષ્ટપણે સપાટી પર આવ્યું હતું. જોકે, ન્યાયના સિદ્ધાંત મુજબ સંબંધિત પક્ષોને પોતાની રજૂઆત કરવાની અને ખુલાસો આપવાની પૂરતી તક પણ આપવામાં આવી હતી, પરંતુ પુરાવાઓ એટલા મજબૂત હતા કે સરપંચનો બચાવ ટકી શક્યો નહીં. સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ, સાક્ષીઓ અને સજ્જડ પુરાવાઓને ધ્યાને રાખીને જિલ્લા વિકાસ અધિકારીએ દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાખ્યું છે. ડીડીઓએ સત્તાવાર હુકમ કરીને સરપંચને પદ પરથી ઘરભેગા કરવાનો આદેશ આપી દીધો છે. જિલ્લા પંચાયત દ્વારા આ આદેશ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે અને આગામી દિવસોમાં નિયમોનુસાર વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું પણ જાણવા મળ્યું છે.



### પોસ્ટના કેપ્શનમાં એક્ટ્રેસે લખ્યું કે,મેરે સ્ટ્રોબેરી બેબી સાથે પ્રેમભર્યા પળ

# અનન્યા ક્યા પંજાબી સિંગર સાથે ડેટ પર? સોશિયલ મીડિયાની કોમેન્ટ પરથી ફેન્સે ક્યાસ લગાવ્યા

મુંબઇ

સેલેબ્સના રિલેશનશિપને લઈને અનેકવાર ચર્ચાઓ થાય છે. કોઈવાર કોઈ સ્પોટ પર જોવા મળે ત્યારે તો કોઈવાર જે તે વ્યક્તિના નામનો ઉલ્લેખ કરી દે ત્યારે. હવે વાત મૂળ એવી છે કે, અનન્યા પાંડેનું નામ એક પંજાબી સેલિબ્રિટી સાથે ચર્ચામાં છે. હકીકત એવી છે કે, આ ચર્ચાની વાતનું ખંડન કરવા માટે ન તો અનન્યાએ સ્પષ્ટતા કરી છે ન તો એ પંજાબી સેલિબ્રિલીટીએ. પંજાબી સિંગર અર્જન ઢિલ્લો અને અનન્યા પાંડે વચ્ચે કંઈક તો ચાલી રહ્યું છે એવું સોશિયલ મીડિયા પર ચર્ચાય છે. બોલિવૂડની બ્યૂટીફૂલ ગર્લ હવે પંજાબી સિંગરને ડેટ કરી રહી હોવાની વાત જોરશોરથી ફેલાઈ રહી છે, જોકે આ વિષય પર હજું સુધી બેમાંથી કોઈ સેલેબ્સે આ વિષય પર પોતાની સ્પષ્ટતા કરી નથી. અર્જન ઢિલ્લોએ અનન્યા પાંડેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીને નોટીસ કરી છે. એક્ટ્રેસની સ્ટોરીને તેણે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી રીપોસ્ટ કરી હતી.આટલી ઘટના સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ચર્ચાય રહ્યુ છે કે, બન્ને વચ્ચે કંઈક તો ચાલી રહ્યું છે. એકબીજાને ડેટ કરી રહ્યા છે. એવું ફેન્સ માની રહ્યા છે. Annie લખીને પંજાબી ગાયકે હાર્ટ વાળું ઈમોજી લગાવી દેતા મીઠડા સંબંધોની વાત વહેતી થઈ ગઈ હતી. અર્જન અનન્યાને પ્રેમથી Annie કહીને બોલાવે છે. આ અંદાજ ફેન્સને પસંદ પડી રહ્યો છે. એમાં પણ હાર્ટવાળું ઈમોજી આપી દેતા સોશિયલ મીડિયા પર રિલેશનશિપ છે કે નહીં એની ચર્ચા શરૂ થઈ ગઈ છે. બન્ને સેલેબ્સનું મૌન અનન્યા તાજેતરમાં ચાંદ મેરા દિલ ફિલ્મમાં એક્ટર લક્ષ્ય સાથે સ્ક્રિન શૅર કરતી જોવા મળી હતી. આ ફિલ્મને દર્શકો તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો છે. એ પહેલા તે કાર્તિક આર્યન સાથે તૂ મેરી મે તેરા ફિલ્મને લઈને ચર્ચામાં હતી.હાલમાં તો અનન્યા અને અર્જનના સંબંધોની ચર્ચા કેન્દ્રમાં છે. હવે આ સંબંધ પાછળનું સત્ય શું છે એ તો આ બન્નેમાંથી એક સેલેબ્સ જ કહી શકે છે. આવનારા દિવસોમાં આ અંગે અવશ્ય સ્પષ્ટતા થઈ જશે. બન્નેમાંથી કોઈ એક વ્યક્તિ સંબંધને લઈને સ્પષ્ટતા કરશે. એવું માનવામાં આવી રહ્યું છે. પંજાબના બરનાલ વિસ્તારમાં રહેતા સિંગર અર્જન એક સારો રાઈટર છે. પંજાબી મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં મગ મૂકતા જ પોતાની ગાયિકીથી સૌના દિલ જીતી લીધા હતા. ગીતકાર તરીકે કામ કરેલું સિંગર તરીકે આવ્યા પહેલા તે ઈન્ડસ્ટ્રીમાં તેણે ગીતકાર તરીકે કામ કર્યુ છે.તેણે ઘણા પંજાબી સુપરહિટ ગીત આપ્યા છે. ઈન્ટરનેટ પર ચર્ચા એ શરૂ થઈ ગઈ છે કે,બંન્ને કોઈ નવા પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે.

**અર્જનના મ્યુઝિક વિડિયોમાં અનન્યા જોવા મળી શકે છે અથવા અનન્યાની કોઈ આવનારી ફિલ્મમાં અર્જનને કોઈ ગીત મળી ગયું છે**

# મોટા કલાકારો પાસેથી ઘણું શીખવા મળ્યું: દિશા

### દિશા પટણીએ તેને શીખવા અને સમજવાની તક ગણાવી, અરશદ વારસીના મતે સેટનું વાતાવરણ એટલું સહજ હતું કે કામનું દબાણ અનુભવાયું જ નહીં



મુંબઇ

'વેલકમ ટુ ધ જંગલ' માં મોટી સ્ટારકાસ્ટ વચ્ચે કામ કરવાનો અનુભવ કલાકારો માટે માત્ર શૂટિંગ પૂરતો સીમિત ન રહ્યો. દિશા પટણીએ તેને શીખવા અને સમજવાની તક ગણાવી, જ્યારે અરશદ વારસીના મતે સેટનું વાતાવરણ એટલું સહજ હતું કે કામનું દબાણ અનુભવાયું જ નહીં. કલાકારોએ જણાવ્યું કે આ ફિલ્મની સૌથી મોટી તાકાત કલાકારો વચ્ચે બનેલો તાલમેલ અને સાથે વિતાવેલો સમય રહ્યો. દિશાએ કહ્યુ શરૂઆતમાં જવાબદારી ચોક્કસ અનુભવાય છે કારણ કે આટલા અનુભવી લોકો સાથે કામ કરી રહ્યા હોઈએ છીએ, પરંતુ અહીંનું વાતાવરણ એવું હતું કે કોઈએ દબાણ અનુભવવા દીધું નહીં. ખુશી એટલા માટે હતી કારણ કે દરરોજ કંઈક નવું શીખવા મળી રહ્યું હતું. આગળ જણાવ્યું સૌથી મોટી વસ્તુ જે મેં શીખી તે એ હતી કે અનુભવ આવ્યા પછી પણ લોકો કામને હળવાશથી લેતા નથી. આટલા વર્ષો કામ કર્યા પછી પણ લોકો તૈયારી અને મહેનત સાથે આવે છે, પરંતુ વાતાવરણ હળવું રાખે છે. આ જ સંતુલન સૌથી જરૂરી લાગ્યું. તેમજ દરેકનો એકબીજા સાથેનો વ્યવહાર. આટલા મોટા કલાકારો હતા પણ કોઈ અંતર અનુભવાયું નહીં. બધા સાથે બેસતા હતા, જમતા હતા અને વાતચીત કરતા હતા. મને લાગે છે કે આ જ બોન્ડિંગ ફિલ્મમાં પણ જોવા મળશે. મને એવું ન લાગ્યું. અહીંનું વાતાવરણ ખૂબ જ સહજ હતું. દરેક જણ એકબીજાને વધુ સારું કરવામાં મદદ કરી રહ્યા હતા, એટલે કોઈ પણ પ્રકારની સ્પર્ધા અનુભવાઈ નહીં. બીજી તરફ જો તમે આખી ટીમને જુઓ તો દરેકનો સેન્સ ઓફ હ્યુમર અદ્ભુત છે. કોઈ એક વ્યક્તિ માહોલ નહોતો બનાવતો, દરેક જણ કંઈક ને કંઈક ઉમેરી રહ્યો હતો. મારા માટે તો આ કામ જેવું લાગ્યું જ નહીં. હું મજાકમાં કહેતો હતો કે હું રજા પર આવ્યો છું. મને શૂટિંગની રાહ નહોતી રહેતી, મને સેટ પર જઈને લોકોને મળવાની રાહ રહેતી હતી. ઓફ કેમેરા પણ એટલી જ મજા ચાલતી હતી.


# અક્ષય કુમારની 'વેલકમ ટુ ધ જંગલ'નું ધમાકેદાર એડવાન્સ બુકિંગ

### આ ફિલ્મ પ્રથમ દિવસે ભારતમાં રૂપિયા 12થી રૂપિયા 15 કરોડની નેટ ઓપનિંગ આસાનીથી કરી શકે છે

મુંબઇ

મુંબઈ: બોલિવુડ સુપરસ્ટાર અક્ષય કુમાર અને 30 થી વધુ દિગ્ગજ કલાકારોની સેના શુક્રવારે મનોરંજનનો મોટો ધમાકો કરવા માટે તૈયાર છે. મોસ્ટ અવેટેડ ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' (Welcome to the Jungle) થિયેટરોમાં દસ્તક આપી રહી છે. ફિલ્મનું એડવાન્સ બુકિંગ ભલે થોડું મોડું એટલે કે બુધવારે સાંજે 07:30 વાગ્યે શરૂ થયું હોય, પરંતુ પ્રથમ 12 કલાકમાં જ તેણે બોક્સ ઓફિસ પર જોરદાર તેજી પકડી લીધી છે. ગુરુવાર સવાર સુધીમાં હજારો ટિકિટો વેચાઈ ગઈ છે અને કરોડોની કમાણી થઈ ચૂકી છે. 12 કલાકમાં જ કમાયા કરોડો રૂપિયા બુધવારે સાંજથી ગુરુવારે સવાર સુધીના પ્રથમ 12 કલાકમાં 'વેલકમ ટુ ધ જંગલ' ના પ્રથમ દિવસ માટે દેશભરમાં 40,112 ટિકિટો પ્રી-બુક થઈ ગઈ છે. હાલમાં આ ફિલ્મ કુલ 6,253 શોઝમાં એડવાન્સ બુકિંગ માટે ઉપલબ્ધ છે. માત્ર ટિકિટના વેચાણથી રૂપિયા 91.78 લાખ નું ગ્રોસ કલેક્શન થયું છે. બ્લોક સીટો સાથે આ આંકડો રૂપિયા 2.77 કરોડ ગ્રોસ પર પહોંચી ગયો છે. દેશના મુખ્ય શહેરોમાં એડવાન્સ બુકિંગનો ક્રેઝ વિગતે વાત કરવામાં આવે તો, અત્યાર સુધી દેશના મેટ્રો સિટીઝમાં અક્ષય કુમારની આ કોમેડી ફિલ્મ માટે જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. શરૂઆતના 12 કલાકમાં, દિલ્હી-એનસીઆર, મુંબઈ, બેંગલુરુ અને હૈદરાબાદમાં 'વેલકમ ટુ ધ જંગલ' માટે સૌથી વધારે કમાણી જોવા મળી રહી છે. જોકે, હાલમાં ઘણા શહેરોમાં શોની સંખ્યા ઘણી ઓછી છે. પરિણામે, અન્ય સિનેમાઘરો અને મલ્ટિપ્લેક્સમાં સ્ક્રીનીંગની સંખ્યા વધવાની સાથે, ટિકિટ વેચાણમાં પણ ગતિ આવવાની અપેક્ષા છે. ઓપનિંગ ડે પર કેટલી કમાણી થઈ શકે? બોક્સ ઓફિસ ટ્રેન્ડ મુજબ, શાહરૂખ કે સલમાનની જેમ અક્ષય કુમારની ફિલ્મોનું એડવાન્સ બુકિંગ ભલે ઓછું હોય, પરંતુ થિયેટરના કાઉન્ટર પરથી કરન્ટ (ઓનસાઈટ) બુકિંગ ઘણું વધારે થાય છે. તાજેતરમાં રિલીઝ થયેલી તેમની ફિલ્મ 'ભૂત બંગલા' મિક્સ રિવ્યૂઝ છતાં દેશમાં 182.34 કરોડ કમાઈને સુપરહિટ રહી હતી. 'વેલકમ ટુ ધ જંગલ' અક્ષયના સૌથી ફેવરિટ ઝોનર (કોમેડી) ની ફિલ્મ હોવાથી અને ફેમિલી ઓડિયન્સમાં ઉત્સુકતા હોવાથી, આ ફિલ્મ પ્રથમ દિવસે ભારતમાં રૂપિયા 12થી રૂપિયા 15 કરોડની નેટ ઓપનિંગ આસાનીથી કરી શકે છે. જો સવારના શોઝમાં પબ્લિક રીવ્યુ પોઝિટિવ આવ્યા, તો પહેલા દિવસનું કલેક્શન રૂપિયા 20 કરોડ સુધી પણ પહોંચી શકે છે.



# એનિવર્સરી સેલિબ્રેશનમાં છવાયા સોનાક્ષી-ઝહીર

### સુંદર બીચ સેટઅપ વચ્ચે કપલ ભોજનનો આનંદ માણતા જોવા મળ્યા. સોનાક્ષી અને ઝહીરનો રોમેન્ટિક દેખાવ તેમની બીજી વર્ષગાંઠ પર પણ પ્રદર્શિત થયો હતો

મુંબઇ

સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલ એક સુંદર યુગલ છે. તેઓ હંમેશા સાથે ખૂબ મસ્તી કરતા જોવા મળે છે. આ દંપતીએ 23 જૂને તેમની બીજી લગ્ન વર્ષગાંઠની ઉજવણી કરી. સોનાક્ષી અને ઝહીરે તેમના ખાસ દિવસની ઉજવણી માટે થાઈલેન્ડના ફુકેટને પસંદ કર્યું. તેમણે ખૂબ જ રોમેન્ટિક ઉજવણી કરી, જેના ફોટા સોનાક્ષીએ તેના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા. સોનાક્ષી અને ઝહીરે ફુકેટના બીચ પર રોમેન્ટિક ડેટનો આનંદ માણ્યો. સુંદર બીચ સેટઅપ વચ્ચે આ કપલ ભોજનનો આનંદ માણતા જોવા મળ્યા. તેઓએ મેચિંગ પોશાક પહેર્યા હતા. સોનાક્ષી અને ઝહીરનો રોમેન્ટિક દેખાવ તેમની બીજી વર્ષગાંઠ પર પણ પ્રદર્શિત થયો હતો. ઝહીર બીચ પર ઘૂંટણિયે પડીને તેની પત્ની સોનાક્ષીના હાથને ચુંબન કરતો જોવા મળ્યો હતો. આ તસવીરો પોસ્ટ કરતી વખતે સોનાક્ષીએ કેપ્શનમાં લખ્યું - "એવું લાગતું હતું કે આકાશ પણ અમારી બીજી વર્ષગાંઠ પર અમારી સાથે ઉજવણી કરી રહ્યું છે". ચાહકો પણ આ કપલની આ તસવીરો પર ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે અને તેમને તેમના લગ્નની વર્ષગાંઠની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.




# '3 ઈડિયટ્સ' ના ચાહકો માટે મોટા સમાચાર: 20 વર્ષ પછીની સ્ટોરી સાથે સિક્વલ લાવવાની રાજકુમાર હિરાનીની તૈયારી

મુંબઇ

આમિર ખાન, આર. માધવન, શરમન જોશી, કરીના કપૂર ખાન અને બોમન ઈરાની જેવા દિગ્ગજ કલાકારોના અભિનયથી સજ્જ ફિલ્મ "3 Idiots" ભારતીય સિનેમાની સૌથી મોટી હિટ ફિલ્મોમાંની એક માનવામાં આવે છે. રાજકુમાર હિરાનીના શાનદાર દિગ્દર્શન હેઠળ બનેલી આ ફિલ્મ લગભગ 17 વર્ષ પહેલા એટલે કે વર્ષ 2009 માં રિલીઝ થઈ હતી, જેને દર્શકો તરફથી અપાર પ્રેમ મળ્યો હતો.

હવે સિનેમાપ્રેમીઓ માટે એક ખૂબ જ રોમાંચક સમાચાર સામે આવ્યા છે કે ડાયરેક્ટર રાજકુમાર હિરાની સત્તાવાર રીતે આ સુપરહિટ ફિલ્મની સિક્વલ બનાવવાની યોજના પર કામ કરી રહ્યા છે. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં તેમણે આ બીજા ભાગની વાર્તા અને તેના પાત્રો વિશે કેટલીક રસપ્રદ વિગતો શેર કરી છે. '3 ઈડિયટ્સ 2' ના પાત્રો અંગે મોટો ખુલાસો મોટા પડદા પર અદભૂત સફળતા મેળવ્યા બાદ, રાજકુમાર હિરાની હવે તેમની આગામી વેબ સિરીઝ "પ્રેમ પેડ્રો" દ્વારા OTT ની દુનિયામાં કદમ મૂકવા જઈ રહ્યા છે. આ સિરીઝથી તેમનો પુત્ર વીર હિરાની એક્ટિંગ ડેબ્યુ કરી રહ્યો છે, જેમાં અરશદ વારસી પણ મુખ્ય ભૂમિકામાં છે. હિરાનીએ સ્પષ્ટ કર્યું કે '3 ઈડિયટ્સ 2'




માં કોઈ નવા ચહેરા નહીં પરંતુ બધા જ જૂના અને લોકપ્રિય પાત્રો જોવા મળશે. તેમણે જણાવ્યું કે, આ વાર્તામાં 20 વર્ષનો સમયગાળો આગળ બતાવવામાં આવશે. પાત્રો હવે કોલેજમાં નહીં હોય, પરંતુ તેઓ પરિપક્વ થઈને નોકરી-ધંધો કરતા હશે, તેમના લગ્ન થઈ ગયા હશે અને બાળકો પણ હશે. તે તમામના જીવનમાં હવે શું નવું ઘટે છે, તે જોવું રસપ્રદ રહેશે. રાજકુમાર હિરાનીએ વધુમાં જણાવ્યું કે તેઓ હાલમાં લેખક અભિજાત જોશી સાથે મુંબઈ બહાર એક શાંત જગ્યાએ ફિલ્મની પ્રારંભિક સ્ક્રિપ્ટ લખવામાં વ્યસ્ત છે. આ વાર્તાનો પ્રારંભિક ડ્રાફ્ટ સુપરસ્ટાર આમિર ખાનને સંભળાવવામાં આવ્યો છે અને તેને તે ખૂબ જ પસંદ પણ આવ્યો છે. આગામી 2 મહિનામાં આ સ્ક્રિપ્ટનું ચિત્ર વધુ સ્પષ્ટ થઈ જશે.


### સા. કોરિયાને 1-0થી હરાવ્યું; મેક્સિકો સતત ત્રીજી જીત સાથે ટોચ પર રહ્યું

# સાઉથ આફ્રિકા પહેલીવાર ફૂટબોલ વર્લ્ડકપના નોકઆઉટમાં પહોંચ્યું

મેક્સિકો સિટી

સાઉથ આફ્રિકાએ ફૂટબોલ વર્લ્ડ કપના નોકઆઉટમાં પ્રવેશ કરી લીધો છે. ટીમે ગુરુવારે ગ્રુપ-Aની મેચમાં સાઉથ કોરિયાને 1-0થી હરાવ્યું. સાઉથ આફ્રિકા પહેલીવાર ફૂટબોલ વર્લ્ડ કપના નોકઆઉટ સ્ટેજમાં પહોંચ્યું છે. મોન્ટેરી સ્ટેડિયમમાં થાપેલો માસેકોએ 63મી મિનિટે ગોલ કર્યો, જે નિર્ણાયક ગોલ સાબિત થયો. મુકાબલાનો પહેલો હાફ ગોલ રહિત રહ્યો. ગ્રુપ-Aની અન્ય એક મેચમાં મેક્સિકોએ ચેક રિપબ્લિકને 3-0થી હરાવીને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધું. સાઉથ આફ્રિકાની આક્રમક શરૂઆત સાઉથ આફ્રિકાએ આક્રમક શરૂઆત કરી. સાઉથ કોરિયાના ડિફેન્ડર લી ગિહ્યુકે મેચની શરૂઆતમાં માસેકોનો એક ઝડપી હુમલો રોકી દીધો. ત્યારબાદ થાલેન્ટે મ્બાથા અને એવિડન્સ મકગોપાના પ્રયાસોને ગોલકીપર કિમ સ્યુંગગ્યુએ નિષ્ફળ બનાવ્યા. કોરિયાએ રણનીતિ બદલી, ફાયદો આફ્રિકાને થયો બીજા હાફમાં સાઉથ કોરિયાના કોચ હાંગ મ્યુંગ-બોએ આક્રમક રણનીતિ અપનાવીને 3 બદલાવ કર્યા. જેમાં સ્ટાર ખેલાડી સોન હ્યુંગ-મિનને પણ મેદાન પર ઉતાર્યો.

કોરિયા સતત દબાણ બનાવી રહ્યું હતું, પરંતુ નિર્ણાયક ક્ષણ દક્ષિણ આફ્રિકાના ભાગે આવી. 63મી મિનિટે તેશપાંગ મોરેમીએ ડાબી ફ્લેન્કથી શાનદાર રન બનાવતા પેનલ્ટી બોક્સના કિનારે પાસ આપ્યો. માસેકોએ બોલને કંટ્રોલ કરીને ડાબા પગથી નજીકની પોસ્ટ તરફ સચોટ શોટ માર્યો, જે ગોલમાં પરિવર્તિત થઈ ગયો. તેશપાંગ મોરેમીએ મેચનો એકમાત્ર ગોલ કર્યો. આફ્રિકન ડિફેન્સને ભેદી શક્યું નહીં કોરિયા ગોલ ખાધા પછી સાઉથ કોરિયાએ બરાબરી માટે ઘણા પ્રયાસો કર્યા, પરંતુ સાઉથ




આફ્રિકાની ડિફેન્સ લાઈનને ભેદી શકી નહીં. આખરે સાઉથ આફ્રિકાએ 1-0થી જીત નોંધાવીને નોકઆઉટ રાઉન્ડમાં સ્થાન નિશ્ચિત કરી લીધું.

યજમાન મેક્સિકોએ ચેક રિપબ્લિક 3-0થી હરાવીને ગ્રુપ-Aમાં 100% જીત સાથે ટોચનું સ્થાન મેળવ્યું. ટીમે પહેલીવાર ગ્રુપ સ્ટેજની ત્રણેય મેચ જીતી છે. ટીમે 1986 અને 2002 વર્લ્ડ કપમાં બે મેચ જીત્યા હતા અને એક ડ્રો રહ્યો હતો. મેક્સિકો સિટી સ્ટેડિયમમાં રમાયેલી મેચના બીજા હાફમાં માટેઓ ચાવેઝ અને જુલિયન ક્વિન્યોનેસ 6 મિનિટની અંદર ગોલ કરીને ટીમને મજબૂત લીડ અપાવી. પછી ઈન્જરી ટાઈમમાં અલ્વારો ફિડાલ્ગોએ ત્રીજો ગોલ કરીને જીત અપાવી. પહેલો વર્લ્ડ કપ રમી રહેલા 22 વર્ષીય માટેઓ ચાવેઝે 55મી મિનિટે ગોલ કરીને મેક્સિકોનું ખાતું ખોલ્યું. પછી જુલિયન ક્વિન્યોનેસ 61મી મિનિટે બીજો ગોલ કરીને સ્કોર 2-0 કર્યો.

## 15 વર્ષનો વૈભવ સૂર્યવંશી ટીમ ઈન્ડિયાના ચેન્જિંગ રૂમનો નહીં કરી શકે ઉપયોગ

મુંબઈ

ભારતીય ક્રિકેટના ઉભરતા સિતારા વૈભવ સૂર્યવંશી પોતાના પહેલા સીનિયર ઈન્ટરનેશનલ ટૂર પહેલા જ ચર્ચામાં છે. જો કે આ વખતે કારણ તેની બેટિંગ નથી, પરંતુ ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન લાગુ થનારો એક ખાસ નિયમ છે. 15 વર્ષના વૈભવને ભારતના ઈંગ્લેન્ડ પ્રવાસમાં પોતાના સાથીઓથી અલગ ચેન્જિંગ રૂમનો ઉપયોગ કરવો પડશે. ICCના બાળ સુરક્ષા પ્રોટોકોલ લાગુ આ વ્યવસ્થા ICCના સેફગાર્ડિંગ (બાળ સુરક્ષા) નિયમો હેઠળ કરવામાં આવી રહી છે. ICC અને ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB)ના નિયમો અનુસાર 16 વર્ષથી ઓછી ઉંમરના ખેલાડી પુખ્ત વયના ખેલાડીઓ સાથે એક જ ચેન્જિંગ રૂમનો ઉપયોગ કરી શકતા નથી. ECBએ આ વ્યવસ્થાની પુષ્ટિ કરતા કહ્યું કે ઈંગ્લેન્ડમાં યોજાનારી આ સિરીઝ ICCના અધિકાર ક્ષેત્રમાં આવે છે, તેથી તેના સેફગાર્ડિંગ પ્રોટોકોલ લાગુ થશે. ECBએ જણાવ્યું કે ICCના નિયમોની સાથે-સાથે બોર્ડની 'સેફ હેન્ડ્સ' પોલિસી પણ સમગ્ર ટૂર દરમિયાન પ્રભાવી રહેશે. વૈભવના માતા-પિતા પણ સાથે રહેશે વૈભવની ઉંમરને જોતા વધારાની સુરક્ષા અને દેખભાળની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તેમના માતા-પિતા સમગ્ર પ્રવાસ દરમિયાન તેમની સાથે રહેશે અને એ જ હોટલમાં રોકાશે, જ્યાં ભારતીય ટીમ રોકાશે. સામાન્ય પરિસ્થિતિઓમાં આવું થતું નથી, પરંતુ વૈભવની ઉંમરને જોતા વિશેષ પરવાનગી આપવામાં આવી છે. ECBનું માનવું છે કે પરિવારની હાજરી યુવા ખેલાડીને જરૂરી સહયોગ અને દેખભાળ પૂરી પાડશે.

### વૈભવ તોડશે સચિન તેંડુલકરનો 37 વર્ષ જૂનો રેકોર્ડ

## ટીમ ઈન્ડિયાની વિરુદ્ધમાં આયરલેન્ડ તરફથી ડેબ્યૂ કરશે રાજસ્થાની બોલર

મુંબઈ

ભારત અને આયરલેન્ડ વચ્ચે આજથી ટી20 સિરિઝની શરૂઆત થવાની છે. બંને દેશો વચ્ચે કુલ બે ટી20 મેચ રમાવાની છે, ત્યારે સૌથી રસપ્રદ વાત એ છે કે, આ સિરિઝમાં ટીમ ઈન્ડિયાના વિસ્ફોટ બેટર વૈભવ સૂર્યવંશી ડેબ્યૂ કરીને મોટો ઈતિહાસ રચી શકે છે. આ ઉપરાંત આયરલેન્ડ તરફથી રાજસ્થાનના ઝડપી બોલર જય મૂંદડા પણ આજની મેચથી ડેબ્યૂ કરી શકે છે. ટીમમાં ભાઈની પસંદગીથી પરિવાર ખુશ જય મૂંદડાની આયરલેન્ડની ટીમમાં પસંદગી થયા બાદ તેની બહેને મીડિયા સાથે વાત કરતી વખતે કહ્યું કે, 'મને બહુ ખુશી થાય છે કે, ભાઈની ટીમમાં પસંદગી



થઈ છે. મારો ભાઈ નાનપણથી ક્રિકેટ મેચ રમી રહ્યો છે. તે શાળામાં મેચ રમતો હતો, ત્યારબાદ તે એકેડેમીમાં જોડાયો હતો. મેં ભાઈ સાથે વાત કરી, ત્યારે ટીમમાં સ્થાન મળતાં તે ખૂબ ખુશ છે અને અમારો પરિવાર પણ ખૂબ ખુશ છે. મને આશા છે કે, મારો ભાઈ સારુ પ્રદર્શન કરશે.' જય મૂંદડા રાજસ્થાનનો રહેવાસી જમણેરી ઝડપી બોલર જય મૂંદડા રાજસ્થાન ટોંકનો રહેવાસી છે. તે ભણતર માટે આયરલેન્ડ ગયો હતો. ત્યાં જવા છતાં તેણે ક્રિકેટર બનવાનું સ્વપ્ન છોડ્યું ન હતું અને ક્રિકેટ રમવાનું ચાલુ રાખ્યું હતું.

તેણે પહેલા આયરલેન્ડની નાગરિકતા મેળવી અને પછી ઑલરાઉન્ડર તરીકે ટીમમાં સ્થાન મેળવ્યું. વૈભવ તોડશે સચિન તેંડુલકરનો 37 વર્ષ જૂનો રેકોર્ડ વૈભવ સૂર્યવંશીની વાત કરીએ તો તેણે શ્રીલંકામાં એ-ટીમ ટ્રાઈ-સીરિઝ ODI ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું. જેમાં તેણે માત્ર 29 બોલમાં 10 ચોગ્ગા અને 8 છગ્ગા સાથે 94 રન બનાવ્યા હતા.

## વુમન્સ T20 વર્લ્ડકપ- ઈંગ્લેન્ડ સેમિફાઇનલમાં પહોંચનારી પહેલી ટીમ

### વેસ્ટ ઇન્ડીઝને 38 રનથી હરાવ્યું, કેપ્ટન હેલી મેથ્યુઝની વિકેટ પર વિવાદ

લંડન

ઈંગ્લેન્ડ વુમન્સ T20 વર્લ્ડ કપ 2026ની સેમિફાઈનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બની ગઈ છે. તેણે બુધવારે મોડી રાત્રે વેસ્ટ ઈન્ડીઝને 38 રનથી હરાવ્યું. મેચમાં વિન્ડીઝની કેપ્ટન હેલી મેથ્યુઝના કેચ આઉટ પર વિવાદ થયો.

ધ લોર્ડ્સ સ્ટેડિયમમાં વિન્ડીઝે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી. ઈંગ્લેન્ડે પહેલા બેટિંગ કરતા 186 રન બનાવ્યા. 187 રનનો ટાર્ગેટ ચેઝ કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડીઝ 20 ઓવરમાં 5 વિકેટે 148 રન જ બનાવી શકી. ફિફ્ટી ફટકારનાર ડેની વ્યાટ-હોજ પ્લેયર ઓફ ધ મેચ રહી.

વ્યાટ-હોજની ફિફ્ટી, નાઈટ સાથે ઈનિંગ્સ સંભાળી ઈંગ્લેન્ડની શરૂઆત ખરાબ રહી. એમી જોન્સ 1 અને સોફિયા ડંકલી 11 રન બનાવીને આઉટ થઈ. આ પછી ડેની વ્યાટ-હોજે એલિસ કેપ્સી (26) સાથે ઈંગ્લિશ ઈનિંગ્સને સંભાળી.




બંનેએ ત્રીજી વિકેટ માટે 65 રન જોડ્યા. વ્યાટ-હોજે 42 બોલમાં 65 રન બનાવ્યા. હોજ પછી કેપ્ટન હીથર નાઈટે 43 રન બનાવીને ટીમને 7 વિકેટે 186 રન સુધી પહોંચાડી. આ ઈનિંગ્સ સાથે વ્યાટ-હોજ ટુર્નામેન્ટની ટોપ સ્કોરર બની ગઈ છે. હેનરીની ફિફ્ટી, છતાં વેસ્ટ ઈન્ડીઝ હારી 187 રનના ટાર્ગેટને ચેઝ કરતા વેસ્ટ ઈન્ડીઝની શરૂઆત સારી રહી ન હતી. ડિયેન્ડ્રા ડોટિને ઝડપથી રન બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ચાર્લી ડીને તેમને મોટા શોટના પ્રયાસમાં કેચ આઉટ કરાવ્યા. આ પછી ડીન અને સોફી એક્લેસ્ટોને નિયમિત અંતરે વિકેટ લઈને વેસ્ટ ઈન્ડીઝ પર દબાણ જાળવી રાખ્યું. જોકે, ચિનેલ હેનરી અને જહઝારા ક્લેક્સટને પાંચમી વિકેટ માટે 63 રન જોડીને ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો. હેનરીએ અણનમ 51 રન બનાવ્યા, પરંતુ વેસ્ટ ઈન્ડીઝ 20 ઓવરમાં 5 વિકેટે 148 રન જ બનાવી શકી અને 38 રનથી હારી ગઈ. રિવ્યુથી બદલાયો ફિલ્ડ અમ્પાયરનો નિર્ણય વિન્ડીઝની ઈનિંગ્સની ચોથી ઓવરમાં હેલી મેથ્યુઝે લિન્સે સ્મિથના બોલ પર કટ શૉટ રમવાનો પ્રયાસ કર્યો. બોલ વિકેટકીપર એમી જોન્સના ગ્લોવ્ઝમાં ગયો. ઈંગ્લિશ ખેલાડીઓએ કોટ બિહાઈન્ડની અપીલ કરી, પરંતુ ઓન-ફિલ્ડ અમ્પાયર એન જનાનીએ તેને નોટઆઉટ જાહેર કરી. ઈંગ્લેન્ડની કેપ્ટન ચાર્લી ડીને DRS લીધો. થર્ડ અમ્પાયર નિમાલી પરેરાએ રીપ્લેમાં જોયું કે બોલ બેટની ખૂબ નજીકથી પસાર થયો, પરંતુ બેટ અને બોલ વચ્ચે કોઈ સંપર્ક થયો ન હતો. જોકે, અલ્ટ્રાએજમાં અવાજનો સંકેત મળ્યો. પરેરાએ આ ગેપ સ્વીકાર્યો, પરંતુ અલ્ટ્રાએજના આધારે ઓન-ફીલ્ડ અમ્પાયરનો નિર્ણય પલટી નાખ્યો. મેથ્યુઝ 14 રન બનાવીને આઉટ થઈ. મેથ્યુઝે મેચ પછી કહ્યું, 'કટ શોટ રમતી વખતે મને એક અવાજ સંભળાયો હતો, પરંતુ મને લાગ્યું કે તે બેટના હેન્ડલનો કે કોઈ બીજી વસ્તુનો હતો. મેં તે જ સમયે ઓન-ફીલ્ડ અમ્પાયરને કહી દીધું હતું કે બોલ બેટથી ઘણો દૂર હતો.' મેથ્યુઝે કહ્યું કે રીપ્લેમાં બેટ અને બોલ વચ્ચે સ્પષ્ટ ગેપ દેખાઈ રહ્યો હતો.



### મેકિન્ઝીના રિપોર્ટમાં દાવો, મોટાભાગના દેશો રિઝર્વ ભરવામાં વ્યસ્ત

# હવાઈ મુસાફરી 25% સુધી મોંઘી થઈ શકે છે

મુંબઈ

આવનારા દિવસોમાં હવાઈ મુસાફરી 25% સુધી મોંઘી થઈ શકે છે. આ દાવો ગ્લોબલ કન્સલ્ટિંગ ફર્મ મેકિન્ઝીએ તેના રિપોર્ટમાં કર્યો છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, વિશ્વભરમાં ચાલી રહેલા ભૌગોલિક રાજકીય તણાવ અને રિફાઈનરી ઉત્પાદનમાં ઘટાડાને કારણે જેટ ફ્યુઅલનો પુરવઠો પ્રભાવિત થયો છે, જેનાથી એરલાઈન્સ કંપનીઓની કિંમત વધી ગઈ છે. કંપનીઓ પર વધેલા આ જ આર્થિક બોજની સીધી અસર હવે સામાન્ય મુસાફરોની ખિસ્સા પર પડી શકે છે. જણાવી દઈએ કે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ હવાઈ ટિકિટની કિંમતનો લગભગ 30% હિસ્સો માત્ર ફ્યુઅલ કોસ્ટની કિંમતનો હોય છે. ક્રેક સ્પ્રેડ $20 થી વધીને $50 પ્રતિ બેરલ થવાની આશંકા ક્રૂડ ઓઈલ અને તેમાંથી રિફાઈન થતા ફ્યુઅલ પ્રોડક્ટ્સની કિંમતોના તફાવતને 'ક્રેક સ્પ્રેડ' કહેવાય





છે. સામાન્ય રીતે જેટ ફ્યુઅલનો ક્રેક સ્પ્રેડ સામાન્ય રીતે $20 પ્રતિ બેરલ અથવા તેનાથી ઓછો રહે છે. મેકિન્ઝીના રિપોર્ટ અનુસાર, વર્ષ 2026માં તે વધીને સરેરાશ $50 પ્રતિ બેરલથી વધુ થવાનો અંદાજ છે. આ વધારો એરલાઈન્સ કંપનીઓ માટે મોટા માથાનો દુખાવો બનવાનો છે. ખાડી અને એશિયન દેશોમાં રિફાઈનરી ઉત્પાદન ઘટ્યું જેટ ફ્યુઅલની કિંમતોમાં તેજીનું મુખ્ય કારણ ક્રૂડ ઓઈલના ભાવમાં ઉતાર-ચઢાવ છે. બીજી તરફ, ખાડી ક્ષેત્ર અને મુખ્ય એશિયન દેશોમાંથી થતા ફ્યુઅલ એક્સપોર્ટમાં ઘટાડો આવ્યો છે. આ બંને ક્ષેત્રો મળીને દુનિયાનું લગભગ 40% જેટ ફ્યુઅલ સપ્લાય કરે છે. ભૌગોલિક રાજકીય તણાવ પછી ભારત, ચીન અને દક્ષિણ કોરિયા જેવા દેશોએ તેમના ઈંધણ નિકાસ પર આંશિક રોક લગાવી દીધી છે, જેનાથી ગ્લોબલ માર્કેટમાં સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે. રિફાઈનરીઓ પાસે ઉત્પાદન વધારવાની ક્ષમતા નથી રિપોર્ટ અનુસાર, સંકટ શરૂ થાય તે પહેલાં જ વિશ્વભરની ઘણી મુખ્ય રિફાઈનરીઓ તેમની સંપૂર્ણ ક્ષમતા પર કામ કરી રહી હતી. આવી સ્થિતિમાં, હવે તેમની પાસે ઉત્પાદન વધુ વધારવા માટે જગ્યા બચી નથી. હાલમાં બજારમાં ઈંધણની અછતને પહોંચી વળવા માટે જૂના સ્ટોકનો મોટા પાયે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જણાવી દઈએ કે ઓઈલ કંપનીઓએ તાજેતરમાં જેટ ફ્યુઅલના ભાવ વધાર્યા હતા. હોર્મુઝ રૂટથી રાહતની અપેક્ષા, પરંતુ ઉતાર-ચઢાવ ચાલુ રહેશે મેકિન્ઝીનું કહેવું છે કે જો હોર્મુઝ રૂટના રસ્તે ટેન્કરોની અવરજવર વધે છે, તો કિંમતોનું તાત્કાલિક દબાણ કંઈક અંશે ઓછું થઈ શકે છે. જોકે, જ્યાં સુધી દેશો પોતાના વ્યૂહાત્મક ઓઈલ ભંડારોને ફરીથી ભરી ન લે અને સપ્લાય ચેઈન સામાન્ય ન થઈ જાય, ત્યાં સુધી જેટ ફ્યુઅલની કિંમતો અને ક્રેક સ્પ્રેડમાં ઉતાર-ચઢાવ ચાલુ રહેવાની આશંકા છે.

### વેસ્ટસાઇડ-જુડિયોની પેરન્ટ કંપનીના દેશભરમાં 1286 સ્ટોર

# નોએલ ટાટા ટ્રેન્ટના ચેરમેન પદેથી રાજીનામું આપશે: 74મી AGMમાં માહિતી આપી...

મુંબઈ

નોએલ ટાટાએ મંગળવારે, એટલે કે 23 જૂને કંપનીની 74મી વાર્ષિક સામાન્ય સભા (AGM) માં શેરધારકોને સંબોધન કરતા કહ્યું, જેમ કે તમે જાણતા હશો, ચેરમેન તરીકે આ મારી છેલ્લી વાર્ષિક સામાન્ય સભા હશે. વેસ્ટસાઈડ અને જુડિયો જેવા મોટા ફેશન બ્રાન્ડ્સનું સંચાલન કરતી ટાટા જૂથની કંપની 'ટ્રેન્ટ'ના ચેરમેન પદેથી નોએલ ટાટાનું હટવું એક મોટો નિર્ણય છે. તેમના નેતૃત્વ હેઠળ કંપની બેંગલુરુના એક સિંગલ સ્ટોરથી વધીને આજે ભારતની અગ્રણી ફેશન અને લાઈફસ્ટાઈલ દિગ્ગજ બની ચૂકી છે. નવેમ્બરમાં 70 વર્ષના થશે નોએલ ટાટા નોએલ ટાટા (69) આ વર્ષે નવેમ્બરમાં 70 વર્ષના થવા જઈ રહ્યા છે. તેઓ ટાટા સન્સના સૌથી મોટા શેરધારક 'ટાટા ટ્રસ્ટ્સ'ના પણ ચેરમેન છે. કંપની એક્ટ 2013ના નિયમો મુજબ, કોઈપણ મેનેજિંગ ડિરેક્ટર અથવા હોલ-ટાઈમ



ડિરેક્ટરને 70 વર્ષ કે તેથી વધુ ઉંમરના થવા પર પદ પર ચાલુ રહેવા અથવા ફરીથી નિયુક્ત થવાની મંજૂરી નથી. જોકે, શેરહોલ્ડર્સની મંજૂરીથી સ્પેશિયલ રિઝોલ્યુશન પાસ કરીને અથવા કેન્દ્ર સરકારની મંજુરીથી જ આ નિયમમાં અપવાદ તરીકે કોઈ છૂટ મળી શકે છે. શેરહોલ્ડર્સ અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો ટાટાએ વર્ષોથી મળી રહેલા સહયોગ માટે શેરહોલ્ડર્સ, કર્મચારીઓ અને પાર્ટનર્સનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે હું આટલા વર્ષોમાં મળેલા વિશ્વાસ, ભરોસા અને સહયોગ માટે મારા તમામ શેરહોલ્ડર્સ, સાથીઓ અને પાર્ટનર્સનો હૃદયપૂર્વક આભાર માનવા માંગુ છું. નાણાકીય વર્ષ 2026માં 20,074 કરોડની આવક રહી નોએલ ટાટાની ચેરમેનશીપ હેઠળ ટ્રેન્ટે ભારતીય બજારમાં પોતાની મજબૂત પકડ બનાવી છે. કંપનીએ નાણાકીય વર્ષ 2026 (FY26) માં 79 નવા શહેરોમાં એન્ટ્રી કરી અને 289 નવા સ્ટોર્સ ઉમેર્યા. આ સાથે, કંપનીના કુલ સ્ટોર્સની સંખ્યા વધીને 321 શહેરોમાં 1,286 થઈ ગઈ, જે 12 કરોડથી વધુ ગ્રાહકોને સેવાઓ પૂરી પાડી રહ્યા છે. કન્સોલિડેટેડ ધોરણે, કંપનીની કુલ આવક 20,074 કરોડ રહી અને ટેક્સ પહેલાનો નફો 2,259 કરોડ નોંધાયો.

### PM મોદી સાથે બેઠક બાદ CEOની જાહેરાત

# ભારતમાં 48 અબજ ડોલરનું રોકાણ કરશે એમેઝોન

### એમેઝોને ભારતમાં આગામી પાંચ વર્ષમાં $48 બિલિયનનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. CEO એન્ડી જેસીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત બાદ આ નિર્ણય લીધો

મુંબઈ

વિશ્વની સૌથી દિગ્ગજ ઈ-કૉમર્સ અને આઈટી કંપની એમેઝોને આજે (25 જૂન) ભારતમાં પાંચ વર્ષમાં અબજો ડૉલરનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. એમેઝોનના ચીફ એક્ઝીક્યુટિવ ઓફિસર એન્ડી જેસીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કર્યા બાદ ભારતમાં 2026થી 2030 વચ્ચે 48 અબજ ડૉલરનું રોકાણ કરવાનો નિર્ણય લીધોછે. એન્ડી જેસીએ કહ્યું કે, અમે 2010થી અત્યાર સુધીમાં ભારતમાં 40 અબજ ડૉલરનું રોકાણ કર્યું છે. અમે ગત વર્ષના અંતે જાહેરાત કરી હતી કે, 2026થી 2030 વચ્ચે ભારતમાં 35 અબજ ડૉલરનું રોકાણ કરીશું. હવે અમે આ રકમમાં વધારો કરીએ છીએ. અમે હવે પાંચ વર્ષમાં 48 અબજ ડૉલરનું રોકાણ કરીશું. એમેઝોન 3 મહત્ત્વના સેક્ટરોમાં કરશે રોકાણ એમેઝોનનો ભારતમાં રોકાણ કરવાના નિર્ણયથી ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થામાં વધતી માંગ પુરી થશે. આ જાહેરાત બાદ દેશમાં 2010થી 2030 સુધીમાં એમેઝોન દ્વારા કુલ રોકાણ કરવાની પ્રતિબદ્ધતા 88 અબજ ડૉલર સુધી પહોંચી જશે. કંપની ઈ-કોમર્સ નેટવર્ક, કોમર્શિયલ ઓપરેશનલ, ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આ રોકાણ કરશે. એમેઝોનના CEOએ PM મોદીની કરી પ્રશંસા એમેઝોનના સીઈઓએ વડાપ્રધાન મોદીના છેલ્લા 12 વર્ષના કાર્યકાળની સફળતાની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે, ભારત વિશ્વના દરેક સેક્ટર અને દરેક બાબતોમાં મહત્ત્વનો દેશ બની ગયો છે. દેશને તમામ પાસાઓમાં શ્રેષ્ઠ બનાવવાના વડાપ્રધાન પાસે અનેક વિચારો છે.



વિશ્વની સૌથી દિગ્ગજ ઈ-કૉમર્સ અને આઈટી કંપની એમેઝોને આજે (25 જૂન) ભારતમાં પાંચ વર્ષમાં અબજો ડૉલરનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. એમેઝોનના ચીફ એક્ઝીક્યુટિવ ઓફિસર એન્ડી જેસીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કર્યા બાદ ભારતમાં 2026થી 2030 વચ્ચે 48 અબજ ડૉલરનું રોકાણ કરવાનો નિર્ણય લીધોછે. એન્ડી જેસીએ કહ્યું કે, અમે 2010થી અત્યાર સુધીમાં ભારતમાં 40 અબજ ડૉલરનું રોકાણ કર્યું છે. અમે ગત વર્ષના અંતે જાહેરાત કરી હતી કે, 2026થી 2030 વચ્ચે ભારતમાં 35 અબજ ડૉલરનું રોકાણ કરીશું. હવે અમે આ રકમમાં વધારો કરીએ છીએ. અમે હવે પાંચ વર્ષમાં 48 અબજ ડૉલરનું રોકાણ કરીશું. એમેઝોન 3 મહત્ત્વના સેક્ટરોમાં કરશે રોકાણ એમેઝોનનો ભારતમાં રોકાણ કરવાના નિર્ણયથી ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થામાં વધતી માંગ પુરી થશે. આ જાહેરાત બાદ દેશમાં 2010થી 2030 સુધીમાં એમેઝોન દ્વારા કુલ રોકાણ કરવાની પ્રતિબદ્ધતા 88 અબજ ડૉલર સુધી પહોંચી જશે. કંપની ઈ-કોમર્સ નેટવર્ક, કોમર્શિયલ ઓપરેશનલ, ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આ રોકાણ કરશે. એમેઝોનના CEOએ PM મોદીની કરી પ્રશંસા એમેઝોનના સીઈઓએ વડાપ્રધાન મોદીના છેલ્લા 12 વર્ષના કાર્યકાળની સફળતાની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે, ભારત વિશ્વના દરેક સેક્ટર અને દરેક બાબતોમાં મહત્ત્વનો દેશ બની ગયો છે. દેશને તમામ પાસાઓમાં શ્રેષ્ઠ બનાવવાના વડાપ્રધાન પાસે અનેક વિચારો છે.

## ચાંદી ત્રણ દિવસમાં ₹22,000 સસ્તી થઈ:પાંચ મહિનામાં 1.70 લાખ રૂપિયા તૂટી

- **3 દિવસમાં સોનું 7500 રૂપિયા તો ચાંદી 11300 રૂપિયા સસ્તી થઇ, વાયદા બજારમાં કડાકાનો દોર**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં 25 જૂને ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 1 કિલો ચાંદી આજે 6,550 રૂપિયા ઘટીને 2.15 લાખ રૂપિયા પર આવી ગઈ છે. ચાંદી 3 દિવસમાં જ 22 હજાર રૂપિયા સસ્તી થઈ ગઈ છે. જ્યારે 10 ગ્રામ 24 કેરેટ સોનું આજે 2,156 રૂપિયા ઘટીને 1.40 લાખ રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા તે 1.42 લાખ પર હતું. સોનાના ભાવ આ મહિને 16 હજાર રૂપિયા અને ચાંદીના 48 હજાર રૂપિયા ઘટ્યા છે. 1 જૂને સોનું 1.56 લાખ/10 ગ્રામ અને ચાંદી 2.63 લાખ/ કિલો હતી. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયા હતા.

ત્યારથી અત્યાર સુધી સોનું 36 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે. જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી. આ ચાંદીના અત્યાર સુધીના સૌથી વધુ ભાવ હતા. ત્યારથી અત્યાર સુધીમાં 147 દિવસમાં ચાંદી 1.70 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે. યુએસ-ઈરાન કરાર: અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર થયા છે. તેના કારણે પશ્ચિમ એશિયામાં યુદ્ધનો ખતરો ઓછો થયો, જેના કારણે રોકાણકારોએ સોના-ચાંદી જેવા 'સુરક્ષિત રોકાણ'માંથી પોતાના પૈસા કાઢવાનું શરૂ કર્યું. યુએસ ફેડરલ રિઝર્વનો અભિગમ: ફેડરલ રિઝર્વે તાજેતરમાં સંકેત આપ્યા છે.

## AMC સામાન્ય સભામાં ભારે હોબાળો

# નવી કમિટીઓમાં સ્થાન ન મળતા કોંગ્રેસના કોર્પોરેટરોનું વોકઆઉટ





### ઉલ્લેખનીય છેકે, અમદાવાદ મનપામાં કમિટીઓની જાહેરાતના આજના દિવસે જ્ઞાતિ અને ઝોનના સમીકરણો સેટ કરવાની ચર્ચાઓ વચ્ચે આ રાજકીય વિવાદ સર્જાયો હતો

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની આજે (25મી જૂન) મળેલી સામાન્ય સભા હોબાળો થયો હતો. મનપાની નવી કમિટીઓના સભ્યોના નામની જાહેરાત થતાંની સાથે જ વિરોધ પક્ષ કોંગ્રેસે મોરચો માંડ્યો હતો. વિવિધ મહત્ત્વની કમિટીઓમાં કોંગ્રેસના કોર્પોરેટરોને સ્થાન ન અપાતા વિપક્ષે ગૃહમાં સત્તાધારી પક્ષ ભાજપ સામે નારેબાજી કરી હતી અને સામાન્ય સભામાંથી વોકઆઉટ કર્યો હતો.

અમદાવાદ મનપાની આજે કમિટીઓની રચના બાદ મળેલી સામાન્ય સભાની બેઠકમાં વિરોધ પક્ષના નેતા નીરવ બક્ષી દ્વારા કમિટીઓમાં વિપક્ષના સભ્યોને સામેલ કરવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. જોકે, તમામ સ્તરેથી નકારાત્મક વલણ મળતા કોંગ્રેસના તમામ કોર્પોરેટરોએ ભાજપ વિરોધી નારા લગાવીને સામાન્ય સભામાંથી વોકઆઉટ કર્યો હતો.

વિરોધ પક્ષના નેતા નીરવ બક્ષીએ શાસક પક્ષ પર આરોપ લગાવતા જણાવ્યું હતું કે, 'આજે ભારતીય



જનતા પાર્ટીએ અમદાવાદ શહેરની જનતા સાથે દ્રોહ કર્યો છે. જ્યારે શાસક પક્ષ પ્રજાના પ્રાણ પ્રશ્નોને ઘોળીને પી જતું હોય અને નાગરિકો હેરાન થતા હોય, ત્યારે વિપક્ષ તરીકે અમે હંમેશા મજબૂત કામગીરી કરીએ છીએ.

પરંતુ, અમદાવાદ શહેરની તમામ 17 મહત્ત્વની કમિટીઓમાં જ્યારે નામ જાહેર કરવામાં આવ્યા, ત્યારે તે બધી જ કમિટીઓમાંથી કોંગ્રેસના નામ કાઢી નાખવામાં આવ્યા છે. વિપક્ષ તરીકે અમને કોઈ જ સ્થાન આપવામાં આવ્યું નથી, જે અત્યંત નિંદનીય બાબત છે.'

કોંગ્રેસના આક્રમક વિરોધ અને વોકઆઉટ પર વળતો પ્રહાર કરતા સત્તા પક્ષ (ભાજપ)ના નેતા જશુ ઠાકોરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'વિપક્ષ માત્ર રાજકીય રોટલા શેકવા માટે ખોટો વિરોધ કરી રહ્યો છે. કોંગ્રેસનું કામ માત્ર અને માત્ર વિરોધ કરવાનું જ રહી ગયું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની કમિટીઓમાં વિરોધ પક્ષ (વિપક્ષ)ને સ્થાન નહીં આપવાનો આ નકારાત્મક ચીલો ભૂતકાળમાં કોંગ્રેસે જ શરૂ કર્યો હતો.'

ઉલ્લેખનીય છેકે, અમદાવાદ મનપામાં કમિટીઓની જાહેરાતના આજના દિવસે જ્ઞાતિ અને ઝોનના સમીકરણો સેટ કરવાની ચર્ચાઓ વચ્ચે આ રાજકીય વિવાદ સર્જાયો હતો.

## ઓનલાઇન શોપિંગના નામે બબાલ : 35 હજારનો સ્માર્ટફોન ઓર્ડર કર્યો ને બોક્સમાંથી નીકળ્યા કપડાં ધોવાના સાબુ

### આ સનસનાટીભર્યા ફ્રોડની ઘટના સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો : યુઝર્સ ઓનલાઇન શોપિંગ સાઇટ્સ અને સાયબર સિક્યોરિટી પર ગંભીર સવાલો ઉઠાવી

**અમદાવાદ**

ડિજિટલ ઈન્ડિયાના આ જમાનામાં જો તમે પણ ઓનલાઈન શોપિંગના શોખીન હોવ, તો આગામી ઓર્ડર કરતા પહેલા આ અહેવાલ જરૂર વાંચી લેજો. સોશિયલ મીડિયા પર હાલમાં એક એવો વીડિયો અને ફોટો ધૂમ મચાવી રહ્યો છે, જે જોઈને ઓનલાઈન શોપિંગ કરનારા ભલભલા ગ્રાહકોના હોશ ઊડી ગયા છે. એક કમનસીબ ગ્રાહકે હજારો રૂપિયા ખર્ચીને નવો નકોર ફોન મંગાવ્યો હતો, પણ તેની સાથે જે રમત થઈ ગઈ તે ખરેખર ચોંકાવનારી છે.

વાયરલ પોસ્ટ અને વીડિયો અનુસાર, આ વ્યક્તિએ એક જાણીતી ઓનલાઈન શોપિંગ સાઈટ પરથી રૂપિયા ૩૫,૦૦૦ નો મોંઘોદાટ



સ્માર્ટફોન ઓર્ડર કર્યો હતો. ગ્રાહક પોતાના નવા આલીશાન ફોનની ડિલિવરીની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો. આખરે ડિલિવરી બોય પાર્સલ લઈને ઘરે પહોંચ્યો અને ગ્રાહકની ખુશીનો પાર ન રહ્યો. જો કે, જેવી તેણે ડિલિવરી બોક્સની સીલ તોડી અને બોક્સ ખોલ્યું, અંદરનું દ્રશ્ય જોઈને તેના પગ નીચેથી જમીન સરકી ગઈ.

## એરપોર્ટ પર બે વિમાન સામસામે આવ્યા : ટક્કર થતા બચી, એર ઇન્ડિયાની ફ્લાઇટે ખોટો વળાંક લીધો હતો

બંને વિમાનો વચ્ચે લગભગ 200 મીટરનું જ અંતર રહી ગયું હતું. બાદમાં એર ઇન્ડિયાના વિમાનને ટૉ કરીને યોગ્ય પાર્કિંગ બે સુધી લઈ જવામાં આવ્યું. આ પછી ઇન્ડિગોનું વિમાન રનવે પર પહોંચ્યું

**અમદાવાદ**

એર ઈન્ડિયા અને ઈન્ડિગોના બે વિમાન એક જ ટેક્સીવે (રનવેનો એક ભાગ) પર સામસામે આવી ગયા. જોકે, બંને વિમાનોને સમયસર રોકી લેવામાં આવ્યા.

સૂત્રો અનુસાર, મુંબઈ જતી ઈન્ડિગોની ફ્લાઈટ ઉડાન ભરવાની તૈયારી કરી રહી હતી. આ દરમિયાન મુંબઈથી અમદાવાદ પહોંચેલી એર ઈન્ડિયાની ફ્લાઈટે પાર્કિંગ બે (Parking Bay) તરફ જતી વખતે ભૂલથી ખોટો વળાંક લીધો અને તે ટેક્સીવે પર પહોંચી ગઈ, જ્યાં ઈન્ડિગોનું વિમાન હાજર હતું. બંને વિમાનો વચ્ચે લગભગ 200 મીટરનું જ અંતર રહી ગયું હતું. બાદમાં એર ઈન્ડિયાના વિમાનને ટૉ કરીને યોગ્ય પાર્કિંગ બે સુધી લઈ જવામાં આવ્યું.




આ પછી ઈન્ડિગોનું વિમાન રનવે પર પહોંચ્યું. એર ઈન્ડિયાએ એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે 24 જૂને મુંબઈથી અમદાવાદ પહોંચેલી ફ્લાઈટ AI-2493 લેન્ડિંગ પછી ટેક્સીંગ દરમિયાન અજાણતા ખોટી દિશામાં વળી ગઈ હતી. એરલાઇને જણાવ્યું હતું કે મુસાફરો અને ક્રૂની સુરક્ષા સાથે કોઈ સમાધાન થયું નથી. બાદમાં વિમાનને ટો કરીને યોગ્ય પાર્કિંગ બે સુધી લઈ જવામાં આવ્યું હતું. ઈન્ડિગોએ જણાવ્યું કે તેની ફ્લાઈટ 6E-5160 અમદાવાદથી મુંબઈ જવા માટે ટેક્સીંગ કરી રહી હતી. ત્યારે બીજી એરલાઈનનું વિમાન ખોટી દિશામાં આવી ગયું. એરલાઈન મુજબ, બંને વિમાનોને સુરક્ષિત અંતરે રોકી દેવામાં આવ્યા. આ પછી એર ઈન્ડિયાના વિમાનને હટાવવામાં આવ્યું અને ઈન્ડિગોની ફ્લાઈટ સુરક્ષિત રીતે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે પહોંચી ગઈ. એર ઈન્ડિયાએ જણાવ્યું કે ઘટનાની જાણકારી વિમાનન નિયમનકારી અધિકારીઓને આપી દેવામાં આવી છે અને મામલાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અમદાવાદ એરપોર્ટ પર જે બે વિમાનોમાં ટક્કર થતા બચી, તે એરબસ A320 કેટેગરીના નેરો-બોડી વિમાન હતા.

## સિનિયર સિટિઝન 'ડિજિટલ અરેસ્ટ' : CBIના અધિકારી બની ઠગો ધમકાવતા હતા

### ઓફિસ મેનેજરની સતર્કતાથી પોલીસે રેસ્ક્યૂ કરી વૃદ્ધને બચાવ્યા

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં ડિજિટલ અરેસ્ટના વધતા બનાવો વચ્ચે સાયબર ક્રાઈમ બ્રાન્ચ અને નવરંગપુરા પોલીસે વધુ એક મહત્વપૂર્ણ રેસ્ક્યૂ ઓપરેશન પાર પાડી સિનિયર સિટિઝનને લાખો રૂપિયાની સાયબર છેતરપિંડીનો ભોગ બનતા બચાવ્યો છે. ઠગોએ પોતાને મુંબઈ પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને સીબીઆઈના ઉચ્ચ અધિકારીઓ તરીકે ઓળખાવી વૃદ્ધને એટલા ભયભીત કરી દીધા હતા કે તેઓ ઓફિસમાંથી કોઈને જાણ કર્યા વગર સીધા ઘરે પહોંચી ગયા હતાં અને કલાકો સુધી વીડિયો કોલ પર ડિજિટલ અરેસ્ટમાં રહ્યા હતા. જોકે સમયસર પોલીસ પહોંચી જતા વૃદ્ધને બચાવ્યા હતા.

મળતી માહિતી મુજબ, થલતેજની વિશાલ શિપિંગ એજન્સીમાં કાર્યરત એક સિનિયર સિટિઝનને 20 જૂનના રોજ સવારે લગભગ 11 વાગ્યે વ્હોટ્સએપ વીડિયો કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતાને મુંબઈ ફોર્ટ પોલીસ સ્ટેશનનો અધિકારી ગણાવી જણાવ્યું કે, તેમના મોબાઈલ નંબર અને આધાર કાર્ડનો ઉપયોગ ગંભીર આર્થિક ગુનામાં થયો છે. ત્યારબાદ કોલ ક્રાઈમ બ્રાન્ચ અને સીબીઆઈના અધિકારીઓને ટ્રાન્સફર કરવાના બહાને અન્ય લોકો સાથે જોડવામાં આવ્યો હતો.

ઠગોએ વૃદ્ધનો આધાર નંબર મેળવી તેમના નામે ખુલેલા કથિત બેંક એકાઉન્ટની વિગતો, ડેબિટ કાર્ડના ફોટા અને નરેશ ગોયલ-જેટ એરવેઝ કૌભાંડ સાથે જોડાયેલા બનાવટી દસ્તાવેજો મોકલ્યા હતા. વૃદ્ધને જણાવાયું હતું કે, તેમના વિરુદ્ધ ગંભીર તપાસ ચાલી રહી છે અને તેમને તાત્કાલિક ડિજિટલ અરેસ્ટ કરવામાં આવે છે.

## સાબરમતી નદીમાં નવા નીર

# વાસણા બેરેજના દરવાજાના રીપેરીંગની કામગીરી પૂર્ણ થતા નદીમાં પાણી છોડાયું

### અગાઉ વાસણા બેરેજના મેન્ટેનન્સ અને રિપેરીંગ કામગીરીના કારણે સાબરમતી નદીને ખાલી કરવામાં આવી હતી

**અમદાવાદ**

અમદાવાદની જીવાદોરી સમાન સાબરમતી નદીમાં લાંબા સમય બાદ ફરી એકવાર નવા નીરના આગમન થયા છે. સાબરમતી નદી પર આવેલા વાસણા બેરેજના નવા ગેટ નાખવાની તેમજ તેના જરૂરી રિપેરીંગની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થતાં જ નર્મદા અને જળ સંપત્તિ વિભાગ દ્વારા સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. આ નવા પાણીના પ્રવાહના કારણે સાબરમતી નદી ફરી એકવાર છલોછલ ભરાઈ ગઈ છે, જેના લીધે સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારનું સૌંદર્ય અદભુત અને મનમોહક બન્યું છે.

આગામી 29 જૂનના રોજ અમદાવાદના ઐતિહાસિક અને પવિત્ર એવા જમાલપુર જગન્નાથ મંદિર દ્વારા ભગવાન જગન્નાથની ભવ્ય 'જળયાત્રા' યોજાવાની છે. પરંપરાગત



ધાર્મિક વિધિ અનુસાર આ જળયાત્રા દરમિયાન સાબરમતી નદીના પવિત્ર તટ પરથી પૂજન-અર્ચન કરીને 108 કળશમાં પાણી ભરીને મંદિરે લાવવામાં આવે છે અને તેના દ્વારા જ ભગવાન જગન્નાથનો ભવ્ય જળાભિષેક કરવામાં આવતો હોય છે. અગાઉ વાસણા બેરેજના મેન્ટેનન્સ અને રિપેરીંગ કામગીરીના કારણે સાબરમતી નદીને ખાલી કરવામાં આવી હતી, જેના લીધે નદી સુકાઈ ગયેલી જોવા મળતી હતી. જોકે, હવે બેરેજની તમામ તકનીકી કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાથી અને આગામી દિવસોમાં પવિત્ર જળયાત્રા યોજાવાની હોવાથી વહીવટી તંત્ર દ્વારા ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જળયાત્રા પૂર્વે જ આખી નદી પાણીથી તરબતર થઈ જતાં જગન્નાથ મંદિરના ભક્તો, સંતો અને અમદાવાદીઓમાં ભારે હર્ષ અને આનંદની લાગણી જોવા મળી રહી છે. નદીમાં પાણીનું સ્તર વધતાં જ રિવરફ્રન્ટ પર સાંજના સમયે ફરવા આવતા સહેલાણીઓ માટે પણ આ નજારો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. તંત્રના જણાવ્યા મુજબ, જળયાત્રા સુખરૂપ અને પરંપરાગત ઉત્સાહ સાથે સંપન્ન થાય તે માટે નદીમાં પાણીનું ચોક્કસ સ્તર સતત જાળવી રાખવામાં આવશે.

## માતાને કહ્યું હું આંટો મારીને આવું છું, ઘરેથી નીકળ્યાના 45 મિનિટમાં દીકરાએ જીવ ગૂમાવ્યો

**અમદાવાદ**

અમદાવાદ શહેરના વધતા અકસ્માત વચ્ચે વધુ અકસ્માતની ઘટના સામે આવી છે. વાડજમાં રહેતો યુવક જમીને માતાને આંટો મારવાનું કહીને ચાલવા નિકળ્યો હતો. યુવક જ્યારે BRTS કોરિડોરમાં રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે AMTS બસે ટક્કર મારતા યુવકનું મોત થયું છે. બી ડિવિઝન ટ્રાફિક પોલીસે AMTS બસના ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વાડજમાં રહેતો 30 વર્ષનો ભાવેશ ધવડ નામનો યુવક બુધવારે રાતે 8 વાગે ઘરે જમીને બહાર નીકળ્યો હતો. ભાવેશે તેની માતા ખીમીબેનને કહ્યું કે હું આંટો મારીને આવું છું. ભાવેશ ગયો તેની 45 મિનિટ બાદ ચાલીમાં રહેતા છોકરાએ ખીમીબેનને કહ્યું કે ભાવેશનો amts બસ સાથે અકસ્માત થયો છે. ખીમીબેન સ્થળ પર પહોંચ્યા ત્યારે ભાવેશને માથા અને શેરીના ભાગે ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોએ જણાવ્યું હતું કે, ભાવેશ રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે રામાપીરના ટેકરા તરફથી એક AMTS બસ આવી રહી હતી જેની ભાવેશને ટક્કર વાગી છે. અકસ્માત થતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. બસનો ડ્રાઈવર પણ સ્થળ પર હાજર હતો. ભાવેશને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન ભાવેશનું મોત થયું હતું.

# YONO Cash અને APK ફાઈલથી લાખોની છેતરપિંડી કરતી ગેંગ ઝડપાઈ

### આ ગેંગનો માસ્ટરમાઈન્ડ નકલી બેંકિંગ અને કસ્ટમર કેર એપ ડેવલપ કરીને અન્ય સાયબર ઠગોને ભાડે આપતો હતો

**અમદાવાદ**

અમદાવાદ સાયબર ક્રાઈમે 18 બેંકોની નકલી APK ફાઈલ બનાવી, SBIના 'YONO Cash'નો દુરુપયોગ કરી લોકોના ખાતા સાફ કરતી જામતારા ગેંગનો પર્દાફાશ કર્યો છે. મુખ્ય સૂત્રધાર પૂર્ણાનંદ તિવારી સહિત 3 આરોપીઓને રેલવે પ્રોટેક્શન ફોર્સની મદદથી ચાલુ ટ્રેનમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. આ ગેંગ માસ્ટરમાઈન્ડ નકલી બેંકિંગ એપ ડેવલપ કરીને ભાડે આપતો હતો. સાબરમતી ગેસના બિલના બહાને 6.68 લાખની છેતરપિંડીથી તપાસ શરૂ થઈ હતી. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે દેશની 18 જેટલી જાણીતી બેંકોની નકલી APK ફાઈલો બનાવીને અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના 'YONO Cash' ફીચરનો દુરુપયોગ કરી લોકોના ખાતા સાફ કરતી જામતારા બેલ્ટની એક અત્યંત હાઈટેક આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગનો માસ્ટરમાઈન્ડ નકલી બેંકિંગ અને કસ્ટમર કેર એપ ડેવલપ કરીને અન્ય સાયબર ઠગોને ભાડે આપતો હતો. આ




ટોળકી લોકોના મોબાઈલ હેક કરી એટીએમ (ATM) કાર્ડ વિના જ સુરત જેવા શહેરોમાંથી રોકડ રકમ ઉપાડી લેતી હતી. સાયબર ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સર્વેલન્સ અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ની મદદથી ચાલુ ટ્રેને મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડી સંગઠિત સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ અંગે સાયબર ક્રાઈમ DCP લવીના સિંહાએ જણાવ્યું કે, 'અમારી પાસે એક ફરિયાદી આવ્યા હતા, જેમને સાબરમતી ગેસ લિમિટેડનું કનેક્શન રદ થવાનો મેસેજ મળ્યો હતો અને પેમેન્ટ માટે એક APK ફાઈલ ડાઉનલોડ કરતા તેમના ખાતામાંથી 6 લાખ 68,000 રૂપિયા ઉપડી ગયા હતા. આ એપીકે ફ્રોડની ફરિયાદ દાખલ કરી અમે તપાસ શરૂ કરી અને અમને ખૂબ મોટી સફળતા મળી છે, કારણ કે અમે ઝારખંડના જામતારા અને ગિરદીહ વિસ્તારના આ ફ્રોડ સાથે જોડાયેલા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI